gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ગઝલ - કાવ્યસૃષ્ટી ભાગ-૪




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

આ સદીની સીદ્ધીરૂપ, ૪૫ લાખ જેટલા શબ્દોના
મહાભારત જેવા શબ્દભંડોળની, ગુજરાતીઓને
‘ગુજરાતીલેક્સિકોન’
મારફત ચીરંજીવ ભેટ અર્પનાર એના રચયીતા અને
‘સન્ડે ઈ.મહેફીલ’ના વરીષ્ઠ સમ્પાદક
હૃદયસ્થ **રતીલાલ ચંદરયા**ને આ ઈ.બુક ભાવાદરપૂર્વક
અર્પણ..



જન્મ : વીજયાદશમી : ૨૪/૧૦/૧૯૨૨ ..
નીર્વાણ : વીજયાદશમી : ૧૩/૧૦/૨૦૧૩
(સ્વર્ગસ્થ પત્નીનું નામ પણ ‘વીજયા’)

# 'સન્ડે ઈ.મહેફીલ'માં

# 'ગઝલ–કાવ્યસૃષ્ટી'-ભાગ-(4)

## ઈ.બુક

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, 2005થી શરુ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ.મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, **સોળ** ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ.પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

## ..વીશેષ આભાર..

શરુઆતમાં આ ગઝલોનું સમ્પાદન પણ અમે જ કરતા હતા; પછી અમારા કવીમીત્ર **શ્રી મનસુખ નારીયા** થોડો સમય અમારી મદદે આવ્યા. ત્યાર પછીથી હજી આજદીન સુધી, જેમની બહુમુલ્ય સેવા અમને મળી રહી છે તેવા, આ બધી ગઝલોની 'સ.મ.'ના અતીથી સમ્પાદક સુરતના યુવા ગઝલકાર **શ્રી ગૌરાંગ ઠાકર**નો અમને લાભ મળ્યો છે તે બદલ અમે

એમના ઋણી છીએ .આ બધી જ ગઝલોનું સસ્નેહ અને ચીવટાઈથી સુરેખ અક્ષરાંકન કરી આપનાર નીવૃત્ત આચાર્ય અને કવી મીત્ર **શ્રી. સુનીલ શાહ**નો તો જેટલો ઉપકાર માનીએ તેટલો કમ છે ..વર્ષોથી ગઝલોનું અક્ષરાંકન કરતાં કરતાં જ ભાઈ સુનીલભાઈ શાહ આજે એક ઉદયમાન ગઝલકાર તરીકે સૌ ગઝલરસીકોનું ધ્યાન આકર્ષી રહ્યા છે તેનો અમે હરખ કરીએ અને ગૌરવ અનુભવીએ છીએ ..આભાર.. આભાર..

..ઉત્તમ–મધુ ગજ્જર..

## : સમ્પાદકો :

**Late** : Ratilal Chandaria,
**Late** Balvant Patel,
Uttam Gajjar, eMail : uttamgajjar@gmail.com
Ashok Karania, eMail : ashok@gujaratilexicon.com
Maitri Shah, eMail : maitri@gujaratilexicon.com
Sunil Shah, email : sunilshah101@gmail.com

Arnion Technologies Pvt Ltd
410-Shiromani Complex,
Above Kandoi Sweet shop,
Opposite Ocean Park Society,
Nehrunagar, Ahmedabad – 380015
Office Phone--079.4890.9758

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે છેક May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ.બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. 25 મે 2008ની ‘155–A’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ ચૌદ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે 155 સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ.બુક ક્રમાંક – 7માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ.બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા

માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટેક્નોલોજીસમાંથી બહેન શ્રુતી પટેલનો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી તે સમયે શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરૂ કરવાનું તે.... છેલ્લો લોટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ.બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

સને ૨૦૧૪થી બહેન શ્રુતી પટેલને સપરીવાર ભોપાલ વસવાનું બન્યું અને તેમણે વીદાય લીધી. ત્યારથી બહેન મૈત્રી શાહ અને ભાઈ દર્શન પટેલ આ બધાં કામ સંભાળે છે..તે બદલ તેમનો ખુબ ખુબ આભાર..

જનહીતનું કોઈ પણ ની:સ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'ગુજરાતી લેક્સિકન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ.બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને પ્રતીતી થઈ રહી છે, તેથી જ આ ઈ.બુક સૌ વાચકોને સપ્રેમ–સાદર ભેટ ધરીએ છીએ..

કદાચ નવાયુગને પીછાણીને જ હૃદયસ્થ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ.શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સિકન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ.બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ.બુક'ને આઈપૅડ–આઈફોન માટે વાચનક્ષમ ઈ.બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ.બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ(shruti.vaso@gmail.com) અને બહેન મૈત્રી શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : 2000ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ.બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

**Late** : Ratilal Chandaria,
**Late** Balvant Patel,
Uttam Gajjar, eMail : uttamgajjar@gmail.com
Ashok Karania, eMail : ashok@gujaratilexicon.com
Maitri Shah, eMail : maitri@gujaratilexicon.com
Sunil Shah, email : sunilshah101@gmail.com

400 જેટલી આવી વાચનસામગ્રીના આવા સોળ ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો :
uttamgajjar@gmail.com

1st April 2019





# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ.મહેફીલ’માં ‘ગઝલ–કાવ્યસૃષ્ટી’-ભાગ-4


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 101-349 | ગઝલ | ઉદયન ઠક્કર | 29-05-2016 | 13 |
| 102-352 | ગઝલ | હેમાંગ જોષી | 10-07-2016 | 22 |
| 103-355 | ગીત | નીનાદ અધ્યારુ | 21-08-2016 | 31 |
| 104-358 | કાવ્ય-ગઝલ | જયશ્રી મર્ચન્ટ | 02-10-2016 | 43 |
| 105-361 | ગઝલ | દેવાંગ નાયક | 13-11-2016 | 51 |
| 106-364 | ગઝલ | બીનીતા પુરોહીત ‘બીન્ની’ | 25-12-2016 | 62 |
| 107-367 | કાવ્યસૃષ્ટી | ગુણવન્ત વૈદ્ય | 05-02-2017 | 72 |
| 108-370 | ગઝલ | બાબુલાલ ચાવડા ‘આતુર’ | 19-03-2017 | 81 |
| 109-373 | ગઝલ | પંકજ મકવાણા | 30-04-2017 | 92 |
| 110-376 | ગઝલ | ગૌરાંગ ઠાકર | 11-06-2017 | 100 |
| 111-379 | ગઝલ | ચેતન જે. શુક્લ ‘ચેનમ’ | 23-07-2017 | 114 |
| 112-382 | ગીત | તેજસ દવે | 03-09-2017 | 123 |
| 113-385 | મુક્તકો | ડૉ. રઈશ મનીઆર | 15-10-2017 | 133 |
| 114-388 | મત્લાવીશેષ | સંકલન : સુનીલ શાહ | 26-11-2017 | 141 |
| 115-391 | ગીત | દેવીકા ધ્રુવ | 07-01-2018 | 148 |
| 116-394 | ગીત | પ્રકાશ પરમાર | 18-02-2018 | 159 |
| 117-397 | ગીત | કૃષ્ણ દવે | 01-04-2018 | 168 |
| 118-400 | કવીતા | સરયુ પરીખ | 13-05-2018 | 180 |

| | | | | |
|---|---|---|---|---|
| 119-403 | ગઝલ | મેહુલ એ. ભટ્ટ | 24-06-2018 | 191 |
| 120-406 | ગઝલ | નીલેશ પટેલ | 05-08-2018 | 200 |


## વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..
આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

101-349 : 29-05-2016

# ગઝલ

– ઉદયન ઠક્કર

અનુક્રમણીકા

.1.

વાતેવાતે શેનું મોડું થાય છે?
ઘાસ, તુર્ત જ દુધ થોડું થાય છે?

મેઘની પાછળ ને પાછળ કુંજડી,
ને મને પણ દોડું-દોડું થાય છે.

થાય સીધાં કામ આ વરસાદમાં?
જો, કીરણ પણ જળમાં ખોડું થાય છે.

શેરને તું શ્લોક માફક બોલ મા!
રેડીયમ કંઈ સુર્ય થોડું થાય છે?

રોકતાં રોકી તો લીધી આ ગઝલ,
ફેફસાંમાં વાવાઝોડું થાય છે.

.2.

રુપ રહેવા દે મ્યાન, આપી દઉં,
ખંડણીમાં ગુમાન આપી દઉં.

ભુલથી પણ એ ભાવ પુછે તો...
આખે આખી દુકાન આપી દઉં.

મોસમે પુછ્યું, આંખ મીચકારી,
'એક ચુંબન શ્રીમાન આપી દઉં?'

પાનખર આવે તો ભલે આવે,
એને પણ માન-પાન આપી દઉં.

કાં તો ભમરાને ગાન ના આપું,
કાં તો કળીઓને કાન આપી દઉં.

બોલ્યા પંડીત પતંગીયું જોઈ,
'ક્યારે પકડું, ને જ્ઞાન આપી દઉં!'

.3.

કમળદળને ભીંજાવીને અમે પણ જોઈ લીધું છે,
કોઈને યાદ આવીને અમે પણ જોઈ લીધું છે.

તમારું મુખ કોઈ કીસ્મતની બાબત હોય એ રીતે,
હથેળીમાં છુપાવીને અમે પણ જોઈ લીધું છે.

કદી વીદ્યુતપ્રવાહોથી રમત સારી નથી હોતી,
જરા નજરો મીલાવીને અમે પણ જોઈ લીધું છે.

કોઈને ક્યારેક્યારે, કોનુંકોનું, આવે છે સપનું,
કદીક એમાં જ આવીને અમે પણ જોઈ લીધું છે.

ઉજાસો ઝળહળાવીને તમે જે માંડ જોયું, એ,
તીમીરને ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

જીવાદોરી હવે તો રાખવી છે સાવ સીધીસટ,
કે વળ પર વળ ચડાવીને અમે પણ જોઈ લીધું છે.

કયા હોઠોએ તૈયારી કરી છે ફુંકને માટે,
એ દીવો ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

અહીં ચારીત્ર્યની છાપેલી કીંમત દોઢ રુપીયો છે,
એ અખબારો મગાવીને અમે પણ જોઈ લીધું છે.

.4.

નાગરી નાતને પાન-સોપારી ને એલચીનાં બીડાં ચાવવા દે,
હાં રે! નરસીંહના પદ તણી ઠેસથી ઝુલતા ઝુલણે ઝુલવા દે.

આપણે તો ભલો એક કેદાર ને આપણો તો ભલો એકતારો,
જુજવા સુરમાં, અવનવા તાલમાં, વીશ્વ બાજી રહ્યું, બાજવા દે.

આંખ મીંચીને ક્હેતાં તો મેં કહી દીધું, સૃષ્ટી સોહામણું સોણલું છે,
પાછલા પ્હોરનાં પોપચાં સુર્યના ટાંકણે-ટાંકણે ખુલવા દે.

વાદળી વાયરામાં વહેતી જતી, વેલી પણ વૃક્ષને વીંટળાતી,
ચાંચમાં ચાંચ પારેવડાં પ્રોવતાં, મોસમોનું કહ્યું માનવા દે.

.5.

પીળચટ્ટો, જ્યાં અડ્યો ભુરાને લીલો થઈ ગયો,
તાપ ને વર્ષામાં વૃક્ષોનો કબીલો થઈ ગયો.

કૈં યુગો સુધી પવન મનમાં જ મુંઝાતો રહ્યો,
પાંદડાએ બોલતાં શીખવ્યું, સુરીલો થઈ ગયો.

પૃથ્વી તો સ્હેજે કુદરડી ફરતી, રમતી નીકળી,
ધીરે ધીરે થઈ ગઈ આદત ને ચીલો થઈ ગયો.

પાણી પ્રગટ્યું, ત્યારે ચાંદો સોળ-સત્તરનો હશે...
જોઈને દર્પણમાં, છોગાળો-છબીલો થઈ ગયો.

માટીનો ઢેખાળો હુશીયારી બહુ કરતો હતો!
પગ તળે રેલો જરા આવ્યો તો ઢીલો થઈ ગયો.

સૌ ગ્રહોને રાતદીવસ જેનું આકર્ષણ હતું,
અંતે જકડી રાખનારો એક ખીલો થઈ ગયો.

.6.

ચીસ પાડી ઉઠવાની એક વેળા હોય છે,
ત્યાં સુધી ઘડીયાળના હોઠો, બીડેલા હોય છે.

એમની ટક-ટક ભલે વેળા-કવેળા હોય છે,
હાથ ઝાલી, સાચવી ટાણું, ઉભેલા હોય છે.

ચાહ સાતે, છાપું સાડા સાત, આઠે ફોન પર,
આઠ પાંચે, અંતરે ઈશ્વર વસેલા હોય છે.

એક દીવસ એમને હળવેકથી હડસેલજો,
સંવતોનાં બારણાં તો અધખુલેલાં હોય છે.

લ્હેરી લાલો હોય તો ખીસ્સામાં રાખીને ફરે,
સૌએ કાંડાં, આમ તો, સોંપી દીધેલાં હોય છે.

.7.

ભીંજાવામાં નડતર જેવું લાગે છે,
શરીર સુધ્ધાં, બખ્તર જેવું લાગે છે.

મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ,
‘ઉઘડી જઈએ : અવસર જેવું લાગે છે...’

મોસમની હીલચાલ જ છે આશાવાદી :
સોળ અચાનક સત્તર જેવું લાગે છે.

ખુલ્લા ડીલે વૃદ્ધ મકાનો ઉભાં છે,
અક્કેકું ટીપું શર જેવું લાગે છે!

.8.

ન કુંપળ, ન કળીઓ, ન કુસુમો, ન ક્યારો,
સુગંધોને હોતો હશે કંઈ કીનારો?

લતાકુંજમાં કેમ ગુંજે સીતારો?
છે ભમરા? કે પાંખાળા સંગીતકારો?

લળીને, ઢળીને ટહુકા કહે છે,
'તમે ક્યાંથી અહીંયાં? પધારો, પધારો!'

આ તોળાવું ઝાકળનું તરણાની ટોચે,
અને મારા મનમાં કોઈના વીચારો...

મને જોઈને ઘાસ હળવેથી બોલ્યું,
'જરા આમ આવો, પગરખાં ઉતારો!'

.9.

એકનું કે શુન્યનું કે આઠડાનું,
ઓલીયાને કામ કેવું આંકડાનું?

આ જગાએ કેમ શીતળ થાય રસ્તો?
રહી ગયું છે ચીહ્ન જુના છાંયડાનું?

પાનખર વીતી છતાં ખરતાં રહે છે,
પાંદડાંને લાગી આવ્યું પાંદડાંનું.

રુપીયાને રાત-દીવસ સાચવે જે,
શું કહીશું એને? પાકીટ ચામડાનું?

રેતી, કપચી, કાચ, ચુનો, ઈંટ, આરસ,
એક દીવસ કામ પડશે લાકડાનું.

ક્યાં કવીતા! ક્યાં ‘મુ જેડો કચ્છી માડુ!’
કોકીલાએ ઘર વસાવ્યું કાગડાનું.

.10.

દૃશ્યથી ધીમા સ્વરોને, લાબું અંતર પાર કરતાં વાર તો લાગે જ ને!
આ ગઝલ વંચાઈ ગઈ; પણ આંસુઓને કાને પડતાં, વાર તો લાગે જ ને!

રીસમાં ભીનાં થઈ બીડાઈ ગયેલાં નેણ એનાં, એમ તો ક્યાંથી ખુલે?
બોજ ઝાકળનો લઈને પાંખડીઓને ઉઘડતાં, વાર તો લાગે જ ને!

પાંખડીઓને વકાસી, સુર્યની સામે કમળ જોયા કરે છે ક્યારનું,
ફેરવી લે મોં તીમીરથી, એને અજવાળું સમજતાં, વાર તો લાગે જ ને!

ઉછળી-ઉછળીને ફોરાં, વારે વારે દઈ ટકોરા, બ્હાર બોલાવી
રહ્યાં,
ડોકીયું કાઢીને કુંપળ એમ કહેતી, હસતાં હસતાં : વાર તો લાગે
જ ને!

હા, એ કહેતા તો હતા કે વાડીનું રખવાળું કરવા ટાંકણે આવી
જઈશ,
એક એક પતંગીયાની પાંખમાં રંગોળી પુરતાં, વાર તો લાગે જ
ને!

.11.

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે?
કુંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે?

તમારે સાંજને સામે કીનારે જાવું હો,
તો વાતચીતની હલ્લેસાં-સભર હોડી છે.

સમસ્ત સૃષ્ટી રજતની બન્યાનો દાવો છે,
હું નથી માનતો; આ ચંદ્ર તો ગપોડી છે!

ગઝલ કે ગીતને એ વારાફરતી પહેરે છે:
કવીની પાસે શું વસ્ત્રોની બે જ જોડી છે?

ઉદયન ઠક્કર

કવી–સમ્પર્ક :

Udayan Thakker,

Laxaminivas, 3rd floor, 22-Kashibai Navrange Marg, Gamdevi, Mumbai-400 007

Phone : R-022-2380 6302/2387 5834

Mobile : 098200 86458

eMail : udayanthakker@hotmail.com

FaceBook : https://www.facebook.com/udayan.thakker.5?fref=ts

@@@@@

102-352 : 10-07-2016

# ગઝલ

– હેમાંગ જોષી

અનુક્રમણીકા

.1.

કોઈ એવો પડાવ આવે છે,
સૌ ઉપર ત્યારે ભાવ આવે છે.

હોય છે તીવ્ર ભાવ એ જ ક્ષણે,
જે ક્ષણે બહુ અભાવ આવે છે.

બોરડી પર તો કેરી ના લાગે!
વારસામાં સ્વભાવ આવે છે.

ઢીલ મુકે છે આ હૃદય સાલું,
ને મગજ પર તણાવ આવે છે.

આપણે માત્ર લાગી રહીએ, બસ,
આપમેળે લગાવ આવે છે.

.2.

ઝાપટું એકાદ આવે તો ઘણું,
એને મારી યાદ આવે તો ઘણું.

મોગરો મનનો ફરી કોળી ઉઠે,
એટલો વરસાદ આવે તો ઘણું.

જાય છે એવો અબોલાનો સમય,
થાય છેઃ ફરીયાદ આવે તો ઘણું.

વાદ છે, વીવાદ છે, વીખવાદ છે,
બે ઘડી સંવાદ આવે તો ઘણું.

ભુલ કરવા હાથ તો પ્રેરાય; પણ,
ભીતરેથી સાદ આવે તો ઘણું.

.3.

છે જ ભીતર, તો પછી ચેતાવને,
પ્રેમનો ગુગળ બધે ફેલાવને!

આંગણે ઉભો રહે, ગમતું નથી,
છે ઘણાંએ દ્વાર, અંદર આવને!

જીતવાનું છે ઘણું બાકી હજી,
માણસાઈની ધજા ફરકાવને!

જીવને સામે કીનારે શીવ રહે;
ત્યાં તમે સેતુ થઈ જોડાવને!

જાતમાં શું કામ અટકે જાતરા?
‘જોષી’ ઝળહળતી ગઝલ પ્રગટાવને!

.4.

હોય છે બસ, કાગળો બે–ચાર ઑફીસ બેગમાં,
તોય લાગે જીવતરનો ભાર ઑફીસ બેગમાં.

ફુલ, પીંછાં, છીપલાં એવું કશુંયે ના મળે,
હોય ચીજો કેટલી ભંગાર ઑફીસ બેગમાં!

થાય છે તાકીદઃ સાંજે ઘેર વહેલા આવજો,
ને પછી લઈ જાઉં છું તકરાર ઑફીસ બેગમાં.

હુંય છું મુસ્તાક એના વાર પર ને ધાર પર,
છે કલમરુપી ખરી તલવાર ઑફીસ બેગમાં!

રોજની આ ખેંચતાણોમાંય ‘જોષી’ જીવશું,
પુસ્તકોનો છે ઘણો આધાર ઑફીસ બેગમાં.

.5.

ફુલથી તો થવાય ગુલદસ્તો,
આપણાથી બનાય ગુલદસ્તો?

ભાવપુર્વક ખરીદી, કર અર્પણ,
આમ ના વેડફાય ગુલદસ્તો.

બીજું કંઈ હોય તો બરાબર; પણ,
મોઢે થોડો મંગાય ગુલદસ્તો!

વાત કરવી નથી જરૂરી કંઈ;
સ્મીત સાથે ધરાય ગુલદસ્તો.

આવું તો માણસો જ વીચારે;
ફુલ કાપો તો થાય ગુલદસ્તો!

હાથમાં શોભતો નથી એવો;
આંખમાં જો છવાય ગુલદસ્તો.

કાપવાની કળા શીખો 'જોષી',
કે બનાવી શકાય ગુલદસ્તો.

.6.

જાદુ કેવો તમે ચલાવો છો!
* ફુલ થઈ ડાળને ઝુકાવો છો!

સૌને પોતાનું સ્વર્ગ લાગે અહીં,
એમ ઘર આપણું સજાવો છો.

જો હું કોઈ વીવાદ છેડું તો,
જીતવા દઈ મને હરાવો છો.

મારું મન જ્યારે માનતું ના હો;
મન તમારું તમે મનાવો છો.

ફક્ત આ હાથ ને કલમ મારાં,
શબ્દ થઈને તમે જ આવો છો.
(* પંક્તી સૌજન્ય: શ્રી ગૌરાંગ ઠાકર)

.7.

શ્યામ ચહેરાનું જ્યાં નુર થઈ વાંસળી,
એ પછી ખુબ મશહુર થઈ વાંસળી.

ફક્ત ટુકડો નહીંતર હતો વાંસનો,
કેટલી તોય ભરપુર થઈ વાંસળી!

ગુંજવા કોઈ વ્યાકુળ બન્યું કે તરત,
ફુંકમાંથી મધુર સુર થઈ વાંસળી.

એક તો છાક વાતાવરણનો હતો,
ને વધારામાં ચકચુર થઈ વાંસળી.

કર્ણમાંથી વહી સુર હૃદયમાં ગયા,
જાણે જમનાજીનું પુર થઈ વાંસળી!

આમ પલટાય છે જીન્દગીનો પવન;

ચક્ર આવ્યું અને દુર થઈ વાંસળી.

.8.

બેઠો છું જીન્દગીની અડધી સદી વટાવી,
ઈશ્વર તમેય બેસો, આસન અહીં જમાવી.

જોવાશે એ, જીવનનો હીસાબ થાશે ત્યારે,
રડમસ પળોને કોણે ને કેટલી હસાવી!

જીવનની મોજ માણી મીત્રો તમારી સાથે,
આવે હવે મરણ તો... કોની આ 'ના...ના' આવી?

મારી નથી; છતાં પણ એવું થયા કરે કે,
હમણાં જ મારામાં આ દુનીયા લઉં સમાવી!

મહેમાનનો ભરોસો ના થાય, 'જોષી' ચાલો,
ભીતર સમું કરીને ઘર રાખીએ સજાવી.

.9.

જરી સાચવી લઉં વેલને, અહીં કંટકોભરી વાડમાં,
મળે ભેજ ક્યાંકથી, તો ફરી કશું થાય ફરતું આ નાડમાં.

આ લીલાશ જોઈ છકી ન જા, ન કુમાશનું અભીમાન કર,
અહીં પારધીપણું જાળવે છે હવા, વસંતની આડમાં.

તમે જે ગણો તે ભલે ગણો, મને પણ હતાં ઘણાં વળગણો,
એ બધાંય પર્ણો ખરી ગયાં, હવે એકલો છું હું ઝાડમાં.

મેં હરાવી છે ઘણી પાનખર; છતાં એ ફડક રહી ઉમ્રભર,
કે આ ગાત્ર સઘળાં થીજી જશે, આ સમયની એક જ ત્રાડમાં.

નથી આમ તો અહીં કોઈ અમર; છતાં એટલી છે મને ખબર,
હું સુકાઈનેય રહી જઈશ આ જનમ–મરણની બે ફાડમાં.

.10.

ઉપ્પરથી જન્મોના ફેરા સરખા લાગે,
અંદરથી સુખદુઃખના ઘેરા સરખા લાગે.

સૌના પગનો થાક અલગ છે, ઓ વણઝારા,
છો ને રણમાં તંબુ ડેરા સરખા લાગે!

કોઈ જાગે ને કોઈ ઉઠી ચાલી નીકળે,
બાકી સૌના રેનબસેરા સરખા લાગે.

છાપામાં લોહી જોયું તો બોલી ઉઠ્યોઃ
યે તો સાલા સબકા–મેરા સરખા લાગે!

કોની પાસ જવા નીકળ્યો'તો યાદ કરું છું;
અહીંયા તો બધ્ધાના ચહેરા સરખા લાગે!

**.11.**

એમને કહો, હવે જવાબ આપે;
નહીં તો પાછું મને ગુલાબ આપે.

હું મને સાવ ભુલવા પર છું,
ને હજી ઓર તું શરાબ આપે!

હોય જો એ અમીર તો પહેલાં;
માના ધાવણનો એ હીસાબ આપે.

કંઈ જ કહેવાય ના ફકીરોનું;
આપે તો ચાંદ આફતાબ આપે!

એ વીણીને તો કંઈ નથી દેતો,
સારા ભેગું જરી ખરાબ આપે.

**.12.**

વાતોય હોય કેવી નીરાળી ગુલાબની!
આજે જ લ્યો, સુગંધ મેં ચાળી ગુલાબની!

ઈંટોની વાડ આપણા ઘર વચમાં હો ભલે;
પણ એને હોવી જોઈએ પાળી ગુલાબની.

કાંટા વગાડતાં રહે ફરજંદ પેટનાં;
પણ માવજત કર્યા કરે માળી ગુલાબની.

આવ્યો બગીચે જઈ, હવે અડવું નથી કશે,
છે આ હથેળી પર હજી તાળી ગુલાબની.

કાંટા નહીં બધાંને ફુલો જ જોઈએ;
પણ દોસ્ત, જીન્દગી તો છે ડાળી ગુલાબની.

હેમાંગ જોષી

કવીના ગઝલસંગ્રહ 'વાતો ગુલાબની' (પ્રકાશન વર્ષ : મે–2016, પૃષ્ઠ : 80, કીમત : 100 રુપીયા, પ્રકાશક: મનીષા જોષી, 33 અજંટાનગર, સીદ્ધનાથનગર રેલવે લાઈન સામે, ભરુચ–392 001)માંથી સાભાર....

કવીસમ્પર્ક :
હેમાંગ જોષી,
33-અજંટાનગર, સીદ્ધનાથનગર રેલવે લાઈન સામે,
ભરુચ–392 001, Mobile : 966 205 7127
eMail : hemangjjoshi@gmail.com

@@@@@

103-355 : 21-08-2016

# ગઝલ

– નીનાદ અધ્યારુ

અનુક્રમણીકા

.1.

ફોનમાં ગુજરાતી વંચાતું નથી,
એને શું કહેવું એ સમજાતું નથી!

આપણે બીજાને બોલી નાખીએ,
આપણાથી એ જ સંભળાતું નથી.

એમ ના પુછો કે શું-શું થાય છે,
એમ તો પુછો કે શું થાતું નથી?

પથ્થરો બોલો તો ઠોકી મારીએ,
આપણાથી ફુલ ફેંકાતું નથી!

જીન્દગીને કેમ જીવવી જોઈએ?
એ પરીક્ષામાં તો પુછાતું નથી!

ગામ આખા કાજ તાળી પાડીએ,
આપણું આણું જ પથરાતું નથી!

આપણું જે ખુબ ગમતું નામ હો,
નામ કમબખ્ત એ જ બોલાતું નથી.

આપણે રુપીયા તો ખર્ચી નાખીએ,
આપણું હોવું જ ખર્ચાતું નથી!

રાખીએ અંતર, બધું એથી થતું,
સ્પર્શવાથી કાંઈ અભડાતું નથી.

થાય તો એ પણ કરી જોતે 'નીનાદ',
પણ ગઝલ સાથે તો પરણાતું નથી!

.2.

જે ધારો એ કરાતું હોય તો?
બધું ગજવે ભરાતું હોય તો?

ગમે એ યાદ હંમેશાં રહે,
ન ગમતું વીસરાતું હોય તો?

ડરે છે માનવીથી માનવી,
પ્રભુથી પણ ડરાતું હોય તો?

ગમે ના જો કશું બાહર કદી,
ભીતરમાં હીજરાતું હોય તો?

આ ગુમડું જેમ ખોતરીએ છીએ,
જીવન પણ ખોતરાતું હોય તો?

જરા શી ફુંક હળવે મારીએ,
ને વાદળ વીખરાતું હોય તો?

સુરજની જેમ પણ ઉગી શકો,
ફુલો માફક ખરાતું હોય તો?

અહીંથી સ્વર્ગની સીડી ચડી,
ને વળતા ઉતરાતું હોય તો?

લઈને રંગ આ ફુલો તણા,
પવનથી ચીતરાતું હોય તો?

જીવ્યાં પહેલાં જીવી શકીએ 'નીનાદ',
મર્યાં પહેલાં મરાતું હોય તો?

.3.

સ્કેચ જ્યારે પણ અરીસો લાગશે,
માણસોયે પણ મશીનો લાગશે.

કેમ સરવાળા કરી શકશો તમે?
થાક જો તમને વદ્દીનો લાગશે!

લોટરી એણે કદી લીધી નથી,
લાગશે ત્યારે જમીનો લાગશે.

ફુલ જેવી હોય જો તારી નજર,
આંખ પણ એની બગીચો લાગશે.

કોક દી’ મારા વગર તો રહી જુઓ,
એક દીવસ પણ મહીનો લાગશે!

જાત શણગારી પ્રીયે! સુઓ નહીં,
ક્યાંક રાણીનો હજીરો લાગશે.

લાગશે ગાલીબ કદી ‘નીનાદ’ તો,
કોઈ વેળા એ ‘કવીડો’ લાગશે!

.4.

તમારી નજરનાં કસુંબામાં રહીએ,
પછી રાતભર શું અજંપામાં રહીએ!

અમસ્તું અમસ્તું અમસ્તામાં રહીએ,
મળે મંઝીલો તોય રસ્તામાં રહીએ!

અમે દુર જઈએ તમારાથી તોયે,
અમે તો તમારા જ નકશામાં રહીએ.

www.gujaratilexicon.com

અમારું જો ચાલે તો સુડો બનીને,
તમે કસ દીધેલા આ કમખામાં રહીએ.

તમે નીકળો તો અટારીમાં ઝુલીએ,
તમે નીકળો તો વરંડામાં રહીએ!

તમે કાયમી એ.સી.માં રહેવાવાળા,
અમે પાંખ ઉપરના આ પંખામાં રહીએ.

હો પડખે તમારા સમું આવું કશ્મીર,
અમે શું લેવા છેક લંકામાં રહીએ?

ગઝલને ધરમ માની લીધા પછી શું?
'નીનાદ' કાશી રહીએ કે મક્કામાં રહીએ!

.5.

મનમાં જ્યારે કળતર થાશે,
ત્યારે સાચું ભણતર થાશે!

હોઠ બોલાવે પણ જાણું છું,
ગાલ તમારા બખ્તર થાશે!

આવો, મારા દીલમાં આવો,
થોડી-ઝાઝી હરફર થાશે!

આછી-આછી યાદ આવે છે,
ઘાટા-ઘાટા અક્ષર થાશે!

માણસ તો માણસ થઈ જાશે,
ઈશ્વર ક્યારે ઈશ્વર થાશે?

ઘર જેવું ક્યાં છે જ અહીં કંઈ!
ઘર વીના શું ઘર-ઘર થાશે?

પ્રેમમાં ન્હોતું જાણ્યું ‘નીનાદ’,
એક અળસીયું અજગર થાશે!

.6.

તારી ગલીમાં એટલે હું આવતો નથી,
ખખડી ગયેલાં દ્વાર હું ખખડાવતો નથી.

સમજી જવું જો હોય તો સમજી જજો તમે,
બીજી વખત હું કોઈને સમજાવતો નથી.

ભુલો તો સૌ કોઈ કરે ને મેંય પણ કરી,
હું ભુલને થુંકી દઉં છું, ચાવતો નથી.

એને વખાણો પણ હકીકત યાદ રાખજો,
ભમરો કદીયે બાગને મહેકાવતો નથી.

ઘસવી પડે છે જાતને બુરા સમયથી રોજ,
સારો સમય કંઈ આપમેળે આવતો નથી.

લાગી રહી છે કેમ આ દુનીયા મને સરસ?
મીત્રો! જરા જુઓ મને કે તાવ તો નથી!

વાતો બીજાની એમ તો હું પણ કરું 'નીનાદ',
પણ વાતને આવી રીતે સળગાવતો નથી.

.7.

અટકીને અટકાવી દીધું,
મેં મનને લટકાવી દીધું!

તુટેલાંને તોડી નાખ્યું,
સાંધેલું સંધાવી દીધું!

એનું દીલ એની ચીઠ્ઠીમાં-
ખાતે મેં ઉધરાવી દીધું!

આંસુ-આંસુ રમતાં-રમતાં,
જળને જળ પધરાવી દીધું.

એની આંખો છે કે બાકસ?
દીલ આખું સળગાવી દીધું!

મારી સાથે નહીં બોલીને,
તેં કેટ્લું સંભળાવી દીધું!

‘નીનાદ’ મારો રામ ઉગાડે,
મેં તો ખેતર વાવી દીધું!

.8.

જાતની ભીતર આંટો મારી,
પાછો આવ્યો લાફો મારી!

એણે દીવસ માંગી લીધા,
મેં કીધું કે રાતો મારી!

એણે લીપ્સ્ટીક લાલ કરી તો,
પાન મેં ખાધું કાથો મારી!

જીવતરનો તું અફ્ફ્રો ના કર,
માંડ જીવું છું સાંધો મારી.

દીલ થઈ જાશે ગાર્ડન..ગાર્ડન,
એક ગઝલ તો વાંચો મારી!

મારા પ્રત્યે પ્રેમ નથી તો,
કેમ કરે છે વાતો મારી?

બોલ, હવે તો રાજી છો ને?
ખેંચી લીધી યાદો મારી!

સંધ્યા એના ગાલે ખીલશે,
નીકળ્યાં છે એ ચાંલ્લો મારી.

સરખાં ભાગ જો કરતા ફાવે,
દીલ લઈ જાજો કાપો મારી.

'નીનાદ' આવું ક્યાંથી લખતા?
લખતા હૈશે ગાંજો મારી.

.9.

અમથી-અમથી ફાળ પડે છે,
વીચારું ત્યાં ડાળ પડે છે!

વીક્રમ જેવું જીવું કીન્તુ,
ખભ્ભે રોજ વેતાળ પડે છે!

આંખો સામે જોયા ના કર,
આંખો બહુ ખર્ચાળ પડે છે!

ત્યાં પણ ઘોડાપુર જોયાં જ્યાં-
પાણી પહેલાં પાળ પડે છે.

એણે ના પાડી તો શું છે?
દીલના ક્યાં દુકાળ પડે છે!

ખોટું બોલો, સરઘસ કાઢે,
સાચું બોલો, ગાળ પડે છે!

પ્રેમ કરો તો જાણો, સાહેબ,
દીલમાં કેવી જાળ પડે છે!

મુઠ્ઠીભર સુખ માંડ છુપાવું,
ત્યાં દુનીયાની લાળ પડે છે.

પ્રેમમાં સૌ કોઈ પડતું કીન્તુ,
સૌ પહેલાં શરમાળ પડે છે!

‘નીનાદ' મારી વ્હાલી જગ્યા :
એની જ્યાં પરસાળ પડે છે!

.10.

ચાંપ દબાવો, પાણી આવે,
ત્યારે ઘરમાં રાણી આવે!

એ રીતે એ આવી ઉભાં,
જેમ જુની ઉઘરાણી આવે!

લાખ હલેસાં સોનાનાં દે,
હોડી અંતે કાણી આવે!

અમને જોઈ લોકો બોલે :
‘ગઝલોનો બંધાણી આવે!’

વાણી જેવું આવે વર્તન,
વર્તન જેવી વાણી આવે.

સુરજ થોડો શેકી લઉં તો-
ઘરમાં થોડી ધાણી આવે.

દીલની ડંકી સીંચો ત્યારે,
આંખોમાં સરવાણી આવે.

ઈચ્છાનું તો એવું છે કે,
બળદે-બળદે ઘાણી આવે!

‘નીનાદ' એમ આવે છે ગઝલો,
દોડીને જેમ ભાણી આવે!

### .11.

નથી તું તો તારી અસર ક્યાંથી લાવું?
તને તો હું, તારા વગર ક્યાંથી લાવું?

એ બારી, ઝરુખો, એ આવન, એ જાવન,
એ તારી ગલી, એ શહર ક્યાંથી લાવું?

એ મહેંદીની ખુશ્બુ, એ હોઠોની લાલી,
એ આંખો, એ કાતીલ નજર ક્યાંથી લાવું?

એ વાતો ને વાતોમાં હસવું ને રડવું,
શરારત, શરમની સફર ક્યાંથી લાવું?

હવાઓય રસ્તો બદલતી રહી છે,
હું લાવું તો તારા ખબર ક્યાંથી લાવું?

'નીનાદ' એના એક જ ઈશારે લખાતી,
ગઝલ ક્યાંથી લાવું? બહર ક્યાંથી લાવું?

નીનાદ અધ્યારુ

સર્જક–સમ્પર્ક :
નીનાદ અધ્યારુ,
એસબીઆઈ લાઈફ, ત્રીજે માળે, વસુંધરા કૉમ્પ્લેક્સ, દક્ષીણામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર– 364 001 ઈ.મેઈલ : ninad_adhyaru@yahoo.com
મોબાઈલ/વૉટ્સએપ : +91 98256 90670
Facebook : https://www.facebook.com/ninad.adhyaru

@@@@@

104-358 : 02-10-2016

# કાવ્ય–ગઝલ

– જયશ્રી મર્ચન્ટ–

અનુક્રમણીકા

.1.

## બસ એક જ કવીતા..!

બસ એક જ કવીતા..!
એક એવી સાંજ હશે, જ્યારે હું લખીશ,
બસ, એક કવીતા, પહેલી અને છેલ્લી..!
બસ, એક જ કવીતા...!
મારા અંતીમ શ્વાસ લેવાય તે પહેલાં,
લખવી છે મારે એક કવીતા...!
..ને, હું જોયા કરું છું શુન્ય નજરે, સંધીકાળના ખુલ્લા રેશમી આકાશમાં...!
આ રમતીયાળ વાદળોની ચાંદીના રંગમાં રંગાઈને લખું હું, કે પછી...
સમી સાંજના આછી આછી ઠંડકની શાલ ઓઢીને, શરમાતી, મલપતી ચાલે,
ગરીમાથી આથમતા આ સોનેરી તડકાને આકંઠ પીને લખું?
આંખો થઈ જાય છે બંધ, અચાનક અને
સોનેરી તડકાને આકંઠ પી ગયેલી,

શાંત, સાવ શાંત, ઝગમગાટ તેજવલયમાં આવરાયેલી હું,
રમતીયાળ વાદળોની ચાંદીના રંગને માથાથી પગ સુધી
ઓઢીને સુતી છું..!
શાંત, સાવ શાંત, કોઈ અધુરપ કે કોઈ પણ કમી અનુભવ્યા
વીના..!
બસ, એક કવીતાની, પહેલી અને છેલ્લી કવીતાની પણ..!

## .2.

## એક ટીપું આંસુનું.....!

આંખથી અનાયાસે ખરી પડેલાં આંસુને
પોતાની ચાંચમાં ઝીલવા,
કોઈક ચાતક ક્યાંક તો ઉભું જ હશે ....!
બસ, એ એક ભ્રમમાં હું તો વહાવતી રહી, આંસુનો
મહાસાગર...!
ને હવે,
જ્યારે ચાતકની પ્યાસ લઈને કોઈ ઉભું છે ત્યારે,
સુકી મરુભુમી અને કોરાધાકોર, વાદળહીન આ આકાશનેય આંટી
દે,
મારી આ હૃદયભુમીને ઈલેક્ટ્રીક ડ્રીલરથી ખોદી કાઢો તોયે,
ટપકશે નહીં એક ટીપું આંસુનું.....!

## .3.

## એકરુપ....!

હું દર્પણની સામે ઉભી રહું છું અને,
અરીસો ખોલવા માંડે છે,
પ્રતીબીંબોના તાકા ને તાકા...!
મને થવું છે એકરુપ કોઈ એક પ્રતીબીંબ સાથે...!
પણ,
અગણીત પ્રતીબીંબોના ઉખેળાતા જતા આ તાકા ને તાકાની
વચ્ચે,
વીસ્મયથી, ઉભી રહીને હું વીચારી રહી છું,
આ બધામાંથી કોની સાથે હું એકરસ થઈને એકરુપ થાઉં....?

## .4.

## સાતમું સ્થાન....!

ઠરી ગયેલા તડકાને અગ્નીની વેદીમાં સ્થાપીને,
ફરેલા સાત ફેરા અને સપ્તપદીને સહારે સહારે,
આપણે તો વીતાવી દીધું
ધોમધખતા સહરા જેવું લગ્નજીવન..!
જન્માક્ષરનાં બાર ખાનાંમાં
પગથીયાંની રમત રમતા ગ્રહો તો
હંમેશાં હાથતાળી દઈને છટકતા રહ્યા છે...!
કદાચ, જળતત્ત્વોના ગ્રહો પણ

આપણા સાતમા, લગ્નજીવનના સ્થાનમાં આવીને
સળગી તો નહીં ઉઠતાં હોયને...!

## .5.

## હવે તો....!

ફોડવું પડશે, બધુંયે તોડવું પડશે હવે તો!
આયનાઘરને જ લ્યો, છોડવું પડશે હવે તો!

ને દીશાઓ બદલવી જો નથી આ હાથમાં તો,
રાહના મુખને જ મારે મોડવું પડશે હવે તો..!

આવનારી ને ગઈ કાલો ફરીયાદો જો બને તો,
આજનું આવરણ મારે ઓઢવું પડશે હવે તો.!

મેં ચહેરા સાથ જોને પ્રતીબીંબો ખોઈ નાખ્યાં!
ખુદ મને મારે, પછી ક્યાં શોધવું પડશે હવે તો!

ક્યાં નસીબોને અહીં આંબી જવુંયે છે સહેલું!
બંધ આંખે પાછળ એની દોડવું પડશે હવે તો!

## .6.

## હથેળીમાં...!

ચીમળાયેલા સમયને પણ વસાવ્યો હથેળીમાં,
ઉકેલવા એની સળ, ઘસું છું રેખાઓ હથેળીમાં!

ખરેલાં પર્ણો પર નીરવ ચાલવાની છે શરત,
તો લો, ચાલો હવે પકડીને પડછાયો હથેળીમાં!

રાહ તારી ચાતકની જેમ આજીવન જોયા કરી!
જો, વસી ગયાં પ્રતીક્ષાનાં પોલાણો હથેળીમાં!

છે આ શંકા કે શ્રદ્ધા, એ કહેવું તો મુશ્કેલ છે!
કહે છે, ઘર કરી ગયાં અહીં, ભાગ્યો હથેળીમાં!

આંસુ બનેલાં સપનાં ઝીલ્યાં શું આ હથેળીમાં!
ને 'ભગ્ન' ગઝલનો જન્મ ઉજવાયો હથેળીમાં!

## .7.
## આવે છે

લઈ પથ્થરો હાથોમાં લોક ભલેને મારવા આવે છે,
જોવું છે, ક્યારે ખુદ ઈશ્વર મને ઉગારવા આવે છે!

દુઃખની અવીરત વર્ષાને આહ, પહાડો જેવડી જીન્દગી,
જોઈએ, ક્યારે કૃષ્ણ આ ગોવર્ધનને ધારવા આવે છે!

ખેલ જ છે અંતે તો ઉધારની આવરદાનો આ જગમાં,
હો જો આયુષ્ય બાકી, તો, તરણુંયે તારવા આવે છે.

ઓઢીને તડકો ઝાકળ પોઢે છે શી શાંતીથી, લે, જોને!
રાત્રીમાં તો ચંદ્રમા શું, ઝાકળને જ રમાડવા આવે છે?

વીખરાયેલા કેશ લઈ ક્ષીતીજોની પાર તાક્યા જ કરું,
જોઈએ, છે કોઈ? જે આ ઝુલ્ફો સંવારવા આવે છે!

'ભગ્ન' દીલથી માગી લે ને, ખુદા દઈ દેશે ગુનાની માફી;
કબર મહીં બીજું કોણ અહીં બોજો વેંઢારવા આવે છે!

## .8.

## દીધું છે...!

ગમતાંને બસ ગમતું દીધું છે,
ક્યાંયે બીજે નમતું દીધું છે?

આ રીસાવું સમજાણું જ નહીં,
મેં તો એક જ કુમતું દીધું છે!

જાન દઈ મારો, છું હું તો ખુશ,
મુજથી જ બધું બનતું દીધું છે.

સાથ નથી એ માનું શી રીતે?
ભાગ્ય તેં અણગમતું દીધું છે.

'ભગ્ન' અર્થ એમાં છે જ ક્યાં?
દીલ તો મેં અમથું દીધું છે!

## .9.

### ઘરના છે....!

એકવાર પણ મળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!
ને ફરી પાછા વળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

આમ તો સપનાં રોજ ઘર જ સમજી આંખોમાં આવે છે!
ને, છતાં એ જ ફળ્યાં નહીં ને કહે પાછા કે ઘરના છે..!

કેટલાં વરસ હજુ વીતશે, વાટ જોતાં આવી રીતે તો?
રાહ જોતાં ટળવળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

રોમરોમે મને ઓળખે છે જ એ દાવાઓ છો કરતાં,
ને છતાં મન જ કળ્યાં નહીં ને કહે પાછા કે ઘરના છે!

ગઝલમાં થોડું જીવી લઉં છું, હવે છે શું બાકી 'ભગ્ન'?
ઘરના જ સંગ ભળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

## .10.

### શબ્દોય રુશવતખોર નીકળ્યા...

કદી આ કોરથી, તો એ કદી પેલે કોર નીકળ્યા,
અવાજોના જ પડછાયા હવે ચારેકોર નીકળ્યાં.

અમારાં આંસુઓ રોકવા શક્ય તો ન બન્યું પણ;
તમારાં નયનો તોય સાવ કોરાં ધાકોર નીકળ્યાં!

બસ થયું ને ન કહ્યું આગળ અમે તો કશું બીજું,
કહેવું શું, બધા શબ્દોય રુશવતખોર નીકળ્યા!

અમે થોડાં જ વાતોમાં અમસ્તાં આવી જતે એની?
ઉલાળા એની આંખોના જ જો મસ્તીખોર નીકળ્યાં!

કરીએ શું હવે જ્યારે શરમ, સપનાં સાવ મુકીને...!
મને છોડીને ખુલ્લેઆમ મારી જ સમોર નીકળ્યાં!

જયશ્રી મર્ચન્ટ
સર્જક–સમ્પર્ક :
730- Saltillo Place, Fremont, California-94536-USA
Phone : 510-209-4920 eMail : jayumerchant@gmail.com
facebook : https://www.facebook.com/jvmerchant?fref=ts

સંકલન : કવીમીત્ર શ્રી સુનીલ શાહ

@@@@@

105-361 : 13-11-2016

## ગઝલ

– દેવાંગ નાયક

અનુક્રમણીકા

.1.

માંગવાની પ્રથમ કળા માંગે,
એ જ લોકો પછી ખુદા માંગે!

જીન્દગીભરનો સાથ ક્યાં મળે છે?
વૃક્ષ પણ પાંદડાં નવાં માંગે!

અટપટી હોય છે પ્રણયની સમજ,
કોઈ દીલ તો કોઈ દુઆ માંગે!

કોણ શું માંગે એ ખબર ના પડે,
કોઈ ક્યાં આવરણ વીના માંગે?

એ જ તો હદ હશે દીવાનગીની,
કોઈ ખુશ્બુ કને હવા માંગે!

રોજ આસ્થા સવાલ તો કરે છે,
રોજ મન્દીર જઈ ક્ષમા માંગે!

www.gujaratilexicon.com

આપવું હોય તારે તો પ્રભુ, આપ,
લોકો તો આવતાં–જતાં માંગે!

.2.

ભટકી ગયેલ રાહનો મુસાફર થવું નથી,
ગદ્દાર થઈ શકું નહીં, કાફર થવું નથી.

મારા જ હાથ–પગની આ ઝુંબેશ તો જુઓ,
ઉછીના શ્વાસે એમણે પગભર થવું નથી!

ઓ જીન્દગી, વીકલ્પ મને એવો આપ કે,
કાદવમાં રહી કમળ બનું, અધ્ધર થવું નથી!

જ્યાં લાગણી પ્રથમ મળે, સમજણ મળે પછી,
એવાં પ્રણયની રાહમાં તત્પર થવું નથી.

આકારમાં મુળે હું નીરાકાર છું અહીં,
ખાબોચીયું થવું નથી, સાગર થવું નથી.

.3.

સ્વર્ગ કે નર્ક જેવું ક્યાંય નથી,
એટલે તો જગતમાં ન્યાય નથી!

આમ ઘેઘુર વૃક્ષ છે ઈશ્વર,
આમ થોડીઘણીય છાંય નથી!

કંઈક માળા હજી અધુરા છે,
આ તણખલાનો કો' ઉપાય નથી!

ભેટવામાં અહમ્ નડે છે દોસ્ત,
ફાંદ કંઈ એમાં અંતરાય નથી!

છે નવી ભાષા ને જગત નવું છે,
તોય માણસ નવાં જરાય નથી!

રોજ ભીતર તનાવ વધતો જાય,
ને 'ઉપરથી' કોઈ સહાય નથી!

.4.

નગરચર્યા કરી હાંફી રહ્યાં છે ગામના રસ્તા,
રઝળપાટો થકી કાળા થયા છે ગામના રસ્તા!

હરાયા ઢોર જેવું શહેર તો ખેતર ચરે છે, ને
નગરની મેશ ઓઢી સુઈ ગયાં છે ગામના રસ્તા!

સદીઓથી ઉપાડી ભાર સૌનો કેવા થાક્યા છે,
છતાંયે ક્યાં કદી પડખું ફર્યાં છે ગામના રસ્તા!

વતનની ધુળને માથે ચઢાવી નીકળી ગ્યા સૌ,
અહીંથી એમ ક્યાં નીકળી શક્યા છે ગામના રસ્તા!

હૃદયથી નીકળી સીધા, હૃદય લગ તો જવાનું છે;
છતાં આ કેવો ચકરાવો ફર્યા છે ગામના રસ્તા!

નહીં મળશે હવે તમને તમારા ગામના રસ્તા,
તમારી ખોજમાં ભટકી રહ્યા છે ગામના રસ્તા.

પ્રથમ તો ઘર, ફળીયું, સીમ ને પાદર ભુલાયાં છે,
પછી સૌની નજરમાંથી ખર્યા છે ગામના રસ્તા!

.5.

હું મંઝીલ છું તોયે સફરમાં રહું છું,
સદા આમ મારી નજરમાં રહું છું.

કદી ખીણ જેવો કદી પ્હાડ લાગું,
લગાતાર આ ચઢઉતરમાં રહું છું!

ખુલાસા હવે પરવડે એમ કયાં છે!
હું શબ્દોની પણ કરકસરમાં રહું છું.

ખબર નહીં, અરીસાની પણ એ અસર હોય!
મળું જેને, એની અસરમાં રહું છું!

ખુદા પુછશે તો કહેવું શું એને?
હવે રોજ એની ફીકરમાં રહું છું!

હવે વીશ્વ નાનું થતું જાય છે, દોસ્ત,
અહીં હુંય જોને કબરમાં રહું છું!

.6.

થોડું થોડુંય ગણગણાયું છે,
આવડ્યું એવું ગીત ગાયું છે.

પાંદ લીલું હતું, સુકાયું છે;
વૃક્ષ લીલાશથી ઉબાયું છે.

હોય ઉત્તર બધાં રહસ્યોના,
આપણાથી જ ક્યાં પુછાયું છે?

એમનાં નામનું હતું આંસુ,
પાંપણોથી કશે મુકાયું છે!

લઈ ઉડે તમને ઘરની એકલતા,
એ ક્ષણે ચકલી પણ જટાયું છે!

ટુકડે ટુકડે મળ્યું જીવન,
જીવતાં જીવતાં જીવાયું છે.

.7.

આંગળીના ટેરવે ઝરતો નથી,
શબ્દ આપોઆપ તો મળતો નથી.

વાત ખોટી હોય તો સાબીત કરો,
સત્ય નોખું હોય તો ડરતો નથી.

ભેજ માંગો તો હવાને નીચવું,
આંખમાં પાણી લઈ ફરતો નથી.

સાવ નોખી ભાતનો માણસ હશે,
જે અહીં તારો બની ખરતો નથી.

વૃક્ષ પોતે ગીત ગાતા શીખશે ,
આ ટહુકો એમ કંઈ મરતો નથી.

.8.

છે ટપાલી આંગણે કાગળ વગર,
કેમ રહેવાશે હવે અટકળ વગર?

એક તો અવતાર ઝરણાનો મળ્યો
ને કહ્યું સૌએ વહો ખળખળ વગર!

દર્દ સૌનું એકસરખું લાગશે,
બસ લખી દો, નામ, હોદ્દો, સ્થળ વગર.

ધાબા ને શમણું ફળ્યું વરસાદનું,
રોજ વરસે છે હવે વાદળ વગર!

આ સફરની વ્યસ્તતા પણ કેવી છે!
જાતને છેલ્લે મળ્યા ને પળ વગર!

સૌ બગીચે ફુલ છે હડતાળ પર,
કેટલીયે રાત ગઈ ઝાકળ વગર!

જે ગયા અંધકારનું તળ શોધવા,
એય પાછા ના ફર્યા ઝળહળ વગર.

જીન્દગીની વાત જ્યાં કરવાની હોય,
તો કહો, શું મોહ-માયા, છળ વગર?

દુર થઈ ગ્યાં ઝુંપડાં અડચણ વીના,
પણ ગરીબી ના હટે ચળવળ વગર!

.9.

હદ અને અનહદની વચ્ચે હોય છે,
આપણું હોવુંય હપ્તે હોય છે.

ઘર પહોંચી રોજ બેચેની રહે,
મન હજી ત્યાં ચાર રસ્તે હોય છે.

ભીડ લોકોની સતત વધતી રહે,
પણ નવો માણસ જવલ્લે હોય છે!

છું વીચારોમાં, વીચારું કંઈ નહીં,
આ વીચારો ગેરવલ્લે હોય છે!

છે ઘણા એવા, કશું પુછાય ના,
કે જવાબો જેના બબ્બે હોય છે.

કેટલાં વર્ષો પછી આવે છે યાદ,
લાગણી થોડી જે ધબ્બે હોય છે!

ક્યારે છોડી જાય છે આ બાળપણ!
એ નીરંતર હર તબક્કે હોય છે.

.10.

મૌન પડઘા અવાજ શોધે છે,
એમ માણસ સમાજ શોધે છે.

માન, એકલતા છે અહમનો રોગ,
ટોળામાં શું ઈલાજ શોધે છે!

આ ગરીબીનું પણ હશે કારણ,
કોણ બંદાનવાજ શોધે છે!

સ્વપ્ન જોવા મને નહીં ફાવે
એ મને કેમ ત્યાં જ શોધે છે?

સાવ ભીતર ઉગી ગયેલું વૃક્ષ,
રોજ પંખીલ સાંજ શોધે છે.

આપણું કામ જાત ભણવાનું,
બીજું શું કામકાજ શોધે છે!

હું હૃદયથી ગઝલ લખું છું, ને
એ ગઝલમાં મીજાજ શોધે છે!

.11.

માન, અપમાન, ઘાવ, બીજું શું!
જાત સાથે લગાવ.. બીજું શું!

દ્રોણ, સંસદ, ગરીબ છે લાચાર,
આ જ તો છે બનાવ.. બીજું શું!

બોલ, ખેડુના મોતનું કારણ?
પેટ ખાલી છે સાવ.. બીજુ શું!

બ્હારનો પણ સવાલ પુછે છે?
તું જ ઉત્તર લખાવ.. બીજું શું!

કોઈ લાગે નવાબ, કોઈ નોકર;
ચીંથરાનો પ્રભાવ... બીજું શું!

એમ મર્દાનગીય છે સ્ત્રીલીંગ,
મુછ કાપી હટાવ.. બીજું શું!

જાત રાખો અહીં સદા હળવી,
આપણી એ જ નાવ.. બીજું શું!

.12.

ના ફળીયું ના અગાશી બોલશે,
સાંજવેળા બસ ઉદાસી બોલશે.

રોજ એકનું એક ભણતી હોય છે,
ભીંત એનું એ જ વાસી બોલશે.

સ્વપ્ન જેવી જીન્દગી પણ વૃદ્ધ થાય,
'હા', દુભાતી કોઈ ખાંસી બોલશે.

'સાવ ખાલી હાથ મેળેથી અવાય?'
કોઈ ગમતીલો પ્રવાસી બોલશે.

ગોખમાં અંધાર વધતો જાય છે,
સંત ભીતરને ચકાસી બોલશે.

બસ, અહીં ઈશ્વર વીશે પુછો નહીં,
કોઈ કાબા, કોઈ કાશી બોલશે.

## દેવાંગ નાયક


સર્જક–સમ્પર્ક :

દેવાંગ નાયક,

2-સાકાર રૉ હાઉસ, હનીપાર્ક એપાર્ટમેન્ટની સામે, શાશ્વત કોમ્પ્લેક્સની બાજુમાં, અડાજણ, સુરત-395009.

eMail : devangnaik1@gmail.com &

devang.naik@licindia.com

Whatsapp \ Mobile +91 9426745774

Facebook http://www.facebook.com/devang.naik1


@@@@@

106-364 : 25-12-2016

# ગઝલ

– બીનીતા પુરોહીત ‘બીન્ની’

અનુક્રમણીકા

.1.

શોધ તું, ખાનાખરાબી ક્યાં નથી?
ક્યાં હતી, નખશીખ નવાબી ક્યાં નથી?

તાપમાં ચીમળાય શા માટે કળી,
સુર્યમુખી આફતાબી ક્યાં નથી?

નામ પુછો તો સુગંધ સામે ધરે,
ફુલ પણ હાજર–જવાબી ક્યાં નથી?

ઉઠ હવે, નીષ્ફળતાને રોયા ના કર,
તારે માટે કામયાબી ક્યાં નથી?

માત્ર ખુશ્બુની કસર બાકી રહે,
આમ રંગત ગુલાબી ક્યાં નથી?

ચંદ્ર કહું, એમાં તને વાંધો છે શું?
તારો ચહેરો માહતાબી ક્યાં નથી?

મયકદામાં કેમ 'બીન્ની' જાઉં હું?
તારી આંખો પણ શરાબી ક્યાં નથી?

.2.

આમ તો છેક લગ નકારી; પણ,
છેવટે વાતને સ્વીકારી પણ.

રાત સ્વપ્નોમાં ગુજરી પણ;
એ જ પીડાને ઈન્તેજારી પણ.

કેવી ખુદ્દાર લાગણી મારી!
થોડી સંજોગવશ બેચારી પણ.

એની સામે તું નીખાલસ રહેજે,
રાખજે થોડી હોશીયારી પણ.

આજ ફુલોને હું મળી તેથી,
ઘેર આવી નજર ઉતારી પણ.

ઈશ્વરે જ્યારે જે રીતે આપી,
જીન્દગી એ રીતે ગુજારી પણ.

તોય 'બીન્ની' ગઝલ નથી ગાંઠતી,
કેટલી વાર મેં મઠારી પણ.

.3.

દીવસ આથમે છે,
અગન ક્યાં શમે છે!

ખરું છે આ ઝાકળ,
બપોરે ઝમે છે!

નજર કેમ તારી,
ગમે ત્યાં ભમે છે?

તે ચુંટી ખણી 'તી,
હજુ ચમચમે છે!

તને ગમતું હોતે,
મને પણ ગમે છે.

વધી આગ દીલની,
બદન તમતમે છે.

હવે મક્તા લાવો,
કલમ પણ થમે છે.

શબદ સાથ 'બીન્ની' ,
રમત શું રમે છે!

.4.

પાંપણો ઉંચકાયને પડદા ખુલે,
ચોતરફથી દીલના દરવાજા ખુલે.

હોઠ પર તાળાં સમજદારીનાં છે,
મારી આંખે મૌનના પડધા ખુલે.

હોય જો પાક્કો ઈરાદો તો પછી,
આંખ સામે ચોતરફ રસ્તા ખુલે.

દીલથી ખખડાવે કોઈ સાંકળ કદી,
તો પછી પ્હેરો ઉઠે, ઝાંપા ખુલે.

શત્રુની ઈમાનદારી જોઈને,
મીત્ર આવે યાદ, જુના ઘા ખુલે.

જીન્દગીનાં અશ્રુભીનાં સ્મીત પર,
હર્ષની મુઠ્ઠીમાંથી ઈર્ષા ખુલે.

આમ દી'ભર, 'બીજ્ઞી' ના આવે કશું,
સાંજ પડતાં યાદના તડકા ખુલે.

.5.

પ્રેમની લગન માટે, વીરહની અગન માટે,
લાગણી જરુરી છે, સાવ કોરા મન માટે.

છે તરસ ચકોરીને, ચાંદના મીલન માટે,
ચાંદ પોતે તરસે છે, સુર્યનાં કીરણ માટે.

નીત્ય કરગરે છે દીલ એમના મીલન માટે,
હોઠ સાથ ક્યાં આપે છે, કદી કથન માટે!

હોઠ ચુપ રહે તો પણ મનના ભેદ ઉઘડે છે,
શબ્દોની કમી ક્યાં છે, બોલકા નયન માટે!

ફુલની આ કોમળતા નહીં તો કોણ જોવાનું?
કાંટા પણ જરુરી છે, કોઈ પણ ચમન માટે.

આભ એકલું રોયું, જ્યારે પણ એ રોયું છે,
ધરતી અશ્રુ સારે છે ક્યાં કદી ગગન માટે!

ઝેર ખુદ બને અહીંયાં ઝેરની દવા, 'બીજ્ઞી',
દર્દની અગન–જ્વાળા, દર્દના શમન માટે .

.6.

ફુલ પણ છું ને હું કળી પણ છું,
પાનખરમાં સતત બળી પણ છું.

ક્યાંક પથ્થર બનીને જીવી છું,
મીણની જેમ ઓગળી પણ છું.

હું પવન છું ને હું જ ચીનગારી,
આગ ચાપું, દીવાસળી પણ છું.

સુર્યની જેમ હું પ્રગટ થઈ છું,
સાંજની જેમ હું ઢળી પણ છું.

એ હજુ પણ અજાણ્યો લાગે મને,
એને બે-ત્રણ વખત મળી પણ છું.

ભીડ મારાથી ક્યાં અજાણી છે!
ભીડની સાથે હું ભળી પણ છું.

મેં જ અંધારાં ઉલેચ્યાં, 'બીન્ની';
દીપની જેમ ઝળહળી પણ છું.

.7.

આપણે બે જણ હતાં ને રાત પુનમની હતી,
ઓસબીંદુ ચાંદની ખેરાત પુનમની હતી.

આપણી પ્હેલા મીલનની રાત પુનમની હતી,
રેશમી અલબેલડી સોગાત પુનમની હતી.

રાતનો ચડતો નશો, એમાં ખુમાર આ આંખનો;
તરબતર આખીએ માઝમ રાત પુનમની હતી.

જે અમાવસના ઈલાકામાં વગોવાઈ ગઈ,
નાત પુનમની હતી, એ જાત પુનમની હતી.

રાતભર ચર્ચા, 'બીનીતા' થતી'તી કોના રુપની?
વાત ચ્હેરાની હતી કે વાત પુનમની હતી!

.8.

બસ, મહોબતમાં બધી હદ હોય છે,
ક્યાં પ્રતીક્ષામાં કદી હદ હોય છે?

હદની મર્યાદાઓ વીશે કહેશો મને?
હદની ક્યાંથી ક્યાં લગી હદ હોય છે?

આયનામાં તું જ દેખાયા કરે,
યાદને તો ક્યાં વળી હદ હોય છે!

આંખની સીમા વીશે પુછીશ મા,
આંખથી તે દીલ સુધી હદ હોય છે.

સામસામે થૈને પણ મળ્યાં નહીં,
કેટલી સંકોચની હદ હોય છે!

જીન્દગીભર અન્યની ઝંખના રહે,
કેવી આ અણછાજતી હદ હોય છે!

કોણે સીમા આપણી નક્કી કરી?
ક્યાં 'બીનીતા', આપણી હદ હોય છે!

.9.

એવું નથી કે ગમ નથી,
એનો હવે માતમ નથી.

એ ના સમજ કંઈ દમ નથી,
તારાથી કઈ હું કમ નથી.

પીડા છે પડછાયા સમી,
પડછાયા કંઈ કાયમ નથી!

દર્પણ ને ત્યાગું એટલી,
ધીરજ નથી; સંયમ નથી.

ફુલો રડ્યાં છે રાતભર,
અશ્રુ છે આ, શબનમ નથી.

ગાલીબના ઘર જેવી દશા,
ચાદર નથી; જાજમ નથી.

લખજે 'બીનીતા', તું ગઝલ
એમાં કશું જોખમ નથી.

.10.

કાંટાઓ સંભાળી ચાલી,
ઠોકર તો ફુલોની વાગી!

સમજણ એની ઝાંખીઝાંખી,
વાતો પણ અધકચરી લાગી.

મારી વાતો સીધી સાદી,
તો પણ તમને ના સમજાતી.

તેં ખોબામાં ઝીલ્યાં ત્યારે,
અશ્રુઓએ ચીસો પાડી.

નીર્ધનના આનંદ અવસરથી,
ધનવાનોમાં ખુન્નસ જાગી.

અંગેઠી ઠારી નાખી 'તી,
તો પણ તું શેનાથી દાઝી?

'બીન્ની', પોચીપોચી ફુક્કો,
ભેગી કરજે બનશે આંધી.

.11.

એક રઝળતી ક્ષણ મને વળગી પડી,
છે ટચુકડી તોય બહુ અઘરી પડી.

બંધ આંખોમાં મેં કર્યું ડોકીયું,
ઉંઘ જે કાચી હતી વણસી પડી.

લાગણીના સુના જંગલમાં જતાં,
પાતળી પગદંડી પર ભુલી પડી.

હું નથી સીતા ને એ રાવણ નથી;
તોય લક્ષ્મણરેખા ઓળંગવી પડી.

પુછ સાગરને કે આ તોફાનમાં,
તારી લહેરોને હવા ઓછી પડી?

લીલ તો પથ્થર ઉપર બાઝી પડે,
રેત પરથી શી રીતે લપસી પડી?

આધે સ્વપ્ને આંખ કાં ઉઘડી ગઈ?
બોલ 'બીન્ની', ઉંઘ ક્યાં કાચી પડી!.

બીનીતા પુરોહીત

સર્જકસમ્પર્ક : Binita Tushar Purohit,
A/701 - Jannu's Apartments, Plot No : 267/268,
Opp : Jyeshthlaya, TPS Road, Borivali (west)
Mumbai – 400091 Mobile : 9821884657
eMail : binipurohit@gmail.com
FaceBook : https://www.facebook.com/binashah73

107-367 : 05-02-2017

# કાવ્યસૃષ્ટી

– ગુણવન્ત વૈદ્ય

અનુક્રમણીકા

.1.

સફળ થવાને ધમાલ જગમાં,
ગજબ સમયના સવાલ જગમાં.

અજીબ તરકટ અગલબગલ છે,
મચાવવાને બવાલ જગમાં.

ગુના વીના દંડ ન્યાય આપે,
અજબગજબ ગોલમાલ જગમાં.

કળી નીરખતાં સમજ વીસરતાં,
ભ્રમર બીચારો હલાલ જગમાં.

ભ્રમર સરીખા મનેખ જગમાં,
કરે ઘણા પાયમાલ જગમાં.

સમજ વીફળને સફળ બનાવે,
ખરી કરે છે કમાલ જગમાં.

.2.

અકારણ છે ભટકનારા, ભટકવા દે,
ઘણા ખરડાય છે વાઘા, ખરડવા દે.

કરીને બંધ આંખો ચાલનારાના,
નસીબે છે રખડવાનું, રખડવા દે.

વીકાસી યાતરા બેઠા ઘણા માની,
બગાડે આજ ને કાલો, બગડવા દે.

સીપાહીને પકડવા ચોર પાછળ છે,
જમાદારી ગજબની છે, પકડવા દે.

કળીના કાળમાં ભોરીંગ કાળા છે,
મળે તો મારજે, અથવા કરડવા દે.

સમયનો આ તકાજો એ નહીં માને,
દબાવી હોઠ કરડે છે; મરડવા દે.

જુની આંખો નવાં નાટક નીહાળે છે,
અનુભવના ખજાના છે, સબડવા દે.

.3.

મુખડું ચાડી કરે છે તાજગી ચાલી ગઈ,
ભાલના ચાંદે ઠરેલી બંદગી ચાલી ગઈ.

વર–વધુ થઈ જે દીલો આનંદથી હીલ્લોળતાં,
એક પળમાં તો બધી આવારગી ચાલી ગઈ!

રંગ મેંદીનો હજી પાકો હથેળી પર હતો,
ક્યાં હવે એની શીકાયત? જીન્દગી ચાલી ગઈ!

જે બની સંગીત કાનોમાં હતી કીલ્લોલતી,
વાત સૌ એના સજનની ખાનગી ચાલી ગઈ.

ધ્વજ ઓઢેલી શહીદીનો ટહુકો ત્યાં થયો,
'હું ગયો'; પણ ના, નથી દીવાનગી ચાલી ગઈ.

પીઠ પાછળ વાર કરનારા હવે બચશે નહીં,
આખરે નાપાકની મરદાનગી ચાલી ગઈ.

.4.

માનવ બનવાને કાજે ભઈ, થા ઉભો તું,
દાનવ હણવાને કાજે ભઈ, થા ઉભો તું.

બેસીને વાતો તો ભૈલા, ખુબ કરી તેં,
કામો કરવાને કાજે ભઈ, થા ઉભો તું.

જોને દાવાનળ સળગે છે ચારેબાજુ,
જળને ધરવાને કાજે ભઈ, થા ઉભો તું.

'આ મારું, આ તારું' એ નાતાઓ તોડ્યા,
'હું'થી લડવાને કાજે ભઈ, થા ઉભો તું.

વાતો કાંડાના કૌવતની તો તેં કીધી,
જંગે ચડવાને કાજે ભઈ, થા ઉભો તું.

જીવનની નૌકાને રાખી સામા પવને,
સાગર તરવાને કાજે ભઈ, થા ઉભો તું.

જીવન છે દેવું ને આવકમાં છે મીંડું,
દેવું ભરવાને કાજે ભઈ, થા ઉભો તું.

.5.

હું ફરેબી જીન્દગી ટાળ્યા કરું,
સાંભળેલી વાતને ગાળ્યા કરું.

વ્હેમનું આ જગ મહીં ઓસડ નથી,
પાઠ શીખેલા બધા પાળ્યા કરું.

લાભ આવે કે પછી હાની ભલે,
ચોતરફ આનંદ નીહાળ્યા કરું.

જે ગરીબીમાં ઘડાતા માનવો,
તે અમીરીને સતત ભાળ્યા કરું.

જે કહે, 'કુટુમ્બ સઘળી છે ધરા',
તેમના સમ્બન્ધ પંપાળ્યા કરું.

રક્તના સમ્બન્ધથી પણ છે વધુ,
એમના પર હેત ઓગાળ્યા કરું.

.6.

સમજદાર થઈને ભણી જો જગતમાં,
ફરી એકડાઓ ગણી જો જગતમાં.

કુટુમ્બે, નીશાળે, ચમકદાર મોતી,
સમાજે રહ્યાં તે વણી જો જગતમાં.

અસલમાં નકલ તો મળે છે નગદમાં,
મફતમાં મળે લાગણી જો જગતમાં.

જડે 'હું'પણું; પણ જડે ક્યાંય ના જે,
હરીની જડે છે કણી જો જગતમાં.

ભણ્યા પાઠ ભુલી જતાં વાર ક્યાં છે?
ઈમારત સમજની ચણી જો જગતમાં.

.7.

વેગથી સરકી રહી છે જીન્દગી,
દુ:ખમાં મલકી રહી છે જીન્દગી.

કોણ ક્યારે ઉઠશે કોને ખબર?
મુછમાં મરકી રહી છે જીન્દગી.

વીત, દારા ને સુરા પામ્યા પછી,
ઘેનમાં છલકી રહી છે જીન્દગી.

ને પળેપળ દોડતી રહીને સદા,
શુન્યમાં ગરકી રહી છે જીન્દગી.

નાનકું; પણ માનવી જીવન ઘડી,
ધ્વજ સમી ફરકી રહી છે જીન્દગી.

**.8.**

રહ્યું જે બંધ પાને વ્યાકરણ, તે વેદ લાગે છે,
અછુતા શેં મરોડો એ કર્યા, તે ભેદ લાગે છે.

કીતાબેથી મરોડો શ્વાસ કાજે તરફડે, જોયું
કરી રુદન કહે છે, ‘આકરી આ કેદ લાગે છે.'

‘લગાગાગા સમજનો ખેલ ડાબા હાથ કેરો છે,'
સમજ એવી કરે એની સમજમાં છેદ લાગે છે.

કડી જડશે સફળતાની, જરી વાંચન કરી તો જો,
રહે જો ધુળ ગ્રંથે તો ખરેખર ખેદ લાગે છે.

મરોડો 'પીંગળીબૃહદ' ઉપાડી ધુળ કાઢું તો,
નીજાનંદી જગત કરવા વહ્યો પ્રસ્વેદ લાગે છે.

.9.

(શીખરીણી)

ધરાના ભુકંપે, રમત રમતાં બાળક મરે,
અમારા હૈયામાં, ચરરર તીરાડો અવતરે.

અને તું બેઠો કાં, સમય બલીહારી નીરખતો,
નવું જીવન દેવા, અવર જન ના'વે ખરખરે.

રડીને થાકીને, તવ ચરણમાં લોક નમતાં,
પીતા, માતા છે તું, જગતજન સાચું કરગરે.

સહારો કોનો છે, લગભગ બધાં એક દુઃખમાં,
વીખેર્યાં કુટુમ્બો, ડર અલગતાનો પણ ખરે.

છતાં આ તે કેવા, જગત પર શ્રાપો વરસતા,
અમારી ભુલોને, રમત સમજી શેં ન વીસરે?

પીતા થૈ સંતાયો, વીહવળ બને ના અગર તું,
જવું કોની પાસે, સમયસર જે સૌ દુ:ખ હરે.

.10.

કામને વાંધા જડે, એવું બને,
સો દલીલો આખડે, એવું બને.

કોઈ રાહુ કે શની નડતા નથી,
જાતના ફાંકા નડે, એવું બને.

દાઝવા પર ડા'મ દેવા રોફમાં,
કોઈ આયોજન ઘડે, એવું બને.

છળકપટ સંસારમાંથી કાઢતાં,
ગણ* પતીઓ પણ પડે, એવું બને.

જે રખોપું છોડનું વાડો કરે,
ચીભડાં ખાવા ચડે, એવું બને.

ટેકરી ચડવા ઈરાદો તું કરે,
ઉંબરો દેખી રડે, એવું બને.

ચાંદ પર પુગી ગયો છે માનવી,
તારલા પણ લડે, એવું બને.

જીતવા નીર્ધાર તારો હો અચલ,
તો જીતે કામો વડે, એવું બને.
(ગણ=સમુહ, ગણપતી=સમુહના પતી = નેતાઓ)

.11.
ફાયદા સાચા જડે, તોયે ઘણું,
માનવી જો ના નડે, તોયે ઘણું.

લોભ લાલચના હીસાબોને ગણી,
દાખલે ખોટે રડે, તોયે ઘણું.

હાથમાં મોતી પકડવા સાગરે,
હાથ બાંધી ના પડે, તોયે ઘણું.

તારલી થાવા ગગન ઉપર ચડી,
રાત સાથે જો લડે, તોયે ઘણું.

નાનકો સુરજ બની અજવાળવા,
આભ ઉંચો જો ચડે, તોયે ઘણું.

નેક ઘડવૈયો બનીને જો ખરો,
માનવી નાનો ઘડે, તોયે ઘણું.

ગુણવંત વૈદ્ય

સર્જકસમ્પર્ક :

Gunvant Vaidya,

42-Lemox Road, Hill Top, West Bromwich, B70 0QT - UK

Telephones : +44 7958736682, +44 1215052835

Whattsapp No : 44 7958736682

eMail : gunvantvaidya@outlook.com

Facebook : https://www.facebook.com/gunvant.vaidya

@@@@@

108-370 : 19-03-2017

# ગઝલ

– બાબુલાલ ચાવડા ‘આતુર'

અનુક્રમણીકા

.1.

દીલધડક ચર્ચાથી આગળ કંઈ નથી,
આપણે અફવાથી આગળ કંઈ નથી.

આ હવા જે શ્વાસનો પર્યાય છે,
એક બસ ફુગ્ગાથી આગળ કંઈ નથી.

વર્ણવ્યા સુખના પ્રસંગો જેટલા,
એ બધા સપનાથી આગળ કંઈ નથી.

કર્મનાં ફળ ત્યાગવાં પણ કઈ રીતે,
ફળની જ્યાં ઈચ્છાથી આગળ કંઈ નથી.

હોય જો એકાંત લાક્ષાગૃહ તો,
આ સ્મરણ તણખાથી આગળ કંઈ નથી.

બે ઘડી વીશ્રામ છે પાલવ તળે,
ને પછી મુર્ચ્છાથી આગળ કંઈ નથી.

ક્યાંક મૃત્યુ તાકમાં બેઠું હશે,
એ સતત શંકાથી આગળ કંઈ નથી.

.2.

હથેળીમાં લીલુંછમ નામ પાંગરશે, તો શું કરશો?
અને એકાદ નમણી વેલ વીસ્તરશે, તો શું કરશો?

સ્વયંને ખોઈ દેશો કોઈની પણ શોધમાં જ્યારે,
પછી તમને ન ખુદની જાત સંઘરશે, તો શું કરશો?

સુણીને શેરીએ પગરવ કરો છો કાન સરવા પણ;
તમારા આંગણે ભેંકાર અવતરશે, તો શું કરશો?

પ્રતીક્ષા આંજી-આંજી આંખને તાજી તો રાખો છો,
કદી પણ આંખ એ થાકીને ઝરમરશે, તો શું કરશો?

તમારી આજની આબોહવા છે ખુશનુમા કીન્તુ,
અચાનક સાવ ત્યાં ગઈ કાલ સાંભરશે, તો શું કરશો?

ઘણા મહેલો ચણ્યા છે કલ્પનાના પણ વીચાર્યું છે,
કદી અસ્તીત્વના સૌ કાંગરા ખરશે, તો શું કરશો?

.3.

કો ભરડો, ન ભીંસ રાખું છું,
ના કદી રાવ-રીસ રાખું છું.

શબ્દવેધી તું બાણ રાખે છે,
મર્મભેદી હું ચીસ રાખું છું.

પાંચમાં તું પુછાય છે તેથી,
હુંય પ્રશ્નો પચીસ રાખું છું.

થાંભલાને નખોરીયાં ભરવા,
તીક્ષ્ણ આ ન્હોર વીસ રાખું છું.

ચીંથરેહાલ અંગ પર 'આતુર',
નવું નક્કોર ખમીસ રાખું છું.

.4.

ઉડીને ક્યાં ગયો છે હંસલો, જોવા નથી મળતો!
ઘવાયો છે ઘણો એ માંહ્યલો, જોવા નથી મળતો.

ઘણાં ચમકી રહ્યાં છે રત્ન મારી ચોતરફ કીન્તુ;
ગુમાવ્યો રાખમાં એ હીરલો, જોવા નથી મળતો.

સુરજના તેજથી અંજાઈને એણે દીશા બદલી,
પછી મારા ગગનનો ચાંદલો, જોવા નથી મળતો.

નીકળતા જીવ પણ ક્યારેક એક જ હાયકારામાં,
હવે એક્કેય એવો દાખલો, જોવા નથી મળતો.

ઘણા અરમાનથી નીકળ્યો હતો હું સાથમાં જેના,
મને આજે એ મારો કાફલો, જોવા નથી મળતો.

સરળતાથી હવે લેવાય છે ક્યાં શ્વાસ પણ 'આતુર',
ગળાનો જ્યારથી એ ફાંસલો, જોવા નથી મળતો.

.5.

ધુળધોયાનાં નર્યાં ધોવાણથી અળગા થયા,
શ્વાસથી ઉપજી ઘૃણા ને ઘ્રાણથી અળગા થયા.

એક બચકીમાં જ આવી ગઈ બધી બારાખડી,
બે ઘડી વહેતી કરેલી વાણથી અળગા થયા.

રોઈ લીધું છેક જઈ એકાંતના ખાલી ખુણે,
સાવ મોઢામોઢની મોંકાણથી અળગા થયા.

ત્રાજવાનાં બેઉ પલ્લાંમાં જ પગ ચોંટી ગયા,
માછલી વીંધાઈ; પણ ના બાણથી અળગા થયા.

એક ખાલીખમ નજરનું તીવ્ર આકર્ષણ હતું,
એક પલકારે જ એ ખેંચાણથી અળગા થયા.

તલ હતી ક્યારેક ને જે તાડ પણ થઈ ગઈ હતી,
એ તરસનાં મુળ સૌ ઉંડાણથી અળગા થયા.

## .6.

છાનું બધાથી રાખીએ, એવું કશું નથી,
ને ઢોલ પણ વગાડીએ, એવું કશું નથી.

લોઢાનું એ વહાણ ડુબે તો ભલે ડુબે,
એમાં હવે બચાવીએ એવું કશું નથી.

વસ્તી વીનાના ગામમાં મેળો ભરાય પણ,
પાવાના સુર વહાવીએ, એવું કશું નથી.

પગ વાળી બેસ તું હે ભટકતી જીજીવીષા!
તારી છબી મઢાવીએ, એવું કશું નથી.

પુછ્યા વીના તું કોઈનું પાતાળ ખોદ મા,
જળના દીવા જલાવીએ, એવું કશું નથી.

'આતુર' હજી આ સ્તબ્ધતાના શ્રી ગણેશ છે,
મુર્છા હજી તો પામીએ, એવું કશું નથી.

## .7.

કોઈ પણ કારણ વીના, આવી શકે તો આવ તું,
પ્રેમના પીંજણ વીના, આવી શકે તો આવ તું.

હું અહીં બેઠો છું ધગધગતી ધીરજની ધુણીએ,
કો સળગતી ક્ષણ વીના, આવી શકે તો આવ તું.

લાગણીનું એક પણ તરણું અહીં ઉગતું નથી,
કોઈ ભુખ્યા ધણ વીના, આવી શકે તો આવ તું.

મેં સગા હાથે જ મારાં સ્વપ્ન તોડ્યાં છે બધાં,
રેણ કે સાંધણ વીના, આવી શકે તો આવ તું.

ક્યારનું છોડી દીધું છે મેં પ્રતીબીંબીત થવું,
હાથમાં દર્પણ વીના, આવી શકે તો આવ તું.

જીવવું ને ઝુરવું ને ઝુઝવું છે યંત્રવત્,
ને હવે ઉંજણ વીના, આવી શકે તો આવ તું.

.8.

ઈચ્છા હતી - વળગણ હતું,
એ ક્લેશનું કારણ હતું.

જન્માવી આ જેણે ઘૃણા,
એ સ્નેહનું સગપણ હતું.

દુનીયા જ વીસરાવી ગયું,
બસ, એક એવું જણ હતું.

આ કોણ લાવ્યું ગાલ પર,
જે આંખનું આંજણ હતું!

ના ખ્યાલ પંખીને  રહ્યો,
કે જાળમાં એ ચણ હતું.

જો શેષ ભાંભરડાં રહ્યાં,
તો ક્યાં ગયું જે ધણ હતું!

જખ્મો બધા શોભી ઉઠ્યા,
કેવું ભરત-ગુંથણ હતું!

તારા વીનાનું આયખું,
મારા વીનાનું પણ હતું.

.9.

ચોખ્ખે-ચોખ્ખું કહી દો કે શું કરવાનું છે,
મરજીવાને જીવવાનું કે મરવાનું છે?

જનમ્યો ત્યાંથી ચાલુ છે ઉજવાયા કરવું,
કેટકેટલી વાર હજી અવસરવાનું છે!

હુંફ ખુટી ગઈ હોય તો જઈને તડકે બેસું,
બાહુપાશમાં થોડું કંઈ થરથરવાનું છે!

કોઈ વેલને કાજ થયો છું આજ થાંભલો,
મારા મનમાં એમ હતું, પાંગરવાનું છે.

ડાળ છુટે પણ મુળ ન છુટે એમ હવે તો,
વૃક્ષ ઉપરથી ખોટું-ખોટું ખરવાનું છે.

આંખોમાં આંકી લે 'આતુર' કોઈ નીશાની,
આ જ અજાણ્યા રસ્તે પાછા ફરવાનું છે.

.10.

દુ:ખ દીવાદાંડી સમું દેખાય છે,
ત્યાં મને મારી સફર લઈ જાય છે.

કોઈ એ રસ્તે મને મુકી ગયું,
ભલભલા જ્યાં ભોમીયા ખોવાય છે.

માર્ગ સીધો સાવ છે પણ થાય શું!
આ અહીં તો ચાલવું ફંટાય છે.

ઠોકરો ખોડ્યા કરે છે વાટમાં,
એ જ અહીંયા હમસફર કહેવાય છે.

કારમી એકલતા ઉંચકીને ફરું,
પીંડીઓમાં એનાં કળતર થાય છે.

થાકવાનું નામ બસ લેતો  નથી,
આમ તો 'આતુર' લથડીયાં ખાય છે.

.11.

તરસ યાદ આવી ન જળ યાદ આવ્યાં,
પછી તો સતત એ વમળ યાદ આવ્યાં.

થયું બોલકું આજ એકાંત પાછું,
ફરી મૌન કોનાં અકળ યાદ આવ્યાં?

કીચડમાં પ્રથમ જાત ખરડી લીધી ને,
પછી ખુબ મોડાં કમળ યાદ આવ્યાં.

રહ્યાં ધ્યાનમાં અંગ પરનાં જ વસ્ત્રો,
કદીયે ભીતરના ન સળ યાદ આવ્યા.

વીત્યાં સાથમાં જેનાં વર્ષોનાં વર્ષો,
હવે માંડ એકાદ પળ યાદ આવ્યાં.

.12.

પરગટ આ પરમાણામાંથી નીકળી જઈએ.
ફોગટ તાણાવાણામાંથી નીકળી જઈએ.

એને એનું મનગમતું સ્થળ સોંપી દઈને,
તૃષ્ણાના તરભાણામાંથી નીકળી જઈએ.

ગમતા જણના ઘરમાં જઈને ઘર-ઘર રમીએ,
અવસરમાંથી-ટાણામાંથી નીકળી જઈએ.

ખાનારાનાં નામ લખ્યાં છે જેની ઉપર,
એવા દાણેદાણામાંથી નીકળી જઈએ.

ગરવા સાદે એક ગઝલને વહેતી મુકી,
ગાડે ખડક્યાં ગાણાંમાંથી નીકળી જઈએ.

.13.

આમ આખું ગામ પંપાળ્યું તમે,
એક મારું આંગણું ટાળ્યું તમે.

છેક જે પાંપણ સુધી પહોંચ્યું હતું,
કઈ દીશામાં પુર એ વાળ્યું તમે?

કારમો દુષ્કાળ છે બસ, જ્યારથી-
આ હૃદયનું રાજ સંભાળ્યું તમે.

માટીની મુર્તી ઘડાતી હોય છે,
એ બીબામાં આયખું ઢાળ્યું તમે.

એ રીતે આપી મને દીલમાં જગા,
જેમ કોઈ પારેવું પાળ્યું તમે.

લો, ફરી આવ્યો ધુમાડો અહીં સુધી,
ક્યાંક લીલું લાકડું બાળ્યું તમે.

.14.

ઝડપથી જીવ રેડીને તરત નીકળી જવાનો છું,
ગઝલ કે ગીત છેડીને તરત નીકળી જવાનો છું.

ખુણો રહેશે ન વાવેતર વીનાનો એક પણ ખાલી,
ખળાને પણ હું ખેડીને તરત નીકળી જવાનો છું.

અહીં ટહુકાઓ વાવી મેં ઘણા આંબા ઉછેર્યા છે,
હવે અમરાઈ વેડીને તરત નીકળી જવાનો છું.

સમય તું સાચવી બેસી રહે અક્ષુણ્ણ વેધકતા,
હું મારું સ્થળ ઉખેડીને તરત નીકળી જવાનો છું.

યુવાની હોય કે ના હોય રાજી છોડવા 'આતુર',
શીશુ શૈશવનું તેડીને તરત નીકળી જવાનો છું.

બાબુલાલ ચાવડા 'આતુર'

@

કવીસમ્પર્ક :
બાબુલાલ ચાવડા'આતુર'
36- અંબીકાનગર સોસાયટી,
નાની કડી, તા. કડી, જી. મહેસાણા – 382715
મોબાઈલ # 7383557025 – ઈ.મેઈલ -
bkchavda74@gmail.com Facebook :
https://www.facebook.com/babulal.chavda.90?fref=ts

@@@@@

109-373 : 30-04-2017

# ગઝલ

– પંકજ મકવાણા

અનુક્રમણીકા

.1.

દૃશ્યોમાં રંગ એ જ ફરી ઉઘડે નહીં,
આંખો મીંચી દીધાથી કશુંયે જડે નહીં.

ન્હોતી કલમ તો પત્ર લખ્યો છે મેં હોઠથી,
એને લીપી ઉકેલતાં કાં આવડે નહીં?

કાંધા વીનાનું ધડ મને આપી દે તું, પ્રભુ,
સપનાં ફરી સહેલાઈથી માથે ચડે નહીં.

પાનું તો ફેરવી લીધું સંદર્ભ ટાંકતું,
પાછું વળેલ મન ફરીથી તરફડે નહીં.

કેવી રીતે હું ગુમ કરું તારા વીચારને?
પોતાના ગામમાં કોઈ ભુલું પડે નહીં .

.2.

હળવે વહી રહેલ હવાઓ છે, શું બીજું?
નીતરે છે જાણે થાક સફરના પહાડથી.

સુકાતી એષણાની તળેટીમાં છું અને
ભેખડ ધસી રહી છે સ્મરણના પહાડથી.

ખાલી જગામાં પાંખનો ફફડાટ છે હજી,
ઉડી ગયા છે હંસ નજરના પહાડથી.

ઝરણું બનીને આવશે તારા શહેરમાં,
મારી અધુરી વાત સમયના પહાડથી.

.3.

તુટવાની બીક દર્પણની હતી,
આંખ ના થૈ જાય પથ્થરની દડી.

ધારણાના પુલ પર જ્યાં જઈ ઉભા,
જળ વગર વ્હેતી રહી કોઈ નદી.

જો પ્રતીક્ષાનાં ધ્રુજે છે બારણાં,
સહેજ વાગે જ્યાં હવાની કાંકરી.

એક કેડી રોજ પર્વત ઉતરે...,
એ જ પગલાંને નજર શોધી રહી.

એક નીર્ણયને કીનારા બે હતા,
રાહ મેં જોઈ ’ને તું પાછી ફરી.

.4.

હાથમાં લીધેલ કપ હોઠે જવાનો,
એક વચ્ચે ઢાળ છે; કીન્તુ હવાનો.

હું તો એની જોડમાં તૈયાર છું પણ;
મન નથી કરતું ઈરાદો નાચવાનો.

વેશ-પલટો છે વીચારોનો જ કેવળ,
અર્થ એક જ આપવાનો-પામવાનો.

હેતથી મન ફેરવું આઘાત પર હું,
એ જ તો રસ્તો ઉજાશે પહોંચવાનો.

સાભળ્યું છે વૃક્ષમાં બારી ખુલે છે,
હું ટકોરો કાવ્યમાં એ લાવવાનો.

.5.

ફરી સાંજના રંગ ઘેરા થવાના,
ફરી વાદળોમાંય ટહુકા થવાના.

ફરી વૃક્ષનો પણ પરીચય સુકાશે,
ફરી આ નગર એમ સુનાં થવાનાં.

ફરી હાશ ઉગશે હથેળીઓ વચ્ચે,
ફરી સ્પર્શ તારાય જાદુ થવાના.

ફરી પાછલી રાતની ભીંત તોડી,
ફરી એક ઈચ્છાના દરીયા થવાના.

ફરી મ્હેક તારા વીચારોની પહેરી,
ફરી સાંજના રંગ ઘેરા થવાના.

.6.

એકાંત ગીત ગાશે, ત્યારે કવીતા થાશે;
જાદુ વીચાર થાશે, ત્યારે કવીતા થાશે.

હમણાં તો માણવા દો આકંઠ રોશનીને,
પડછાયા હોલવાશે, ત્યારે કવીતા થાશે.

આકાશ મુઠ્ઠી ખોલી ઢોળે છે કૈં મનોહર,
કણકણમાં એ સમાશે, ત્યારે કવીતા થાશે.

મારા હૃદયમાં ફુટે, તારા હૃદયને સ્પર્શે,
એ શબ્દમાં લખાશે, ત્યારે કવીતા થાશે.

.7.

ગગન રંગ રંગોથી રંગાય છે
મને મન આ ક્યાં કયાં લઈ જાય છે!

હું સુંદર દીશાઓને ભેટું છું જ્યાં,
બધાં દૃશ્ય સુંદર બની જાય છે.

હું પહેલી લીટી જ્યાં લખું કાવ્યની,
અને કોઈ કાગળમાં શરમાય છે.

હજી ત્યાં જ અટકી ઉભો છે સમય,
હજી કોઈ કમરામાં ભીંજાય છે .

.8.

ઝરમરતાં દૃશ્ય આંખને ભીની કરી જશે,
ખાલી ક્ષણોના હાથમાં દરીયા ધરી જશે.

કહેશો નહીં વીત્યો એ પ્રસંગ આપણો હતો,
થથરી જશે જુઈ અને ફુલો ખરી જશે....

પાછો ફરીશ કોઈ વીતેલી ક્ષણો થઈ,
વરસાદની એ સાંજ ને જો તું સ્મરી જશે.

કાંઠાને શી ખબર કે શું મોજાંની ચાહ છે?
પથ્થર ચીરીને નામ ભીનું કોતરી જશે.

ઝાંખા થતા વીચાર ફરીથી સજાવીએ,
મનની ઉદાસીઓથી તો સપનાં ડરી જશે.

.9.

વાત તારા આવવાની સાંભળી,
ટેકરી ઢોળાઈ.... ને કેડી બની.

જુઈ ઉપર ફુલ ખીલ્યાં ને ખર્યાં,
એ જ ઘટના આપણી વચ્ચે હતી.

હું જ ફેલાવી શક્યો ના હાથને.!
ભેટવા નહીંતર ઝુકી'તી વાદળી.

પુછ ના ખાલી જગાના ભેદને,
હોઠ પર તારા મુકીને આંગળી.

જીવ તુટે તોય ના આંસુ ખુટે,
આંખ બારે-માસની ભરચક નદી.

.10.

હાથછેટાં આમ તો સપનાં હતાં,
શક્યતા ને દુરનાં ચશ્માં હતાં.

સાંજ સાથે સુર્ય ઢળતો હોય છે,
એ સમજનારા બધા હદમાં હતા.

ભાગવું પણ કઈ રીતે ભાવી તરફ?
દોરડાં અતીતનાં પગમાં હતાં.

સ્મીતની તોયે સપાટી જાળવી,
લાખ તોફાનો રગેરગમાં હતાં.

ના સમજ સાદર સલામી એમને,
હાથ તો જોડ્યા, અમે ડરમાં હતા.

.11.

તમારી નજર તો અમસ્તી ઢળી'તી,
અમારી જ અટકળ પહાડો ચડી'તી.

મને આંખથી ભેટતાં આવડ્યું તો,
કપાયેલ હાથોની ઈજ્જત બચી'તી.

પગથીયાં કરી ઉતરે છે એ છત પર,
મેં.. કંકોતરી ચાંદને મોકલી'તી.

ખબર ક્યાં હતી આંગળીઓ ચીરાશે?
પતંગો ફકત કલ્પનામાં ઉડી'તી.

મળ્યો કંઠ ધીમો ને આંખોએ ઝાંખપ,
ઉપરથી તમે ભીંત ઉંચી ચણી'તી.

છતાં પાંદડાંને ન સ્પર્શી શકાયું,
જુઓ, ડાળ તો કેટલુંયે ઝુકી’તી.

.12.

ચાંચ મુકતા ચાંચમાં સારસ મળે,
આ અબોલાનેય એવી તક મળે.

સામસામે હો છતાં સ્પર્શાય નહીં,
એક વચ્ચે કાચની સરહદ મળે.

જાળ ગુંથે છે પરીસ્થીતી પછી,
આપણી કોશીશ જ્યાં નીર્બળ મળે.

એક હેલીમાં ભીંજાયો એ રીતે,
રોજ મારી આંખમાં વાદળ મળે.

આ ગુગલ, આ ફેસબુક, આ વોટ્સેપ;
જીવવાનાં કેટલાં... કારણ મળે!

પંકજ મકવાણા

સર્જકસમ્પર્ક:
PANKAJ MAKAWANA (pkmgnr@gmail.com)
Plot -110, C / 1, Sujay Apartment, Sector 19,
Gandhinagar - 382021
Mobile – 9724323080 eMail : pkmgnr@gmail.com

@@@@@

110-376 : 11-06-2017

# ગઝલ

– ગૌરાંગ ઠાકર

અનુક્રમણીકા

.1.

આ બધું કેમ નવું લાગે છે?
કોઈ હૈયામાં ગયું લાગે છે!

હાથમાં હાથ મીલાવી રાખો,
આ જગત હાથવગું લાગે છે.

જો પવન દોડી મદદમાં આવ્યો,
ફુલ ને ખુશ્બુ થવું લાગે છે.

પ્યાસ એમ જ નથી બુઝી, મીત્રો,
લોહીનું પાણી થયું લાગે છે.

વાત કહેતાં તો પડી ભાંગ્યો છે,
દર્દ સપનાંથી મળ્યું લાગે છે.

ખોળીયામાં આ નવી હલચલ છે,
જીવને ઘેર જવું લાગે છે.
(09.08.2010)

.2.

આ તડકાને બીજે ગમે ત્યાં ઉતારો,
નહીં તો હરણને ન રણમાં ઉતારો.

હું મંદીરમાં આવ્યો અને દ્વાર બોલ્યું,
પગરખાં નહીં; બસ, અભરખા ઉતારો.

તમારી નજર મેં ઉતારી લીધી છે,
તમે મારા પરથી નજર ના ઉતારો.

ફુલો માંદગીનાં બીછાને પડ્યાં છે,
બગીચામાં થોડાક ભમરા ઉતારો

આ પર્વતનાં માથે છે ઝરણાંનાં બેડાં,
જરા સાચવી એને હેઠાં ઉતારો.

ભીતરમાં જ જોવાથી ઓળખ મળી ગઈ,
અરીસા ઉપરથી ભરોસા ઉતારો.
(07.07.2011)

.3.

ફુલો ન હોય તોય બગીચો તો જોઈએ,
ખુશ્બુનાં ખાલીપાને દરજ્જો તો જોઈએ.

તમને ગઝલ તો કહેવી છે; પણ એક શર્ત છે,
દીલમાં તમારાં ક્યાંક ઉઝરડો તો જોઈએ.

ઘરમાં ભલે ને રાચરચીલું ન હોય પણ;
એક–બે તમારા ઘરમાં વડીલો તો જોઈએ.

મનમાં ઘુસી ગયો છે મુડીવાદ કેટલો!
તમને ધનીક કહેવા ગરીબો તો જોઈએ.

ચાલ્યા કરે, ચરણને શું? મંઝીલથી પણ વધુ,
તળીયાથી તાળવા સુધી જુસ્સો તો જોઈએ.

તમને પુછ્યા વગર તો મેં પાણી નથી પીધું,
મારા પછી જે આવે એ તરસ્યો તો જોઈએ.
(05.01.2014)

.4.

જળથી વરાળ થઈ, પછી વાદળ બનાય છે,
મારામાં શું થયા પછી માણસ થવાય છે?

તાળી દીધા કરો આ હથેળી ભરાય છે,
હાથોમાં મારા આપની રેખા લખાય છે.

સુરજ આ સાંજનો મને એવું કહીને જાય
ઉંચાઈ પર તો ક્યાં અહીં કાયમ જીવાય છે!

એવું નથી કે જીવવા ખુશ્બુ જ જોઈએ,
વંટોળથીય શ્વાસ તો સચવાઈ જાય છે.

તડકો ગયો ને છાંયડો નક્કામો થઈ ગયો,
એવી સરળ રીતે અહીં માણસ ભુલાય છે.

એના ખભે તું હાથ મુકે ત્યાં એ શખ્શનો,
બસ, ખ્યાલ આપઘાતનો બદલાઈ જાય છે.
(30.12.2006)

**.5.**

સૌ પ્રથમ તો ક્યાં જવું છે, એટલું નક્કી કરો,
બસ, પછી નક્કી કર્યું છે; એટલું નક્કી કરો.

આમ તો બેઠા રહીએ, તોય ચાલે જીન્દગી,
ક્યાં સુધી આ બેસવું છે, એટલું નક્કી કરો.

રોજ બદલાતી રહે મોસમ તમારી ડાળ પર,
ઝુલવું કે ઝુરવું છે, એટલું નક્કી કરો.

આપ–લે હૈયાની છે; પણ એમની બે આંખમાં,
કાળજું કે ત્રાજવું છે, એટલું નક્કી કરો.

રોજ વધતી વય, શરીરી ધર્મ છે મંજુર, પણ;
'મોટા' કે 'ઘરડા' થવું છે, એટલું નક્કી કરો.

હર જનમમાં કોણ બીજું આપણી અંદર રહે?
આ વખત એ જાણવું છે, એટલું નક્કી કરો.

છે તરાપો, છે હલેસા, ને ભરોસો છે છતાં;
જળમાં પાણી કેટલું છે, એટલું નક્કી કરો.
(07.08.2013)

.6.

જે ક્ષણે પીડા ઘરે આવેશમાં આવી,
અમને લાગ્યું કે ગઝલ ગણવેશમાં આવી.

કોઈ પણ રીતે ઉદાસી ગાંઠતી ન્હોતી,
પડતી મુકી; તો ખુશીનાં વેશમાં આવી!

ઝાડ તો ઉગે, જીવે, બોલ્યા વગર, તો પણ;
વાત એની સન્તના ઉપદેશમાં આવી.

જ્યારથી મેં આદતોની વર્તણુક બદલી,
જે વીનન્તીઓ હતી, આદેશમાં આવી.

જ્યાં થયું કે કોઈની હું જીન્દગી જીવું,
એ જ મુદ્દે જીન્દગી ઝુંબેશમાં આવી.

આ ગમા ને અણગમા ખાલી કહ્યા તમને,
ક્યાં અમારી વાત કોઈ ઉદ્દેશમાં આવી?
(02.11.2013)

.7.

ફક્ત મારી–તમારી સમજમાં નથી;
બાકી અજવાળું કેવળ સુરજમાં નથી.

તું સફળતાને માટે બીજું કૈં વીચાર,
દંડવત હાથપગની ફરજમાં નથી.

વાત તો બેઉ બાજુ જ હોવી ઘટે,
એકલો હું પ્રણયની ગરજમાં નથી.

વીજ ચમકારે મોતી પરોવવું જ હોય,
તો ઉકેલ એનો મારી ધીરજમાં નથી.

આ જગત પાસેથી લઈને બેઠો છું એમ,
જાણે કે કોઈના હું કરજમાં નથી.

કૈંક જન્મોની અરજી લ્યો, મંજુર થઈ;
દોસ્ત, માણસપણું આ સહજમાં નથી.
(16.10.2011)

.8.

ચાલો ઉઠાવવા, પણે માણસ પડી ગયો,
ઝાકળ લઈ જતો હતો, સુરજ મળી ગયો.

ઓળખથી ઓળખાણ કરી જીવતો રહ્યો,
મારા વગરનો હું જ મને છેતરી ગયો.

આ પાછલા પહોરનું સપનું ફળે, કદાચ,
મોટો થતો ગયો અને બાળક બની ગયો.

ઈશ્વર, તું માનવીની છે ઉત્તમ કલાકૃતી,
સદીઓ વીતી છતાંય તું કેવો ટકી ગયો!

આ ટોચ માત્ર ખીણનું શીર્ષાસન જ બની,
જ્યારે મને હું સાંભળી ને અવગણી ગયો.
(28.08.2013)

.9.

મણકેમણકા સ્થીર થયા છે,
તારાં પગલાં પીર થયાં છે.

જે જગ્યાએ તું મળતી'તી,
આજે ત્યાં મંદીર થયાં છે.

તારામાંથી તું ચાલી ગઈ,
તડકા પાછા તીર થયા છે.

આશીર્વાદ ફરે છે ઘરમાં,
મોભી સૌ તસ્વીર થયા છે.

આંસુથી બંધાયો છું જો,
જળ જાણે જંજીર થયાં છે.

દર્પણ તુટી કાચ થયું જ્યાં,
રુપ ઘણાં ગંભીર થયાં છે.

પડછાયાનાં પરસેવાથી,
રસ્તા પણ તકદીર થયા છે.
(16.12.2016)

.10.

ફક્ત જાગી જા, ત્યાગ રહેવા દે,
તું બધે તારો ભાગ રહેવા દે.

જાય છે, તો બધું જ લઈ જા; પણ,
આ સ્મરણનો વીભાગ રહેવા દે.

ઢાંક ચહેરો, ક્યાં તો બુઝાવ દીવો,
એક સ્થળે બે ચીરાગ રહેવા દે.
કોઈ વંટોળને કહી દો કે,
ફુલ ઉપર પરાગ રહેવા દે.

તું હૃદયથી જ કામ લઈ લે બસ,
ચાહવામાં દીમાગ રહેવા દે.

આગ હૈયામાં લાગી હો તો લખ,
માત્ર લખવાની આગ રહેવા દે.
(19.09.2010)

.11.

મન વગર તો અહીં જીવાય નહીં,
ને વળી મન બધે રખાય નહીં!

કોઈને એવું કૈં પુછાય નહીં,
તમને ચોમાસે કૈં જ થાય નહીં?

જે ગમે તે બધું કરાય નહીં,
ઢાળ પર જળનું ઘર ચણાય નહીં.

આંગણે આવી ચકલી પુછે છે,
બારણું પાછું ઝાડ થાય નહીં?

એ જ દુર્ભાગ્ય સૌથી મોટું છે,
કોઈના પણ કદી થવાય નહીં.
દોસ્ત, વીસ્મય વીષય તો અઘરો છે,
કોઈ બાળક વગર ભણાય નહીં.

આ ફકીરોની બાદશાહી જુઓ,
આપણી જેમ હાય, હાય નહીં!
(06.07.2010)

.12.

આ સંબંધો છે લોહીનાં, તમે ક્યાંથી અલગ કરશો?
બહુ તો છત, દીવાલો કે પછી બારી અલગ કરશો!

જગતમાં ક્યાં બધુંયે તોડવું આસાન છે, મીત્રો,
તમે શું ડાંગ મારીને અહીં પાણી અલગ કરશો?

બધું જે સ્થુળ ને સ્થાવર હતું તે તો જુદું કીધું,
સ્મરણને કઈ રીતે મારા–તમારાથી અલગ કરશો?

તમે શું એ જ જીવો છો, તમે જે જીવવા ધાર્યું?
હવે તમને તમારાથી શું સરખાવી અલગ કરશો?

તમે ડુબી જતાં સુરજને અટકાવી નથી શકતા,
સતત અજવાસની ઈચ્છા તમે ક્યાંથી અલગ કરશો?
(25.02.2011)

.13.

રોજ મારાથી મને વાંધો પડે,
તોય મારે તો મને જોવો પડે!

આ ઝરણ એમ જ નદી બનતાં નથી,
દોસ્ત પાણીનેય પરસેવો પડે.

કૈંક તો સારું બધામાં હોય છે,
લીમડાનો છાંયો ના કડવો પડે.

તું દીવસ જીતી ગયાંનો વ્હેમ છોડ,
સાંજે પડછાયો ઘણો મોટો પડે.

તું અડે ને એમ લાગે છે મને,
જાણે સુકા ઘાસ પર તણખો પડે.

તું હવે સરનામું પાક્કું આપ, બસ;
રોજ મંદીરનો મને ધક્કો પડે.
(03.05.2012)

.14.

તમે જોતાં ઉભા હો ને નઝારા ચાલવા માંડે,
પછી જોયા ને જાણ્યાના ઉમળકા ચાલવા માંડે.

અમારું ઘર, અમારી આદતોનું માન રાખે છે,
તમે આવો ને ભીંતેથી અરીસા ચાલવા માંડે.

પ્રથમ પરમાર્થનાં પુષ્પોને પાથરજો, પછી જોજો;
તમે ચાલો ને સંગાથે બગીચા ચાલવા માંડે.

મને મારી નીકટ બેસાડવાનો ફાયદો છે એક,
ઉઠી ને એકદમ મારા ઉધામા ચાલવા માંડે.

બને તો આવજે ઈશ્વર, અહીં એવું થતાં પહેલાં;
વચનનાં નામથી સૌનાં ભરોસા ચાલવા માંડે.
(29.06.2012)

.15.

કદાચ કાલે તમારે માથે પડે જગતને ઉઠાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.
ધરાથી લઈને ગગન સુધીનું, તમારે અંધારું ખાળવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

કળીકળીને ફુલો બનાવી, સુગંધ એમાં પછી ઉમેરી અને તમારે ઉપરથી અહીંયાં;
બધાં જ પંખીની ચાંચ માટે, કશુંક ચણવા ઉગાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

સુરજ સમયસર ઉગાડવાનો, અને સમયસર ડુબાડવાનો, નહીં કરો તો નહીં જ ચાલે;
અને બીજું, કે તમારે સાંજે, ગગનને રંગોથી રંગવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

દરેક બાળકનાં સ્મીતમાં જઈ, દરેક માતાની આંખમાં રહી, તમારે હાજર થવું જ પડશે,
પછી તમારે બધાંની અંદર, વહાલ થઈને રહી જવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

પ્રથમ તમારે હવાને અહીંયાં બનાવવાની છે શ્વાસ સૌનો,
પછીથી શ્રદ્ધા જીવાડવાની;
તમે જ બોલો, થશે બધું આ? નહીં તો છોડો પ્રભુ થવાનું, પ્રભુ
તો લાંબી રજા ઉપર છે.
(20.05.2016)

(દરેક ગઝલની નીચે આપેલી તારીખ, તે રચનાની જન્મતારીખ છે.)

ગૌરાંગ ઠાકર
(કવીના આગામી–ત્રીજા ગઝલસંગ્રહ : 'કોઈ હૈયામાં ગયું લાગે છે'માંથી સાભાર)
@

કવીનું સર્જન:

પ્રથમ ગઝલસંગ્રહ: મારા હીસ્સાનો સુરજ' પ્રકાશક અને વીક્રેતા: પોતે

(સરનામુ: નીચે મુજબ), પ્રથમ આવૃત્તી: 2006, પૃષ્ઠ: 68, કીમત: 50 રુપીયા

બીજો ગઝલસંગ્રહ: 'વહાલ વાવી જોઈએ' પ્રકાશક અને વીક્રેતા: 'સાહીત્ય સંગમ', બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપરા,

સુરત: 395 001, ફોન: 0261-259 7882, 0261-259 2563,
પ્રથમ આવૃત્તી: 2010, પૃષ્ઠ: 80, કીમત: 60 રુપીયા

કવીસંપર્ક:

બી–103, શુકન એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે,
અડાજણ, સુરત: 395 009

ફોન: 0261-273 5534,

મોબાઈલ: 98257 99847

ઈ.મેઈલ : gaurang_charu@yahoo.com

@@@@@

111-379 : 23-07-2017

# ગઝલ

– ચેતન જે. શુક્લ 'ચેનમ'

અનુક્રમણીકા

.1.

આંગણે તુલસી નથી, તોરણ નથી એ બારણે,
સુખનાં બે ચાર પણ કારણ નથી એ બારણે.

એક ખીલ્લી વાગતા ટહુકા ખરે છે પંખીના,
કોણ કહે છે ઝાડનાં વળગણ નથી એ બારણે!

સાવ પથ્થરના ઘરે, કંઈક પથ્થર જીવતા,
કાચ જેવી ચકચકીત, સમજણ નથી એ બારણે.

એ જતી ને આવતી કાયમ નજર છલકાવતી,
એ ભરીને રાખવા વાસણ નથી એ બારણે.

રેતના આવે સમંદર કેટલીય યાદ લઈ,
આજ એવી યાદનાં રજકણ નથી એ બારણે.

.2.

મેં નીતારી આંખ તો અશ્રુ વહી ગયાં,
ચીત્ર સપનાંના ખુણે એમ જ રહી ગયાં.

મ્હેંક આખા બાગની આ કોણ લઈ ગયા,
કેમ હીંસક ફુલથી કાંટા ડરી ગયા?

એક ખાલીપાની જાહેરાત થઈ પછી,
જાણભેદુ જે હતા લોકો ધસી ગયા.

માનહાની આંગળીની છે કહી ગયા,
કોણ છે ગુલમ્હોરને તીલક કરી ગયા?

ભીડના નકશા તળે ભયભીત થઈ ગયા,
સાવ ઉજ્જડ છે સડક તો પણ ખસી ગયા!

.3.

બાની દોલત સાદડી, ને એમાં જાણે હું,
એની બાધા–આખડી, ને એમાં જાણે હું.

ઝંખનાની આંખડી, ને એમાં જાણે હું,
જળ તરસતી નાવડી, ને એમાં જાણે હું.

છાંયડો તડકો કરે, જ્યાં બારણે દસ્તક;
સાત ભવની ચામડી, ને એમાં જાણે હું.

રોજ ખોલી છીંકણીની જેમ સુંઘે એ,
લાગણીની દાબડી, ને એમાં જાણે હું.

રંગસુત્રો જેમ એનો વારસો મળશે,
છે ઘરેણું લાકડી, ને એમાં જાણે હું.

.4.

પીંછીના સ્પર્શ જેવી શીષ્ટ આદત છે,
જુની એ યાદની એવી કરામત છે.

લીલાંછમ પર્ણ પણ ત્યાં તરફડે કેવાં!
તપાસ્યું, તો કમોસમ તાપની લત છે.

હવે જ્યાં ખોતરું, મળશે ઉઝરડાઓ,
બધી ભીંતે લખેલા લેખ આફત છે.

ઉદાસીની તરસ કેવી ભયાનક થઈ,
ખુશીનાં માવઠાંથી તો મરમ્મત છે.

રઝળવાનો હશે જો અર્થ સાચો તો,
મળું રસ્તે મને હું, તોય કીસ્મત છે.

મળ્યો ડુમો તને 'ચેનમ' અરીસામાં,
કશે તસ્વીર પણ મળશે; કવાયત છે.

.5.

સ્થીર છું દર્પણમાં હું, નકશાની જેમ જ કેદ છું;
ધ્યાનથી ક્યારેક એને વાંચ, આખો વેદ છું.

આ સફરના કાફલામાં, કોણ તું ને કોણ હું;
હું જ જીવન, મોત પણ હું, તોય શેનો ખેદ છું?

રક્તના દરબારમાં પણ મુલ્ય મારું આંક્જો,
ચામડીનાં છીદ્રથી ઝરતો રહ્યો પ્રસ્વેદ છું.

હાથની મહેંદી પછી જે આંખથી ટપકી હતી,
એ અધુરી વાતનો અકબંધ જાણે ભેદ છું.

હું જટીલ ફરીયાદ છું માણસ વીશે તો પણ ભલે,
હસ્તરેખીત કાફલામાં હું અગોચર છેદ છું.

.6.

જ્યાં જમા થઉં ત્યાં ઉધારી થઈ પછી સ્વીકાર છું,
સાવ સાચું કહું તને હું, આજ પણ નાદાર છું.

બ્રહ્મ છું બ્રહ્માંડમાં, તો કાળનો સત્કાર છું;
આ જગતના ચાલવામાં હુંય પણ આધાર છું.

ના હવે સરહદ બતાવો, હું બધાથી પાર છું;
હું ધજાનો સાર થઈને પણ, ગજાથી બહાર છું.

યુદ્ધની એ રાખમાં ઉભો, હવે ટંકાર છું;
ઘાવના હોવાપણાનો તીક્ષ્ણતમ શણગાર છું.

આમ દર્પણ જેમ રાખું મૌન એ હથીયાર છું,
કાચ જેવા શ્વાસમાં સંઘરેલ હાહાકાર છું.

.7.

હવે એકાદ તારી યાદ જીર્ણોદ્ધાર માનું છું,
નહીંતર ખાલીપાને બસ, જીવનનો સાર માનું છું

ભલે ક્યારેક, પણ હું શાનથી ઉજવી શકું તેથી,
જીવનભર હું તને અંગત હવે તહેવાર માનું છું.

ભલે બેઠાં એ પંખી ચાંચ ઘસતાં, ગીત ગાતાં ત્યાં,
ફુલો ના હોય તો ડાળીનો એ શણગાર માનું છું.

તરસની જે નદી કોરી વહે છે બેઉ કાંઠે ત્યાં,
તું પાણીની જ હોડી લાવજે પડકાર માનુ છું.

અભાવો ખીલવા દીધા તમે ગુલમ્હોરની માફક,
પછી ત્યાં પાનખરનું આગમન ચકચાર માનું છું.

જરા જેવી ઉથલપાથલ વડે થથરી ગયો 'તો હું,
ભીતર સંતાડી રાખ્યાં નામનો વ્યવહાર માનું છું.

.8.

અમે શ્વાસને ક્યાંક ખર્ચીને સુતા,
જુનાં સ્વપ્ન આજે ઉલેચીને સુતા.

થયા સ્હેજ ઝાંખા, તો આંખો ન લુછી;
પછી એ જ દ્દશ્યોને મીંચીને સુતા.

નગરની સુલેહને જરા છીંક આવી,
બધા ગામ સન્નાટા વહેંચીને સુતા.

અણીદાર પ્રશ્નોથી ભરચક છે ભાથું,
અમે ભીષ્મને ખુદમાં ચર્ચીને સુતા.

ચલો, પંચતત્ત્વો કશું કંઈ ન બાકી,
શીખા લગ અમે સોડ ખેંચીને સુતા.

.9.

કેડી જેવી આદત એવા, રસ્તાઓથી આગળ જા તું,
ઘરથી નીકળી ઘરને મળવા, ઘટનાઓથી આગળ જા તું.

ડગલે–પગલે માપી લઉં છું, અજવાળાના સરવાળાઓ,
અંધારાનાં ધુમ્મસ પીવા, તડકાઓથી આગળ જા તું.

'હાંફી જઈને તરસે મરશે' એ કીસ્સાઓ તરફડતા જ્યાં,
રણના જળને આંબી લેવા, હરણાંઓથી આગળ જા તું.

મંજીલ સીધીસાદી, એના રસ્તા આડાઅવળા મળતા;
નીસ્બત મંજીલ સાથે જોવા, નકશાઓથી આગળ જા તું.

મૃત્યુ નામે પહેરણનાં છીદ્રોને ઢાંકી કરવું છે શું?
કાચા સુતર જેવું જીવવા, ચરખાઓથી આગળ જા તું.

.10.

તું નવેસરથી કહે પણ, એ જ જુની શક્યતાની વાત છે,
આંખના ભીના અરીસા, શુન્યતા છલકાવતાની વાત છે.

પર્ણ, ફુલો, મહેંક તો શણગાર છે, તો પણ અધુરો લાગતો,
ડાળખી ઝાકળ વડે સેંથો પુરે, એ ભવ્યતાની વાત છે.

જે કીરણ પહોંચ્યું નથી ધરતી ઉપર, એ કોઈ વાદળમાં હશે;
આભ એને સેવશે વરસાદ નામે, માન્યતાની વાત છે.

ગીચ શ્વાસોના નગરમાં સહેજ અમથી જીન્દગી જીવી જવા,
ફક્ત તારી આંખ માફક આવશે, એ કાવ્યતાની વાત છે.

એ સવારે ઓશીકામાં ઉંઘતાં સપનાં પછી જાગ્યાં નહીં,
સ્હેજ અમથું સુર્યને મોડું થયું, એ વારતાની વાત છે.

.11.

અટુલા એક વાદળનું નર્યા કોરા, નગર પર કૈંક લખવું કેવું લાગે?
તરસના સેંકડો દર્પણ અવાચક છે, ભીના બીંબોને અડવું, કેવું લાગે?

નથી વાદળ, નથી છત્રી, નથી ત્યાં ભેજ જેવી લાગણીના સ્તબ્ધ
પડઘા;
થયો છે બંધ આ વરસાદ, નળીયાનું હજી ઘરમાં ટપકવું, કેવું
લાગે?

કશે ઉંચે કદીપણ કોઈ માપી ના શકે, થોડી ક્ષણોમાં એ
સફળતા,
કે નકશાના સહારે ત્યાં જ પહોંચીને, તરત પાછું ગબડવું, કેવું
લાગે?

તરફદારી કરું કોની? દીશાઓ સૌ મને બોલાવતી એની તરફ
પણ;
બધી લાગે અજાણી એટલી કે ત્યાં જ ઉભો રહી રઝળવું, કેવું
લાગે?

નગરના છેક છેવાડે, બીડેલાં દ્વારની અંદર પ્રતીક્ષા કેદ રાખે;
વીરહની રાતનું ફાનસ બની કાયમ એ શેરીમાં સળગવું, કેવું
લાગે?
ગતી પણ બેઉ કાંઠે ના કદી સરખી મળે, એવી નદીના વ્હેણમાં
પણ;
ખલાસી હું જ છું એવી ખબર મોડી મળે, તેથી છટકવું, કેવું
લાગે?

ચેતન જે. શુક્લ 'ચેનમ'

સર્જકસમ્પર્ક:

ચેતન જે. શુક્લ 'ચેનમ',

1, સાઈનીકેતન રો-હાઉસીસ-૪, અમીપાર્ક પાસે, વીભુષા બંગલો રોડ, ઘુમા, અમદાવાદ-380058

eMail : chenamshukla@gmail.com

Mobile : 9824043311

@@@@@

112-382 : 03-09-2017

# ગીત

– તેજસ દવે

અનુક્રમણીકા

.1.

આપણે જ આપણું મનગમતું નામ કદી હોઠ લગી આવવા ન દીધું,
આપણે જ પાણીના પરપોટે સંબંધો બાંધવાનું કામ લઈ લીધું.

ઉછળતી–કુદતી એ લાગણીઓ પોતાની દરીયામાં ઉંડે જઈ જોડતી,
સંબંધો રાખવા તો માછલીની જેમ એ પાણીને કોઈ દી’ ન છોડતી;

વારતામાં હુંય છું ને વારતામાં તુંય છે ને મળવાનું તોય નહીં સીધું?
આપણે જ આપણું મનગમતું નામ કદી હોઠ લગી આવવા ન દીધું.

આંસુનું ધોધમાર ચોમાસું આજ તો આંખોની બ્હાર ધસી આવતું,
તારામાં ઓળઘોળ જીવેલા દીવસોને મારામાં કેમ નથી ફાવતું?

એવું મેં પુછ્યું તોય વીતેલા દીવસોએ ઉત્તરમાં કંઈ જ નહીં
કીધું.
આપણે જ પાણીના પરપોટે સંબંધો બાંધવાનું કામ લઈ લીધું.

.2.

ઉભા રહો,
ઉભા રહો, બધી શક્યતા ઝાંખીપાંખી થાય ભલે; પણ તમે ધૈર્ય
ના ખુઓ.

એક થાંભલાનું અજવાળું આખો રસ્તો પહેરે એને કદી ધ્યાનથી
જોયો?
હવે નથી એ રહ્યો જગા પર, તમને એની જાણ નથી કે તમે
સ્વજનને ખોયો.

તમને કહું છું,
તમને કહું છું, બે આંખોની બ્હાર ઘણાંયે દૃશ્યો છે એ તમે
ધ્યાનથી જુઓ.
ઉભા રહો.

એક હાથની આંગળીઓને નખના વીચાર આવે એમ જ તમે
વીચારો તમને,
ક્ષણ બે ક્ષણ હો ભલે; છતાંયે તમે મળ્યા છો કદીય પરપોટાની
જેમ સ્વયંને?

શક્ય હોય તો,
શક્ય હોય તો પાછા વળજો, બે ડગલાં તો બે ડગલાં; પણ તમે આમ ના રુઓ.
ઉભા રહો....

.3.

આખ્ખાયે શ્હેરમાં વાત થઈ વહેતી ને ચર્ચાતો થઈ ગયો કીસ્સો,
મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

સુરજના તડકાઓ સંગાથે પીધા છે, મોટા થયા છે અમે, એમ,
મારાથી એને જો છુટ્ટો હું પાડું, તો લોક મને ઓળખશે કેમ?

હું ખાલી; એ ભરચક, હું ચહેરો; એ દર્પણ, હું ખરબચડો છું; તો એ લીસ્સો,
મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

હું કુવાનું ઉંડું અંધારું થઈ જીવું; એ અજવાળું એના પર લીંપે,
એ જ મને મારામાં આવીને રમતો ને પત્તાની જેમ મને ચીપે.

હું એનાથી હારું, રીસાઉં ને ઝઘડું; પણ એના વીના છું સાવ ફીસ્સો.
મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

.4.

પાંપણ પર ઝુલતાં ’તાં સમણાં;
એ સમણાંનો હું પણ એક ભાગ હતો યાદ છે?

યાદ છે એ સાંજ, તું બોલ્યા વીના જ મને તગતગતી આંખથી વઢેલી?
એ ઘટના તો ત્યાં જ હજી બર્ફ જેમ થીજીને ઉભી છે સાંજને અઢેલી.

આથમતા સુરજના કેસરી એ રંગોમાં ઓગળતાં આપણે એ યાદ છે?
પાંપણ પર ઝુલતાં ’તાં સમણાં એ સમણાંનો હું પણ એક ભાગ હતો યાદ છે?

વર્ષોની ભીડ કોઈ ચોર જેમ આપણા એ દીવસોને ચોરી ફરાર થઈ,
એમ ઉભાં ’તાં રસ્તાની સામસામે આપણે ને વચ્ચેથી જીન્દગી પસાર થઈ.

દીવસ ઓઢ્યા ને પછી તડકામાં દોડ્યા ને છાંયડાઓ શોધ્યા ’તા યાદ છે?
પાંપણ પર ઝુલતાં ’તાં સમણાં એ સમણાંનો હું પણ એક ભાગ હતો, યાદ છે?

.5.

સમંદરને ખભા પર તું ઉપાડી ચાલ રણમાંથી,
પછી શું છે તરસ, સમજી જવાશે રેતકણમાંથી.

છે એવું કોણ જે અહીંયાં દીવો પ્રગટાવવા ઝુરતું?
બરફનાં કોડીયાં અંદર ભર્યું છે તેલ મેં પુરતું.

નીરંતર ઓગળે સૌ જણ અહીં પ્રત્યેક ક્ષણમાંથી,
હવે સમજાય છે જીવન બરફના શ્વેતકણમાંથી.

નથી આકાશ કૈં ચોરસ, એ કેવળ એક છે બારી,
તમે કાપી શકો જો આભ, તો લ્યો, આ રહી આરી.

મળે છળ રામને અહીંયાં ઘણી વેળા હરણમાંથી,
તમે છટકો તમારી આંખના કપટી વલણમાંથી.

.6.

ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે,
કેટલીયે જીન્દગીને અંદર પરોવીને જીવતો આ માણસ તો સોય છે.

તુટે જો શ્વાસ કદી સંધાતા હોય નહીં; તોય એમાં જીવને પરોવે,
જીતવાની જીદમાં એ ગુંથે છે જીન્દગી ને ગાંઠ પડી જાય, તો એ રોવે!

ભીતરમાં જોયું તો સમજાયું, માણસની અંદર કોઈ માણસ બીજોય છે,
ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે!

તોડીને પાંપણના બંધ, એ તો ધસમસતા આવે છે આંખોની બ્હાર,
સપનાંના ફુગ્ગા તો વેચવા છે સૌને; પણ માણસ પોતે છે અણીદાર!

પથ્થરના ચહેરા પર લીલીછમ કુંપળને ઉગવાની આશાઓ તોય છે,
ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે!

.7.

કાગળના ડુચા શી જીન્દગી થઈ ને તોય સાચવીને બેઠું છે કો'ક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

ખાલીખમ પેટના એ ખાડામાં ખુંપેલી, કેટલીયે સાંજ અહીં રોઈ છે,
પાણીના કોળીયાથી માણસની સળગેલી ભુખ, અહીં ઠરતી મેં જાઈ છે.

તોય હજુ ફુટપાથે બેસીને જીન્દગીઓ, ગોખે છે જીવતરના શ્લોક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

કેટલી તીરાડ પડી અંદર ને બ્હાર તોય ચાલે છે એમ હજુ શ્વાસ,
જેમ અંધારા ઓરડાને બારણાની તડમાંથી મળતો રહે છે ઉજાસ.

પાંજરાના પોપટની જેમ અહીં કેટલાંયે સપનાંની મરડાતી ડોક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

.8.

કદી ન આંગણ તુલસી વાવી, કદી ન બાંધ્યાં તોરણ;
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

જાતે થઈ ખંડેર ઉભાં છો હવે એકલા ઝુરો,
તમે ખરા છો, સાંકળ મારી, ઘરને ઘરમાં પુરો!

નસીબમાં પણ એને આવ્યું આખેઆખું રણ,
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

દીવાલ ઉપર પડ્યા ઉઝરડા કેમ કરી એ જોવે?
બારસાખ પર ચીતરેલા એ મોર હજી પણ રોવે.

હજી નેજવું કરી જુએ છે રાહ તમારી તો પણ,
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

.9.

મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?
ભર ચોમાસે લીંબોળી સુક્કી થઈ જાય, ઓલા લીંબડાના ભાયગ ફુટી જાય.

નદીઓનાં ભીનાંછમ સપનાંઓ ભરવાને, તુટેલાં માટલાંઓ સાંધ્યાં,
કાળઝાળ ઉનાળો આંખોમાં વરસે તે પાણીયારાં પાંપણ પર બાંધ્યાં.

સાતસાત દરીયાના હાથ લગી આવેલું ચોમાસું કોણ લુંટી જાય?
મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?

ઝાડ તળે ઉગેલા છાંયડાઓ સ્હેજ હજુ ધરતીના છેડા લગ પુગે,
ત્યાં જ વળી તડકો કોઈ પંખીની જેમ પેલા છાંયડાને આવીને ચુગે.

સુક્કા થઈ બેઠેલા કુવાની ધાર પરે સુરજને કોણ ઘુંટી જાય?
મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?

.10.

ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળી;
ઉભું એકલું બળબળ બળતું ઝાડ, ઝાડનો છાંયો ક્હેતો,
હવે તમારો વારો, તમને તમે જ બાળો.

મુળથી ઉખડી જાશે હમણાં એમ થતું ત્યાં થડની નીચે,
નાનકડી એક ખીસકોલી બાકોરું પાડે;
નથી અહીં કોઈ અવરજવર વેરાન થયેલા જંગલ વચ્ચે,
કોઈ હજી પણ એવું છે જે ઝાડ ગમાડે.

જાઉં કેમ હું પાછો એના શૈશવ પાસે દરેક પળમાં
વધતી ઉંમર કરે ઝાડનો કાં સરવાળો?
ખુલ્લી આંખે જાઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળી.

તમે જ ટોચે માળા બાંધ્યા, રહી ગયા છે પીંછાં એમાં,
એ પીંછાંઓ જાવ જઈને બહાર નીકાળો,
ટહુકાઓનું ગામ મુકીને ઉડી ગયેલાં પંખી;
પેલા લેણદેણના કીસ્સા કહું છું પાછા વાળો.

ઘટાટોપ કંઈ લીલું લીલું ઉગી રહ્યું છે મારી અંદર
હવે રોજ હું કહેતો : આવો મને ઓગાળો.
ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળી.

www.gujaratilexicon.com

## તેજસ દવે

સર્જકસમ્પર્ક:

તેજસ દવે,

13, મેઘના રો હાઉસ, ભવ્યપાર્ક ફ્લેટ સામે, બોપલ - અમદાવાદ-380058

eMail - tejasdave40@gmail.com Phone : 9904384769

કવીનાં પ્રકાશનો:

પ્રથમ ગીતસંગ્રહ -'ઓગળતી જીન્દગીના સમ'

પ્રકાશક - રીડજેટ પબ્લીકેશન – સોહમ – 2, પમો માળ, રામજી મંદીર સામે, નવરંગપુરા, અમદાવાદ

મુલ્ય - રુપીયા 80/- પૃષ્ઠસંખ્યા : 60 પ્રકાશન વર્ષ: 2015

પ્રકાશકસમ્પર્ક – 8200764576 / 9904384769 / 9825604613

@@@@@

113-385 : 15-10-2017

# મુક્તકો

– ડૉ. રઈશ મનીઆર

અનુક્રમણીકા

1.

આપે છે દીલાસા અને રડવા નથી દેતા,
દુ:ખ મારું મને જીરવવા નથી દેતા;
આંસુઓ ટકાવે છે મને ભેજ બનીને,
એ જીવતા માણસને સળગવા નથી દેતા.

2.

આ ખાલી ખીસ્સાને ખંખેરતાં ઘણું નીકળ્યું,
સીલક સફરની અનુભવનું રોકડું નીકળ્યું;
મરી જવાનું થયું મન, એ ક્ષણ વીતાવી લીધી,
પછીની ક્ષણમાં ઘણું જીવવા સમું નીકળ્યું.

3.

ડુબવાના ભયથી બેપરવા ગયા,
શબ્દના ઉંડા કુવે તરવા ગયા;
કો’ ઉપરછલ્લી ગતી ફાવી નહીં,
જ્યાં ગયા ત્યાં સાવ સોંસરવા ગયા.

4.

ભલે અલ્પ તોયે વધારે લખ્યું છે,
લખ્યું તે બધું રક્તધારે લખ્યું છે;
લખાણે લખાણે પ્રહારો થયા છે,
અમે પણ પ્રહારે પ્રહારે લખ્યું છે.

5.

મંત્ર, કીર્તન અને નમાજ ગઝલ,
આપણે ત્યાં સવારસાંજ ગઝલ;
એય સાચું કે મારું દર્દ ગઝલ,
એય સાચું કે છે ઈલાજ ગઝલ.

6.

વેદનાઓ ધરાર લઈ આવો,
લોહીની આરપાર લઈ આવો;
એક દરીયો છે આપની અંદર,
એક ખોબો બહાર લઈ આવો.

7.

અજવાળું પણ થયું અને પીડા થતી રહી,
છાતીના એક ખુણે કવીતા થતી રહી;
સળગી રહેલા ઘરમાં હવાની અવરજવર,
શ્વાસોની રોજ અગ્નીપરીક્ષા થતી રહી.

8.

સાચો છું તોય હું મને સાબીત નહીં કરું,
હું સત્યને એ રીતથી લજ્જીત નહીં કરું;
રાખે જો વીશ્વને તું વીખરાયેલું, પ્રભુ!
જા, હુંય મારા ઘરને વ્યવસ્થીત નહીં કરું.

9.

સ્મરણોનો આ પડાવ ઉઠાવીને ક્યાં જશે?
સ્પર્શોના લીલા ઘાવ ઉઠાવીને ક્યાં જશે?
કાલે અહીં નદી હતી, આજે નથી ‘રઈશ’,
માથા ઉપર આ નાવ ઉઠાવીને ક્યાં જશે?

10.

સાવ પરપોટા જેવો આ અવતાર છે,
ને સમયની સપાટી અણીદાર છે;
જીન્દગી, જીન્દગી! આપણાં બે મહીં,
કોણ છે અશ્વ ને કોણ અસવાર છે?

11.

તરવું કદી ન ફાવ્યું મને, તળ સુધી ગયો,
અમૃતની ઝંખનામાં હળાહળ સુધી ગયો;
મન્દીર કે મસ્જીદો સુધી અટકી ગયા સહુ,
જીજ્ઞાસાવશ જરાક હું આગળ સુધી ગયો.

12.

ન ભોમીયા, ન તો નક્શા લઈને રખડું છું,
લપેટી પગમાં, હું રસ્તા લઈને રખડું છું;
તલાશ છે મને મારી સળંગ હસ્તીની,
હું મારા અંશો અધુરા લઈને રખડું છું,

13.

રખડપટ્ટીને હું પ્રવાસો ગણું છું,
ને અડચણ નડે તો વીસામો ગણું છું;
દીવસભરની ઘટમાળ, જાણે મુકદ્દમો!
ને નીંદરને હું તો ચુકાદો ગણું છું.

14.

જ્યાં સ્નાન કરવા ઉતર્યો, બીલકુલ સુકી નદી છે,
એ લુપ્ત થઈ ચુકી છે, એ તો સરસ્વતી છે;
વસ્ત્રાહરણનું સાહસ, ને એકલો દુઃશાસન!
કંઈ કેટલાની એમાં નીઃશબ્દ સંમતી છે.

15.

ગમની ગહરાઈ ગઈ, ઉર્મીની ઉંચાઈ ગઈ,
બસ, ગઝલમાંથી મનોજાઈ, રમેશાઈ ગઈ;
સ્વસ્થ સઘળાં, કોઈ ઘાયલ નથી; કોઈ ન મરીઝ,
કોને કહીએ કે ગઝલ, સાવ તું નંખાઈ ગઈ!

16.

શમણું ભલે ને નભમાં વીહરવાનું હોય છે,
આંધી બનેલ ધુળને ઠરવાનું હોય છે;
હો પુષ્પ કે મનુષ્ય, બસ અવધીનો છે ફરક,
ખરતાં પહેલાં સ્હેજ નીખરવાનું હોય છે.

17.

જાણી ગયો છું આજ, કશું જાણતો નથી,
શું દર્દ? શું ઈલાજ? કશું જાણતો નથી!
આંબી વીજયની રેખ, ત્યાં છાલાં પડ્યાં પગે,
માથા ઉપરનો તાજ કશું જાણતો નથી!

18.

શ્રદ્ધા લઈ જાય છે, પણ એક સુધી,
આપણે પહોંચવું, દરેક સુધી;
હર કોઈ જાય છે, હરી પાસે,
ક્યાં હરી જાય છે હરેક સુધી!

19.

શબ્દોમાં કંઈ વીશેષ હું મુદ્રીત ન થઈ શક્યો,
એ ભાવમાં છું શેષ, જે મુખરીત ન થઈ શક્યો;
મારી ગઝલ, ને વાત હો મારી જ, એટલે,
એકેય શેર મારો સુભાષીત ન થઈ શક્યો.

20.

ચેતજે, જીતમાંય હાર ન હો,
સુખ એ દુઃખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.

21.

હયાતી આપી યુગોથી હવન ચલાવે છે,
જ્વલંત જાત દઈ એ જ્વલન ચલાવે છે;
‘રઈશ’ એ તને ક્યાંથી ઠરીને બેસવા દે?
ગ્રહો જે ઘુમતા રાખી ગગન ચલાવે છે!

22.

આવ્યું ન આવનાર, સમસ્યા કશી નથી,
ખુલ્લાં પડ્યાં છે દ્વાર, સમસ્યા કશી નથી;
આશા છે એકની અને આદત બીજાની છે,
હા હોય કે નકાર, સમસ્યા કશી નથી.

23.

વીશ્વાસ પણ ગમે છે, ધોખો મને ગમે છે,
છાતીએ ઘાવ કાયમ, તાજો મને ગમે છે;
પોતે તબીબ છું; પણ મારો ઈલાજ ક્યાંથી?
વર્ષોથી સંઘરેલા રોગો મને ગમે છે.

24.

જે મળે માન કે અપમાન સ્વીકારી લઈએ,
એ નથી આપણી પહેચાન, સ્વીકારી લઈએ;
પાઘડીઓને ઉડાવે છે પવન સદીઓથી,
ધુળ ખંખેરી બચી શાન, સ્વીકારી લઈએ.

25.

મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,
ભુંસાવા ક્યાં દીધો કક્કો, હજુ પાટીમાં રાખ્યો છે;
મલક કંઈ કેટલા ખુંદ્યા બધાની ધુળ ચોંટી; પણ
હજુ પણ મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે.

26.

વૃદ્ધી છે વસ્તુઓની હવે ઘરમાં જેટલી,
મળતી ન વૃદ્ધ માટે જગા હૈયા જેટલી.
દાદા વીચારે ઘરમાં ખુણો ક્યાં છે મારે કાજ?
હા, ભીંત પર બચી છે જગા ફોટા જેટલી!

27.

ઉતાવળ ...કશેક પહોંચવાની ઉતાવળ,
ન હોવાની ચીંતા, થવાની ઉતાવળ;
શીખર પર જગા અલ્પ, ને ભય પતનનો;
હતી ટોચ પર પહોંચવાની ઉતાવળ.

**28.**

પર્વતોમાંય રસ્તા પડી જાય છે,
મૃગજળોની તરી નાવડી જાય છે;
હાંફતા હાંફતા હાંફતા એક દી’,
શ્વાસ લેતા પછી આવડી જાય છે.

**29.**

યુવાની જાય છે, ક્યાં વૃદ્ધ બનતાં વાર લાગે છે!
જીવન જીવતાં રહીને બુદ્ધ બનતાં વાર લાગે છે.
કશું પાસે ન હો ઝાઝું, કશાની ખેવના ના હો,
જીવનમાં એટલા સમૃદ્ધ બનતાં વાર લાગે છે.

**30.**

કોણે કહ્યું કે રસ્તે પથ્થર બહુ નડે છે,
હો બુટની જે અંદર કંકર બહુ નડે છે;
સાથી બની બનીને જોડાય જે શરૂમાં,
યાત્રામાં એ જ સઘળાં આખર બહુ નડે છે.

ડૉ. રઈશ મનીઆર

સર્જકસમ્પર્ક:
–ડૉ. રઈશ મનીઆર,
6-B, રત્નસાગર એપાર્ટમેન્ટ, ચાંદનીચોક પાસે, પીપલોદ,
સુરત-395 007 Mobile : 98251 37077
eMail : amiraeesh@yahoo.co.in

@@@@@

114-388 : 26-11-2017

# મત્લાવીશેષ

(ગઝલના પ્રથમ શે'રને 'મત્લા' કહેવાય છે)

સંકલન : સુનીલ શાહ

અનુક્રમણીકા

*** *** .1. *** ***

શબ્દ કેવળ નથી, ખુમારી છે;
જાત કાગળ પર ઉતારી છે.

આસીફખાન આસીર

*** *** .2. *** ***

હવા, ભીંત, આકાશની છત મળી છે,
મને આમ, ખોદાઈ આખી ફળી છે.

રાહુલ શાહ

*** *** .3. *** ***

છેક ગળથુથીથી ગંગાજળ સુધી ચાલ્યા અમે,
એમ લાગ્યું, ફક્ત બસ મૃગજળ સુધી ચાલ્યા અમે

સુરેશ વીરાણી

*** *** .4. *** ***

કોણ કહે છે જીન્દગીમાં કંઈ મને સંકટ નથી,
હસ્તરેખા કોઈની પણ સાવ સીધી સટ નથી.

સુષમ પોળ

*** *** .5. *** ***

જરીક સત્ય શું કહો કે તાવ આવી જાય છે,
ને જુઠ સામે આગવા બચાવ આવી જાય છે.

પ્રજ્ઞા વશી

*** *** .6. *** ***

જીત્યો પ્રથમ સ્વભાવ, પછી કામ થઈ ગયું;
છોડ્યા બધા લગાવ, પછી કામ થઈ ગયું.

પારુલ ખખ્ખર

*** *** .7. *** ***

મખમલ સમા એ સ્પર્શના તારા કમાલથી,
પલળી ગયો હું ભીતરે, કોરા ગુલાલથી.

વીપુલ માંગરોલીયા ‘વેદાંત’

*** *** .8. *** ***

એમ ના બોલો તમે ગમતા નથી,
માત્ર તમને ચાહું એ ક્ષમતા નથી.

દીવ્યા મોદી

***   *** .9. ***   ***

એક દોસ્ત એવો હોય, બધી વાત સાંભળે;

જો પીઠ થાબડે તો, કદી કાન આમળે.

મંથન ડીસાકર

***   *** .10. ***   ***

ડાયરી, બોલપેન ને ચશ્માં મળે,

તો મને ઈશ્વર મળે, અલ્લા મળે!

નીનાદ અધ્યારુ

***   *** .11. ***   ***

જીન્દગાની આખરે છળ નીકળે,

ઝાંઝરી સમજો ને સાંકળ નીકળે!

મેહુલ પટેલ ‘ઈશ’

***   *** .12. ***   ***

અંતકાળે પાસપાસે રાખજો બન્ને કબર,

એક સાથે પ્રેમના નામે થશું બન્ને અમર.

પ્રશાંત સોમાણી

***   *** .13. ***   ***

એમ પીડાને હું હરાવું છું,

તું વધારે છે; હું વધાવું છું.

સુનીલ શાહ

***   *** .14. ***   ***

સજાવટ હોય સુંદર; તે છતાં સુંદર નથી હોતાં,
છે કારણ એ જ કે, સઘળાં મકાનો 'ઘર' નથી હોતાં.

ગુણવંત ઠક્કર 'ધીરજ'

***   *** .15. ***   ***

એકધારા કામથી અકળાય છે,
એટલે આ મોસમો બદલાય છે.

સંધ્યા ભટ્ટ

***   *** .16. ***   ***

આ જાતમાં થયા છે સુધારા સમય જતાં,
કેડીથી જેમ થાય છે રસ્તા સમય જતાં.

લક્ષ્મી ડોબરીયા

***   *** .17. ***   ***

ભર વસંતે પાનખર છે આમ તો,
હરઘડી ખરવાનો ડર છે આમ તો.

રાકેશ હાંસલીયા

***   *** .18. ***   ***

રુપ તો ચાહવાનું બહાનું છે,
બહાનું છે; તે છતાં મઝાનું છે.

હરીશ ઠક્કર

*** *** .19. *** ***

કેટલો વીશ્વાસ ઓઢી બેસવાનું હોય છે!
પ્રેમમાં તો શ્વાસ ઓઢી બેસવાનું હોય છે.
હેમાંગ જોશી

*** *** .20. *** ***

સદરહુ લોહીથી સઘળું લખાવ બાબતમાં,
બયાન પથ્થરે માંગ્યું છે ઘાવ બાબતમાં.
પંકજ વખારીયા

*** *** .21. *** ***

અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,
તું ચમચી લઈને ઉભો છે દરીયો માગવા માટે?
અનીલ ચાવડા

*** *** .22. *** ***

પત્રમાં ઈચ્છા બધી ચંચળ લખું,
લાવ, ઈશ્વરને હવે કાગળ લખું.
બી.કે. રાઠોડ 'બાબુ'

*** *** .23. *** ***

માર્ગમાં મોકા રખડતા હોય છે,
એ રખડતાંને જ મળતા હોય છે.
ગૌરાંગ ઠાકર

*** *** .24. *** ***

કીનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે,
અલગતા આપણી એમ જ સ્મરણને જીવતું રાખે.

રઈશ મનીઆર

*** *** .25. *** ***

આપણી અંદર મરી, પરવારી ગયેલા કોઈએ,
બાગમાં પથ્થર બનીને જન્મ લેવો જોઈએ.

મુકુલ ચોકસી

*** *** .26. *** ***

બાકી શરીર કૈં નથી, ચહેરો છે દોસ્તો;
ઓળખ, અટક ને નામનો પહેરો છે દોસ્તો.

નયન દેસાઈ

*** *** .27. *** ***

ચકલીએ ચાંચ મારી, ને ફોટો પડી ગયો,
દીવાલ પરથી આખો કબીલો પડી ગયો!

ભગવતીકુમાર શર્મા

*** *** .28. *** ***

ધોઈ નાખ્યાં હાથ સ્વજનથી, કોણ હવે શત્રુમાં ખરડે?
ઉંડા ઘા તો કંઈક સહ્યા, પણ જાન ગયો છે એક ઉઝરડે.

'અમર' પાલનપુરી

**સમ્પાદન અને અક્ષરાંકન : સુનીલ શાહ**

સંકલનકાર–સંપર્ક: સુનીલ શાહ,

N-101, ન્યુઝ એવન્યુ એપાર્ટમૅન્ટ, અડાજણ, આનન્દમહેલ રોડ,

સુરત- 395 009

Phone : 0261-273 2226 Mobile : 94268 91670

eMail : sunilshah101@gmail.com

Blog : http://sunilshah.wordpress.com

@@@@@

115-391 : 07-01-2018

# ગીત

– દેવીકા ધ્રુવ

અનુક્રમણીકા

.1.

## દરીયાને થાય

દરીયાને થાય કદી રેતી હું થાઉં ને રેતીને થાય, બનું દરીયો.
કાંઠા તો બેઉ કહે આંગળી ચીંધીને કે તારો ખજાનો છે ભરીયો..

મર્કટ આ મનડું તો આમતેમ ભટકે,
સઘળું હો પાસ પણ ક્યાંક્યાં જઈ અટકે.
ઉંચેરાં વાદળની આંખ છે ધરા પર,
ને ધરતીની વરાળ જાય આભ પર.
સદીઓ વીતી, ના જાણે કોઈ ક્યારે આ ભીતરનો દરીયો.
દરીયાને થાય કદી રેતી હું થાઉં ને રેતીને થાય, બનું દરીયો.

છે મઝધારે રહેવાનું આકરુંઅકારું,
ને કીનારે પહોંચવાને હામ હું ન હારું.
જો સમંદર, અંદરથી ફીણ-ફીણ થાતો,
અડકી રેતીને વળી પળમાં વળોટાતો.
'નથી' તે પામવાની ઝંખનાએ એને તળીયેથી ઉંચકીને ફેરવ્યો.
દરીયાને થાય કદી રેતી હું થાઉં ને રેતીને થાય, બનું દરીયો

.2.

## શબ્દોની નાવ

‘શબ્દોની નાવ’ લઈ ચાલી સવારી, સંવેદનાના સાગરમાં તરતી,
ભાવો-અભાવોના કાંઠાની વચ્ચે, આ ‘અક્ષર હલેસે’થી સરતી,
મારા, તારા ને કદી આપણાયે રસ્તાઓ, છેદી-ભેદીને બસ,
મસ્તીથી આગળ ને આગળ, સમયની ધારે વીહરતી...શબ્દોની નાવ લઈ ચાલી સવારી
ધાર્યું’તું, ઉંડે જઈ, ડુબકી મારીને પછી, ભીતરના મોતી લઈ ધરશું,
ફુલ સમી કોમળ ખુબ માળાઓ ગુંથી, આ હૈયાના હારને પહેરાવશું.
પણ ખેવનાના હાથમાં અક્ષરનું જ હલેસું, ધસમસતાં ભાવ-પુર નાથતી,
લો, કવીતા સીવાય કંઈ બીજું ના ધરતી...શબ્દોની નાવ લઈ ચાલી સવારી
કહે છે કે પાંખ હોય તો ઉડાય ને દુર ઉંચે વાદળનેય અડાય,
ને પંખીની જેમ મન ફાવે ત્યાં જવાય ને ફુલ જેવાં હળવા રહેવાય
કલમ સહેલી આ વાત પાડે ખોટી ને ખેંચે આંગળીઓને ઝાલતી,
એ તો દોડે, ઉડે, અરે! સુરજ ને ચાંદ લગી પહોંચે,
નીતરતી....શબ્દોની નાવ લઈ ચાલી સવારી..

## .3.

## સોનેરી રજકણ

વાદળદળની ધારે ફરતી, સોનેરી કોર સળવળસળવળ,
નાની શી એક રજકણ ખોલે, આભલું આખું ઝળહળઝળહળ.
કોઈ આવી પીંછી લઈને, ચીતરે સુંદર રંગ અનોખા,
દીવ્ય મનોહર દૃશ્ય અનુપમ, નીખરે સઘળા વીશ્વે હરપળ.
શાંત પડેલી લાગણીઓના, ધુમ્મસ-છાયા પડળો ઘેરા,
કંકર પડતાં વલયો રચતા, જળનાં તળ તો ખળભળખળભળ..
ખોલે અચાનક મનના દ્વારે, દુરથી પ્રેમે હાથ પસારી,
સમજણ કેરી રજકણ ખોલે, નયને અશ્રુ ઝળઝળઝળઝળ.
પાંપણના પલકારા સરખી, પળની અહીં છે આવન-જાવન,
આદી-અંત છે નોખા–અનોખા, જડ-ચેતનના નીશ્ચય પ્રતીપળ.

## .4.

## અલ્લડ આ મેઘ

અલ્લડ આ મેઘને થયું શું સવારે? કે સુરજની બત્તી બુઝાવીને આવે!
છેડ્યો હશે મલ્હાર કોઈ તાના-રીરીએ, કે ચીરીને આભલાને તેથી એ આવે!

પાગલ પવનનાં અંગ મહીં સુરો,
ફુંકી ભરીને લીલાં પાનને નચાવે!
શ્વેત આ પ્રભાત પર શ્યામરંગી ચાદર
પાથરીને પ્રેમભીની રમઝટ મચાવે.

અલ્લડ આ મેઘને થયું શું સવારે? કે સુરજની બત્તી બુઝાવીને
આવે!

પંખીના કલરવને મબલખ આ ધાર,
ગગનની ગરજનને નવલખ આ ઝાર,
મખમલી ઉર્મીને મનભરી અડકે ને છેડે,
ને ધરાનો કુદરતી રાસ એ રચાવે!
અલ્લડ આ મેઘને થયું શું સવારે? કે સુરજની બત્તી બુઝાવીને
આવે!

રોમરોમ જાગે ને વાગે શરણાઈઓ,
ભીતરના જીવ મહીં શીવનેજગાડે,
હૈયાના મંદીરમાં મૌનનો ઘુમ્મટ લઈ,
અનંતના આનંદની ધ્વજા ફરકાવે.
અલ્લડ આ મેઘને થયું શું સવારે? કે સુરજની બત્તી બુઝાવીને
આવે!

## .5.

## મેળો

મનના મેદાને આ જામ્યા છે મેળા ને મેળામાં લોક નવા આવ્યાં
છે ભેળા.

સગપણનાં ચકડોળ તો હારે ને હારે,
બચપણથી ફરતાં રોજ રેશમને તારે.

વળગણ થઈ ઘુમતાં સૌ સાથે ને માથે,
ને ગણગણતા ઉમટે જેમ સાગરકીનારે.
લઈ મોજાં સમ ઘેલાં આ જામ્યા છે કેવાં, લો, મનના માંડવડે
આ ઉમટ્યા છે મેળા.

ક્યાંક ઈચ્છાના રંગીન બે ફુગ્ગાઓ ફુટે,
ને બર્ફીલા ઠંડાગાર ગોળાઓ છુટે.
આ ફુટવા, છુટવાની વચ્ચે એક હાલતો,
લોલક શો હીંચકો તો હૈયું હલાવતો,
ટકરાતા ટોળાંથી, અળગા સવેળા, તો ઠમકારે મહાલે ભીતરના
આ મેળા..

વાળુ વેળાએ મેળો વીખરાતો જાય,
ગોળ ગોળ ચકરાવો વીરમાતો થાય,
પલમાં તો લોક સૌ અલોપ થતાં જાય,
બાંધેલી ધમણો પણ ઓસરતી થાય,
ત્યાં હળવા મુકેલા મારગ અલબેલા, ત્યાગી જે માણે માયાના
આ મેળા....

.6.

## પલના પલકારે

રોજ રોજ નજરોની સામે જ દીવસ ને રાત, કેવું હરતું ને ફરતું,
સાવ કાચી માટીનું સજેલું આ પુતળું, ક્યારે કાયાને બદલતું.

કાલ તો કરતી'તી રેતીની નાની શી ઢગલી,
ને ફરતી'તી આંગણ લઈ મખમલી પગલી.
યુગ તણા વહેણમાં આ ક્ષણ મહીં સરતી,
એકાએક જાત તો યુવાન થઈ ઉછળતી.
પુછો તો પુછો, કોઈ કોને કે કેવી રીતે ને કોણ કરતું?
કોની કરામત ને કેવાયે તારથી જાદુઈ ખેલ બધા રચતું.....સાવ કાચી

પાનખર-વસંત ને ઋતુઓની રીત સમી,
ચડતી જવાનીના પુર જાય ઓસરી.
એક દીન દર્પણ દેખાડે કરચલીનાં જાળાં,
ને અંગો સહુ માંગતાં સમારકામ આળાં.
ત્યારે દેહમાં પુરાયેલ નાનકડું હંસલું ભીતર ને ભીતર ફફડતું,
ઉડી જઈ પંખીની જેમ એમ પાછું, કોઈ નવા પીંજરમાં જઈ વસતું.
આ નર્તન અનંતનું પલના પલકારે, ક્યારે ને કોણ હશે કરતું?
સાવ કાચી માટીનું સજેલું આ પુતળું ક્યારે કાયાને પલટતું.

.7.

## કૃષ્ણ-રાધા પ્રેમસંવાદ

પુછે છે રાધા, પાસે જઈ કાનાને, વ્હાલપથી કાનમાં,
અગર જો રાધા, હોત જરા શ્યામ,
સાચુકડું કે'જે, શું ચાહત તું શ્યામ?
પુછે કાં રાધા, આમ અણગમતું કાનમાં,

અગર જો રાધા, હોત જરા શ્યામ,
સાચુકડું કહેજે, તું જાણે ના જવાબ?
પુછે છે રાધા, પાસે જઈ કાનાને, ધીરેથી કાનમાં,
અગર જો હોત ના ગાયો ને ગોપી,
તો મથુરામાં વાસ કરી, ખેલત તું હોળી?
પુછે કાં રાધા, આમ, અમથું સાવ કાનમાં,
અગર જો હોત, ના ગાયો ને ગોપી,
તો સઘળું સરજીને હા, ખેલત હું હોળી!
પુછે છે રાધા, પાસે જઈ કાનાને, હળવેથી કાનમાં,

અગર જો હોત ના છીદ્ર આ વાંસળીમાં,
વીંધ્યા વીણ સુર, શું રેલત તું વાંસળીના?
પુછે કાં રાધા, આમ ખોટું ખોટું કાનમાં,
અગર જો હોત, ના છીદ્ર આ વાંસળીમાં,
વીંધ્યા વીણ સુર, શું પામત તું વાંસળીના?
પુછે છે રાધા, પાસે જઈ કાનાને, સ્નેહેથી કાનમાં,

અગર જો મોરપીંછ હોત જરા પીળુંપચ,
સાચુકડું કે'જે, શું રાખત તું શીર પર?
અગર જો મોરપીંછ, હોત આ પીત્તરંગ,
રુદીયાનો રંગ ભરી, રાખત હું શીર પર!
પુછે છે રાધા, પાસે જઈ કાનાને, વ્હાલપથી કાનમાં,
અગર જો રાધા હોત જરા શ્યામ,
સાચુકડું કે'જે, શું ચાહત તુ શ્યામ?

પુછ ના, પુછ ના ગોરી, મનમાની, તું આવ જરા ઓરી,
અગર જો રાધા, હોત જરા શ્યામ,
શ્યામ રંગ, શામ સંગ, આમ દીસત એકાકાર!

.8.

## અતી સ્નેહ

બન્ને હાથની નાજુક હથેળીમાં મૃદુતાથી મુજને પકડે છે તું,
ને સાચવી સાચવીને ખુદની નીકટ ખુબ જકડે છે તું.

પાંદડી સમ પલભર સહેજ જ જો સરકું,
તો ગભરાય છે મન તારું પારેવા સરખું,
પછી ફુલ જેવી હળવાશે અડકે,
અતી કોમળતાથી ઝટ દઈ પકડે,
સાચવી સાચવીને ખુદની નીકટ ખુબ જકડે છે તું.

આપે છે ધ્યાન અવીરત દીવસ–રાત
મુજમાં જુએ છે વળી ખુદની તું જાત,
હું ના હોઉં સાથ, તો સૌ સાથ ઝઘડે,
રાતોચોળ ચહેરો લઈ સૌની પર બગડે.
સાચવી સાચવીને ખુદની નીકટ ખુબ જકડે છે તું.

પ્રેમમાં પાગલ દીઠાં ઘણાંયે રોઈ, ધોઈને,
આવો તે સ્નેહ કદી કોઈએ, કીધો છે કોઈને?
ચેતન હરાતું જ્યાં લાગે ને સાદ જરા રગડે,

ક્ષણના વીલંબ વગર પ્રાણ પુરી ખુશ થાય મનડે
સાચવી, સંભાળીને ખુદની નીકટ ખુબ જકડે છે તું.

લી. તારો પ્રીય મોબાઈલ...

.9.

કુદરત

ધરતી લીલી સાહેલી ને સુરજ તો જગ સાજન,
કોમળ કુણો તડકો વીંટે અંગઅંગ મનભાવન.
નુતન ફુટતી કળીઓ આણે મનમાં થનગન ફાગણ,
વાયુ લાવે સંદેશાઓ વાદળ જાણે વ્હાલમ.
ઉંચા અદકા પરવત ભરતા ચીંતનની કો' ગાગર,
તળીયે ખળખળ વ્હેતા ઝરણાં લાગે પગનાં ઝાંઝર.
નીર નદીનાં નીર્મલ રાખે અંતરતલને પાવન,
પંખી મધુરાં ગીતો ગાતાં તરુવર જાણે પાગલ.
તેજ સમેટી સુર્ય સુવાડે દઈને શ્યામલ ચાદર,
પરમ શાન્તી શીર પર જ્યારે ટમકે ટમટમ તારક.
ચાંદ રેશમી રાતની સાથે કરતો સરતા કામણ,
આભ ઝળુંબી ચુમે ધરાને, દર્પણ જાણે સાગર.
મૌન કુદરત કહે શબદને મને હવે તું સાંભળ,
રૌદ્ર-રમ્ય, કરાલ–કોમલ, જીરવ યુગયુગ માનવ.

.10.

## જાગ્યા ત્યાંથી સવારે

એક સમી સાંજને ટાણે, આ સાગરને મઝધારે, અમે ચઢી ગયા વીચારે,
જરા ડોલતી નાવની ધારે, જોઈ સામે કીનારે, અમે ચઢી ગયા વીચારે.

પાર કરી છે પોણી ને પા જેટલી બાકી,
આજ લગી આ નૌકા વેગે હાંકી;
બન્ને હલેસાં હવે ગયાં છે હાંફી,
ને પહેલાં કરતાં ચાલે થોડી વાંકી.
સમય આવ્યો સમજી લેવા આબોહવાને તાલે, એકમેકને ઈશારે,
એક સમી સાંજને ટાણે, આ સાગરને મઝધારે, અમે ચઢી ગયા વીચારે.

તારું–મારું, મારું–તારું, કરતાં કરતાં ચાલ્યાં,
આગળ-પાછળ, પાછળ-આગળ દોડ્યાં;
ખાડા-ટેકરા, તડકા-છાંયા રસ્તાઓ વટાવ્યાં,
ખારાં-તુરાં, કડવાં-મીઠાં પીણાં સઘળાં ચાખ્યાં.
રહ્યું કશું ના બાકી, લાગે ઝબકી તંદ્રાવસ્થે, પરસ્પરને સહારે,
એક સમી સાંજને ટાણે, જાગ્યા ત્યાંથી સવારે, અમે ચઢી ગયા વીચારે.

@@@

–દેવીકા ધ્રુવ

સર્જક–સમ્પર્ક:

DEVIKA DHRUVA

11047, North Auden Circle, Poet’s Corner,

Missouri City, TX 77459-USA

Phone -281-778-9120 Cell No. 281 415 5169,

eMail - ddhruva1948@yahoo.com

Websites: http://devikadhruva.wordpress.com and www.devikadhruva.gujaratisahityasarita.org

પ્રકાશીત કાવ્યસંગ્રહ : (1) ‘શબ્દોને પાલવડે’ (પ્રાપ્તીસ્થાન: કવયીત્રીને એમની ઉપરોક્ત આઈડી પર ઈ.મેલ લખવી. મુલ્ય ભારતમાં રુપીયા 250 + પોસ્ટેજ, ભારત બહાર ડૉલર 10 + પોસ્ટેજ.)

તૈયાર થઈ ચુકેલાં બીજાં બે પ્રકાશનો (2) ‘અક્ષરને અજવાળે’ (3) ‘કલમને કરતાલે’

@@@@@

116-394 : 18-02-2018

# ગીત

– પ્રકાશ પરમાર

અનુક્રમણીકા

.1.

ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

બાનો પાલવ, મીઠાં સપનાં ને વરસાદી હોડી,
ભીની પથારી કરી શરમથી દેતો મોં સંતાડી.
કાચના ટુકડા, ખાલી બાકસ, પેન તુટેલી,
લખોટીઓ, ફીલમના ફોટા, મોંઘી મુડી;
સૌને માટે હોય ભલે એ રદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

ઈત્તાકીત્તા, ચલકચલાણી, પીપળે સંતાકુકડી;
ભય સંગાથે ભુતની આંબલી એકલી એકલી રમતી.
દાદાજીની મુછો નીચે પરીઓ કેવી હસતી!
રાક્ષસ, રાજા, રાજકુંવરની વાતો ગમતી.
એ રાક્ષસની બેટી કેવી લગતી ભદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

નાસતાંનાસતાં નાસ્તો થતો, વાળું બપોર ઉભડકઉભડક;
ચોક વચાળે ડંગોરાનો ઘોડો કુદતો તબડકતબડક.
ગાય કોની વીયાશે પહેલી એની થતી રકઝક,
સળવાળા ને બાદબાકીની વચ્ચે ઝરતી ચકમક.
ઘંટ નીશાળની છુટ્ટી હવે રહે શી વટ્ટી?
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી!

ધુળમાં પગલી પીચકારીમાં ભરી છલોછલ હોળી,
ગામતળાવે ડુબકી, વડલે ઉંધી ટીંગાટોળી.
ભેરુબંધોની ટોળી લઈને ફરતી ગીલોલગોળી,
ચડે પતંગ આકાશે લુંટવા થતી દોડાદોડી.
કો'ક તો પછી આપો મારી કપાઈ ગયેલી કુદ્દી!
ગળતું નાક ને ફાટલી ચડ્ડી;
મારે મન દીલ્લીની ગદ્દી..!

.2.

પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને કુટવાનાં ઓરતાં,
છણકો કરીને તેથી કુંપળ બોલી : ‘નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

ઝાડ જેવું ઝાડ જ્યારે ખુરસી થઈ જાય, ‘નહીં ખરવા' ને ‘કુટવા'ની હોડ લાગે,
પોતીકા સંબંધો હડસેલી બધ્ધામાં આગળ થવાની જ દોડ લાગે!

રઘવાયાં પંખીઓ માળો કરવાને હવે ફ્લેટમાં બખોલોને શોધતાં.
પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને કુટવાના ઓરતાં,
છણકો કરીને તેથી કુંપળ બોલી : 'નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

ઝાડ પણ મુંગું મુંગું પંપાળે વેદના, આ વાત પર હસવું કે રોવું?
સીમેન્ટના જંગલમાં જેમતેમ એણે પણ જાળવ્યું છે ઝાડ જેવા હોવું.
લાગી આવે છે સાલું કુલો પણ જાણે ફ્લાવરવાઝમાં જ મ્હોરતાં!
પાંદડાંએ ખરવાનો નન્નો ભણ્યો અને કુંપળને કુટવાના ઓરતાં
છણકો કરીને તેથી કુંપળ બોલી : 'નહીં ખરતાં તે પાન બધાં ચોરટાં!'

.3.

પંખીને હોય કેવું સારું!
મનગમતાં ઝાડની મનગમતી ડાળ પર બેસી શકે એ પરબારું!
ઝાડનેય નથી હોતું મારુંતારું!

કાગડોય અહીં બેસી ક્રાંઉ... ક્રાંઉ.. કરતો ને બુલબુલ પણ અહીં બેસી બોલે,
પારેવાં જોડ કરે વ્હાલની ઉજાણી એની મસ્તીમાં ડાળ આખી ડોલે;
તડકો કે છાંયડો, ફળ-ફુલ-કાંટા, અહીંયાં તો બધ્ધું સહીયારું.
પંખીને હોય કેવું સારું!

www.gujaratilexicon.com

ક્યાંથી આવો છો? તમે કેવાં છો? એવું તો પંખીઓ કોઈને ના પુછે,
માણસ જેવું નથી કે આંસુનાં કારણ પહેલાં પુછે ને પછી લુંછે.
એટલે તો કેટલાય માણસને નડી રહ્યું માણસ હોવાનું અંધારું.
પંખીને હોય કેવું સારું!
મનગમતાં ઝાડની મનગમતી ડાળ પર બેસી શકે એ પરબારું!
ઝાડનેય નથી હોતું મારુંતારું....!

.4.

ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

ટીલાંટપકાં, હોમ-હવન ને બાધાઆખડી બહુ કર્યાં,
પાપપુણ્યના નહીં દેખાતા વહીવંચાથી ખુબ ડર્યાં;
ભાર બધોયે હળવો કરીને ‘હાશ’ને બાથમાં ભરીએ.
ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

ભવ્ય મન્દીર મહાલયોની બંદી એમને માફક આવી,
કંઈ જ નહીં કરીને રળવાની લાલચ એમને ખુબ જ ફાવી;
પરસેવાના પમરાટથી બંધ આંખોને ખુલ્લી કરીએ!
ચાલો, થોડુંક માણસ માણસ રમીએ!
ઈશ્વર ઈશ્વર બહુ થયું; હવે સાલસ સાવ નીખાલસ રમીએ!

.5.

વેલાને નામે અમે વાડ જ ઉછેરી, હવે કાંટા આવ્યા છે એને
ઝેરી;
ચોગમ ઉંચેરી દીવાલ ચણીને અમે વાડની જ બાંધી દીધી દેરી!

લોકનું તો શું કે'છે એની માને... તાયફાથી એવા એ તો
ભરમાશે,
ધુમાતું ઉંબાડીયું ચાપશું જરીક ત્યાં તો વાંહેથી મોર એ થાશે.
પછી દાઢીમાં તણખલું નાંખે તક જોઈને એ જ પરખંદો ઝવેરી!
ચોગમ ઉંચેરી દીવાલ ચણીને અમે વાડની જ બાંધી દીધી દેરી!

સમજણની રાખે અહીં કોણ દરકાર, જ્યારે હૈસો-હૈસોના ઢોલ
વાગે,
સારાનરસાનો ભેદ ગામના ગોંદરેથી જ મુઠ્ઠી વાળીને પાછો
ભાગે,
ઉપરઉપરથી લોક સારીપો રાખે ક્યાં અંદરથીયે સમજે છે વેરી?
વેલાને નામે અમે વાડ જ ઉછેરી, હવે કાંટા આવ્યા છે એને
ઝેરી!

.6.

સળગે મારે હૈયે હોળી!
પીચકારીઓ ભરી ભરી આવે ઘેરૈયા ટોળી!

સાજન વેરી ઝંખે તુજને મારું અંગેઅંગ,
તારા વીના મુજને લાગે ફીક્કા સઘળા રંગ;
રાખશે ક્યાં લગ કોરી મુજને? દે તારામાં બોળી.
સળગે મારે હૈયે હોળી!

ભરચક ધમરક રંગ વચાળે રંગવીહોણી હું,
આવ, વહેલો આવ મને જોઈએ કેવળ તું;
જોગણ બનીને જાચું સાવ સુની મારી ઝોળી,
સળગે મારે હૈયે હોળી!

.7.

છોકરી હવે માથાબોળ ન્હાય છે;
માવતરની ચીંતા વધી જાય છે!

ડુંગરનો ભાર બધો રુદીયામાં દાબી રાખે વહેતા પવન જેવું મન,
કોળેલાં કેસુડાં જેવું જ ખીલ્યું છે સાવ ભડકીલું એનું ગવન;
ખીલેલાં ફુલની સોડમની જેમ એય હવે મઘમઘ થાય છે!
છોકરી હવે માથાબોળ ન્હાય છે.

માવઠું કમોસમી આવી પડવાની બીક છાતીમાં ફાળ થઈ આવે,
કૈં પણ વાવ્યું નથી એવી ભોમ કોળે ને નીંદામણ દોથો ઉગી આવે;
આગામી અવસાદો સાંભરી સાંભરી ભીતરથી એ તો તરડાય છે!
માવતરની ચીંતા વધી જાય છે!

www.gujaratilexicon.com

.8.

અમને બહુ ભાવી, બહુ ભાવી;
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

આછો કેફ આંખોમાં આંજી મનભર હરપળ લાવી,
નાગરવેલનાં કુણાં પાનની કુંપળ સાથે લાવી!
મ્હેક્ભીનો ગજરો એની ચોટલીએ વીંટળાવી;
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

ઉડતી ગોરજ, ઝાલરટાણું, માળો શોધતાં પંખી;
પરસાળના સુના હીંચકાએ ઠેસ પગની ઝંખી.
અવાવરું ઓરડાને ખોલવા કોઈ લગાડો ચાવી,
આ વરણાગી સાંજ રુમઝુમ રુમઝુમ આવી.

.9.

શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
‘વેન્ટીલેટર’ પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

ગોકુળીયામાં સોપો પડી ગ્યો મુંઝવણને સરનામે,
‘ઈ.સી.જી’ ને ‘ઈકો’ કરાવી ‘લેબ’ નામના ધામે;
હૃદયકંપ આવે પછી માણસ ક્યાં રહે છે અહીંયાંનો?
શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
‘વેન્ટીલેટર’ પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

મારી ઠેકડાં શીકે ચડી હવે માખણ નહીં ખવાશે,
મારી ધુબાકો જમનામાંથી દડુલો નહીં લવાશે;
ગર્વ બધોયે ગળી જવાનો કાળી નાગ નાથ્યાનો,
શામળીયાને શ્વાસ ચડ્યો છે, ગોવર્ધન ઉંચક્યાનો;
'વેન્ટીલેટર' પર રાખ્યો છે એને સૌથી છાનો છાનો.

.10.

હરી, આવો કાં બોલાવો...!
જોવા તમને મારે લેવો ભવ-ભવનો ચકરાવો?

પાકેલી કેરીની સોડમ હું સંતાડું કેમ?
અક્ષત ઝંખના મળવાની હવે ગોપીત રાખું કેમ?
હરુંભરું તમને થવાનો મેં કીધો દાવો,
હરી, આવો કાં બોલાવો...!

મંદીર, દેરી, મહાલયો શી હવેલીઓ પણ ઠાલી,
આરાધન, કીર્તનનાં ગાણાં લાગે ખાલી ખાલી;
હોવાપણાની સાચુકલી એક ધજા ફરકાવો,
જોવા તમને મારે લેવો ભવ-ભવનો ચકરાવો?
હરી, આવો કાં બોલાવો!

પ્રકાશ પરમાર

સર્જકસમ્પર્ક :

પ્રકાશ પરમાર,

A-301, પારસમણી એપાર્ટમેન્ટ, બેજનવાળા કોમ્પ્લેક્સની પાછળ, તાડવાડી, રાંદેર રોડ, સુરત-395 005

eMail : lightmoonthesir@gmail.com

Mobile : 9925022959

facebook :

https://www.facebook.com/prakash.parmar.942?fref=searh

@@@@@

117-397 : 01-04-2018

# ગીત

– કૃષ્ણ દવે

અનુક્રમણીકા

.1.

બીજું શું કરવાનું સ્કુલમાં?
આખ્ખાયે ધંધામાં રાખવાનું ધ્યાન,
ક્યાંય અત્તર રહી જાય નહીં કુલમાં;
બીજું શું કરવાનું સ્કુલમાં?
ભણવાનાં કારખાનાં ધમધમતાં રાખવાની
આપું બે ચાર તને ટીપ?
માછલીની પાસેથી ઉઘરાવ્યે રાખવાની,
મોતી ભરેલ કંઈક છીપ.
માસુમીયત જોઈ જોઈ લાગણીનું સપનું;
પણ જોજે આવે ન ક્યાંક ભુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં?
સીધેસીધું તો કદી મળવાનું નહીં,
થોડું બેસાડી રાખવાનું બ્હાર;
થનગનતી ઈચ્છાને લાગવું તો જોઈએ
ને કેટલો છે મોટ્ટો વેપાર!
ઉંચે આકાશ કૈંક દેખાડી ડાળ,

પાછું પંખીને કહેવાનું ઝુલ મા.
બીજું શું કરવાનું સ્કુલમાં?
ધારદાર ફતવાઓ પાડવાના બ્હાર
અને ભાષણ પણ કરવાનું લીસ્સું,
અર્જુનને પંખીની આંખ જ દેખાય,
એમ તારે પણ વાલીનું ખીસ્સું.
શીક્ષણ નહીં; ફાઈવસ્ટાર બીલ્ડીંગ,
જરુરી છે સૌથી પ્હેલા તો સંકુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં?

.2.

હાથથી સરી જાય તે સમય, ખોળવા છતાંય કોઈને પાછો ક્યાંય મળે નહીં,
જેમ કે સર્યું નેણથી આંસુ, આંખને ફરી મળવા પાછું ક્યાંય વળે નહીં.
જળનો મળે દેહ ને પાછો ઢાળ ને એમાં વહેવાની એક પળ મળે, તો કોણ ચુકે છે?
આંગળી ઝાલી પ્હાડની જરાક ચાલતા શીખે ઝરણાં, ત્યાં તો દોટ મુકે છે.
રાહ જોતી બે આંખ તો બની જાય છે કાંઠો, તેમ છતાંયે જળની ભીતર
ક્યાંય કશું પણ ખળભળે નહીં; હાથથી સરી જાય તે સમય...
મુળ જો એની મોજમાં આવી જાય, તો કાળા ડુંગરાઓનાં પળમાં લીલાં વાન કરી દે,

ટહુકા આવી, ગામ ગજાવી, ઝાડની નસેનસમાં લીલું ગાન ભરી દે.
તેમ છતાંયે કઈ પળે એક પાંદડું ખરી જાય, અચાનક જીવ લગોલગ હોય;
છતાં પણ ડાળ કળે નહીં; હાથથી સરી જાય તે સમય...

.3.

કોઈનેય નબળા ના ધારીએ.
ઉઠતા અવાજોને અવગણતા રહીએ તો બીજું શું થાય? કદી'ક હારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.
સુરજને મુઠ્ઠીમાં પકડી ફરીએ ને ક્યાંક પુનમની ચાંદની દઝાડે,
પથ્થરને ઓશીકે આંખ મળી જાય; પણ તકીયાઓ રાતને બગાડે,
દાવાનળ થાતાં શી વાર લાગવાની; જેને ચીનગારી સમજી ના ઠારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.
રસ્તો રોકીને કહે આગળ તો કોઈ નથી; તોય કેમ ભાગો છો આપ?
બુલડોઝર ફેરવીને ભુંસી રહ્યા છો તમે, ધુળમાંથી પગલીની છાપ?
કો'ક દીવસ થોભીને પાછળ જોઈએ ને વીતેલા ખુદને સંભારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.
મોજાં ને લોકોનું સરખું છે સાવ, એ તો કાંઠે પણ લાવી ડુબાડે!

વાયુને પળભર તો પકડી શકાય છે, એ પરપોટા સૌને શીખવાડે;
તોફાની દરીયામાં સૌનાં હલ્લેસાંથી સાથે આ હોડી હંકારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.

.4.

ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
પાંચ પાંચ વરસથી પાણી પીવડાવીએ ને તોય સાલા બુઠ્ઠા ઈ બુઠ્ઠા.
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
અમને તો એમ કે આ ડાળખાંને રોપીએ, તે કો'ક દીવસ કોળી તો જાશે;
અમને શું ખ્યાલ કે આ આખ્ખીએ ઘટનામાં માટીને મુંજારો થાશે!
પોતે બળેલાઓ, બીજાનેય બાળે ને છાયડો શું દેતાં'તાં ઠુંઠાં?
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
નવા નક્કોર ઘણાં ટાઈટલ જોયાં, તે થયું આમાંથી કો'ક ગીત ગાશું;
અમને શું ખ્યાલ કે આ સહકારી સ્ટોરમાંય ધોળે દી' છેતરાઈ જાશું!
અંદર તો ઈ ની ઈ ચોપડીયું, ભાઈ ખાલી પુંઠાં બદલાવ્યાં છે પુંઠાં!
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!

અમને તો એમ કે આ રાહતનો માલ છે, તે બધ્ધાને સરખો વ્હેંચાશે,
અમને શું ખ્યાલ કે આ ફાઈસ્ટાર બંગલામાં ફ્હેલવેલો તંબુ ખેંચાશે!
ક્યે છે કે પેલ્લાના ચપટીક ભરતા'તા, તો આ તો ભરે છે સીધા મુઠા.
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!!!

.5.

પગમાં પંક્ચર સો સો, તોયે ભાર ઉંચકવા માટે એબલ બની ગયો છું,
ને ઝીંકાતા ઘાની વચ્ચે આપોઆપ જ અનબ્રેકેબલ બની ગયો છું.
જાણીબુઝી એ લોકોએ સ્ટ્રેટ મને ના વહેવા દીધો,
જાણીબુઝી એ લોકોએ ઓરીજીનલ ના રહેવા દીધો;
ડુપ્લીકેટ બધું મારામાં; છતાં ભરોસો રહે બધાનો એવું લેબલ બની ગયો છું.
કો'ક હૃદયને ચાર્જ કરાવે, કો'ક સ્વપ્નનો બલ્બ જલાવે,
કો'ક હુંફનું હીટર ચલાવે, કો'ક પ્રેમનું મીટર ચલાવે;
ક્યાંક સ્કાયમાં, ક્યાંક ખાઈમાં, ક્યાંક શીશુની ફ્રેશ આઈમાં,
સમ્વેદનને વહેતું રાખે એવો કેબલ બની ગયો છું.
હવે ક્ષણોની સાથે મેં પણ કોમ્પ્રોમાઈઝ કરી લીધું છે,
ને આખું અસ્તીત્વ હવે તો અન્ડરસાઈઝ કરી લીધું છે;

નહીં સહેજ પણ ફાંટ, હવે તો નહીં ખુણો–ખચકાટ,
એટલો કમ્ફર્ટેબલ બની ગયો છું.

.6.

ખીસ્સાં છે, કાતર છે... ને આ બે જ હાથની પેર છે, એય લીલાલ્હેર છે!
દરેકની સાઈઝમાં જો કે નાના-મોટા ફેર છે, એય લીલાલ્હેર છે!
કોઈ કહે છે બધું મજાનું, કર ‘હા જી હા’, કોઈ કહે છે બધું નકામું, કર ‘હા જી હા’,
કોઈ કહે છે બધું બરાબર... કોઈ કહે અંધેર છે, એય લીલાલ્હેર છે!
જલદી જલદી આવ ભાનમાં, કે’વાનું કંઈ બધું કાનમાં, સમજી જા ને બધું સાનમાં;
જલદી કરવા માંડ, ઉંઘમાં આખેઆખું શહેર છે, એય લીલાલ્હેર છે!
અહીં કંઈ જ ના થાતું એવું બોલ નહીં તું, ઉંઘે છે આ ખાતું એવું બોલ નહીં;
તું અરે! જોઈ લે કાગળીયા પર ઘણી બધીયે ન્હેર છે, એય લીલાલ્હેર છે!
હું કે તું, ક્યાં કંઈ કરવાના? એક બીજાથીયે ડરવાના, માણસના નામે મરવાના;
એ જ બધા કંઈ કરી શકે છે, જેની પાસે ‘ચેર' છે, એય લીલાલ્હેર છે!

આણે આનું ખુબ કરેલું, આનું ખીસ્સું ખુબ ભરેલું, આનું ખેતર ખુબ ચરેલું;
એવા તો કીસ્સાઓ મારા ખીસ્સામાં તોંત્તેર છે, એય લીલાલ્હેર છે!

.7.

રહેવા દે, એને હું આખ્ખોયે જાણું છું, આંગળીના ટેરવે નચાવશે;
અંધારી કોટડીમાં સુરજને પકડીને, અજવાળું બ્લેકમાં ખપાવશે!
રહેવા દે, એને હું...
ઉડતા પતંગીયાને રસ્તામાં રોકીને, કહેશે કે લાઈસન્સ આપો,
ફુલોના દરીયામાં વ્હેતો મુકો છો કેમ, ગમ્મે ત્યાં રંગનો તરાપો?
આખ્ખું આકાશ એની મુઠ્ઠીમાં પકડીને, પાંખોના કાયદા છપાવશે!
રહેવા દે, એને હું...
ઈચ્છાની જેમ તું તો ફાલ્યા કરે છે, આમ માળીને દઈદઈને લાંચ;
લીલીછમ આંખોથી નીરાંતે કો'ક દીવસ, ઉગવાના નીયમો તો વાંચ!
જોજે ને પરભાર્યું મુળમાંથી ઝાલીને, વૃક્ષોને સ્ક્વેરફુટ મપાવશે!
રહેવા દે, એને હું...
હોઠો પર હસવાની તંગી વરતાય, એમાં બગડે છે વહીવટની છાપ;
એમાં શું, નાનકડા બાળકના સ્માઈલ પર આજથી જ મુકી દો કાપ!

તમને પણ લાગે છે? એક જ આ એવો છે આગળ જે દેશને
ધપાવશે?
રહેવા દે, એને હું...

.8.

એનું જોબનીયું ફાટ ફાટ થાય છે, ઈ તો મનમાં ને મનમાં
મુંઝાય છે;
એક ફાઈલને સત્તરમું જાય છે!
કેર કાંટો વાગે ને એમ, એના હૈયામાં વાગે છે ટાંકણીનો કાંટો,
મનમોજી બોલપેનું ઉઘડી ઉઘડીને, એને ગમ્મે ત્યાં ઉડાડે છાંટો;
આવી ઉમ્મરમાં આવું તો થાય છે, કોણ ક્યે છે કે છેડતી કરાય
છે?
એક ફાઈલને સત્તરમું જાય છે!
કો'ક દીવસ ઉઘડી એ અંગડાઈ લઈ લ્યે, તો જોનારા થઈ જાતા
આભા!
પ્રેમમાં જુવાનીયાઓ હોય ઈ તો સમજ્યા; પણ અહીંયાં તો
નીકળે છે ભાભા!
કેવા કેવા લવલેટર પકડાય છે? આખું ઓફીસીયું ગામ ગાંડું
થાય છે!
એક ફાઈલને સત્તરમું જાય છે!
આંબાની ડાળ જેમ કેરી ઝુલે ને એમ અંગેઅંગ ઝુલે છે ક્વેરી,
એકા'દું પગલું એ ભરવા માંગે ને ત્યાં તો આડા ઉતરે છે એના
વેરી;

એક માણસનું તળીયું ઘસાય છે, એક પથ્થરમાં ડુસકું અથડાય છે;
એનું જોબનીયું ફાટ ફાટ થાય છે, ઈ તો મનમાં ને મનમાં મુંઝાય છે.
એક ફાઈલને સત્તરમું જાય છે!

.9.

સમય નામના ઘાટ ઉપર, સમ્બન્ધોના લીસ્સા પથ્થર પર;
ધોવાના બહાના હેઠળ પીટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે?
શેરી વચ્ચે ખુલ્લમ્ ખુલ્લા બાળક જેવી રમત રમીને, ગોળ કુંડાળે,
શોધી કાઢી તાકીને ઈંટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે?
વારવારના વાર કરી દે, કટકા એક હજાર કરી દે;
કો'ક જુએ ને કો'ક ખરીદે, ના માંગો એ ફરી ફરી દે;
અને છતાંયે નહીં ખપેલા કાપડના તાકાની માફક,
ફરી ફરી વીંટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે?
વાઢે, કાઢે રસ ને બાળે; બાળી, બાળી ફરી ઉકાળે;
પછી નીરાંતે ઠારે, ગાળે, સઘળાં બેસી એક કુંડાળે;
એ મહેફીલમાં વારે વારે પ્યાલાઓમાં –
ભરી ભરી ઢીંચાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે?
હતી અડાબીડ ડાળો, વચ્ચે એક હતો ત્યાં માળો, પાછો એય હુંફાળો;
એમાં પહેલી-વહેલી પાંપણ ખોલી નજર કરીને

આભ જોઈને પાંખ ફુટી ને પળમાં તો ઉડે એ પહેલાં;
તીણાં તીણાં ન્હોર વડે પીંખાતો માણસ, મેં જોયો છે; તેં જોયો
છે?
ટીપી ટીપી ઘાટ ઘડાવે, ઉપર પાણી ખુબ ચડાવે,
ઘસી ઘસીને ધાર કઢાવે, હાથા એના કંઈક બનાવે;
આખેઆખી જાત છુપાવી, લાગ જોઈને વાર કરે ને
પછી ખચાખચ્ માણસ પર ઝીંકાતો માણસ, મેં જોયો છે; તેં
જોયો છે?

.10.

આ સુગન્ધી ગગનના હર પુષ્પની પાંખે લખીને, એક બાવળની
કથા વ્હેતી મુકું;
વ્હેતી મુકું આ અક્ષરોની હોડીઓમાં, રીક્ત કાગળની કથા વ્હેતી
મુકું.
પથ્થરોનાં વૃક્ષ જ્યાં ઉગી પળેપળ પાંગરે,
ને એક ડામરના કુંફાડે ધુળ પણ જ્યાં થરથરે;
એ નગરના રેતના એકેક જણના કંઠમાં,
જળની કથા વ્હેતી મુકું.
જે સતત ધરબાય છે, આ કાળના પેટાળમાં;
એ જ બસ, ઉપસી શકે પર્વત બની આ ઢાળમાં;
ને સતત આકાશને પડકારતાં ઉન્નત શીખરના કાનમાં,
તળની કથા વ્હેતી મુકું.
કોઈ પણ કારણ વગર એ મન મુકી વરસી પડે,
ને વળી એકાદ પળમાં ક્યાંય ના શોધ્યું જડે!

આપણી વચ્ચે થતા દેખાવના વ્યવહારની આંખો સમક્ષ,
વીરક્ત વાદળની કથા વ્હેતી મુકું.
જોરથી ઝીંકાય જે કંઈ જાત પર, એનેય પાછા હુંફથી જે ભીંજવે;
એ સંતના પર્યાય વૃક્ષોના કદીયે અંત ક્યાંથી સંભવે?
લ્યો, કુહાડાની ચમકતી ધાર પર આ પાંગરેલી,
એક કુંપળની કથા વ્હેતી મુકું.

.11.

સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી ડુબે છે દરીયાનાં મોજાંમાં, કો'ક વળી ખાબકે છે ખાઈમાં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી વાંકો થઈ જુએ છે ખુદને; પણ ડાળને તો મુળ છે તે ઝુકે?
વળગીને વ્હાલ કરે નમણી બે વેલ, એમાં ઝાડ એના ફોટા ના મુકે.
કો'કને તો ખીણ આખી જોઈએ છે ક્લીકમાં, તે લટકી પડે છે એની ટ્રાઈમાં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી પોતાનો ચહેરો જુએ છે ને એમાં રહે છે ગળાડુબ,
કો'ક વળી પોતાનો પડછાયો પક્કડવા કરતો રહે છે ઉડાઉડ;
કો'ક વળી છાપાના હેડીંગમાં લપસે, તો કો'ક વળી કેપીટલ 'આઈ'માં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં! ! !

# કૃષ્ણ દવે

સર્જક–સમ્પર્ક :

A-20, Adarshnagar, Opp. NarayanKrupa Banglows,

BOPAL-GHUMA, Amdavad- 380 058

Phone : 02717-233 125

Mobile: 94265 63388

eMail : kavikrushnadave@gmail.com AND krushnadave@yahoo.co.in

@@@@@

118-400 : 13-05-2018

# કવીતા

– સરયુ પરીખ

અનુક્રમણીકા

.1.

## આત્મહંસ

આત્મ–હંસની અનેરી આ ઉન્નત ઉડાન,
ના સત્ય કે અસત્ય, સહજ આનંદ ઉજાસ.
શુભ્ર માનસમાં છાયે પેલું નીલું આકાશ,
હું જાણું, મનઃશાંતી મારા અંતરની પાસ.
દેવ સુરજને અણસારે જાગૃત સભાન,
શ્વેત હંસ ધીરે ફફડાવે, વીસ્તારે પાંખ.
ભરે શ્રદ્ધાથી ફાળ થનક નર્તન ને ગાન,
તેજ આશા કીરણ ચમક આંજે રે આંખ.
એની આગવી અદાથી હંસ અર્પે છે શ્લોક,
એની પાંખો ફેલાવી આલીંગે અવલોક.
પ્રાર્થના સમર્પણ કૃપા શક્તીનો કોષ,
ના સમય તણી રેખા, અલૌકીક આગોશ.
આ ક્ષણમાં જે જીવ્યા તે એ જ અમરકાળ,
ના ભુત કે ભવીષ્ય, આ પળ, અનંતકાળ.

.2.

## પ્રમાણ

એક રજકણ હું, શીખર સર કરી શકી!
પવન પાંખે પછડાતી, વીખરાતી ને તોય,
સુરજ સાખે હું ગગને સરી શકી!
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
સુખ આસનને એક કોર ઠેલી,
નર્મ ફુલોની સેજને સંકેલી,
તોડી પીંજર ને સ્વૈરીતા બની શકી!
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
મારે જાણવી'તી ગુહ્ય–ગહન વાત,
તૃષીત ચાતકને બુંદોની પ્યાસ.
જ્ઞાન–વર્ષા ગુરુની ઝીલી શકી,
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
ધર્મ-કર્મ વળી સ્વજનોનો સાથ,
ચીત્તશાન્તી ઉલ્લાસ ને વીશ્વાસ.
તૃપ્ત અંતર એકાંતમાં હસી શકી,
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.

.3.

## ઉર્મીલ સંચાર

આવી એક ચીઠ્ઠી, મેં મોતીએ વધાવી,
લીટીના લખાણે મેં આરસી મઢાવી.
જત કાગળ લઈ લખવાને બેઠી,

મારી યાદોને અક્ષરમાં ગોઠવી.
આજ અવનીને સાગરની રાહ,
લહેર આવે, આવે ને ફરી જાય.
રુપ ચાંદનીને આમંત્રી બેઠી,
મારી યાદોને રેતીમાં ગોઠવી.
મારી ધડકનને પગરવની જાણ,
નહીં ઉથાપે એ મીઠેરી આણ.
કુંણા કાળજામાં હઠ લઈને બેઠી,
મારી યાદોને નયણામાં ગોઠવી.
સુના સરવરમાં ઉર્મીલ સંચાર,
કાંઠે કેસુડાનો ટીખળી અણસાર.
ખર્યાં ફુલોને લઈને હું બેઠી,
મારી યાદોને વેણીમાં ગોઠવી.
મારા કેશ તારા હાથની કુમાશ,
ઝીણી આછેરી ટીલડીની આશ.
શુભ સ્વસ્તીક ને કંકુ લઈ બેઠી
મારી યાદોને આરતીમાં ગોઠવી.

.4.

## એક વેંત ઉંચી

અસુખ અડકે ના મારે અંતરે.
જીવન ઝંઝાળ-જાળ જગત રે,
ઉડતી રહું એક વેંત ઉંચી કે,
નીચે સમયની સરતી સેર રે.

સરખા ઉજાસ મારે આંગણે,
નહીં રે પડછાયા મારી પાંપણે,
પહેલાં આપીને લીધું આપણે,
છોડીને સ્વાર્થ દહર બારણે.
વટને વેર્યું રે ઉભી વાટમાં,
સદ્ભાવે હળીમળી વાસમાં,
ઈશના અનેક રુપ રાસમાં,
એક એક શ્વાસ એના પ્રાસમાં.
ક્ષણ ક્ષણનાં સ્પંદનો સુગંધમાં,
નવલ નવાં સર્જન શર બુંદમાં.
છો, પહેરી ઓઢી ફરું વૃંદમાં,
એકલી મલપતી મનોકુંજમાં.

.5.

નીમીત્તમાત્ર

કર્યાં કર્મોને ટેરવે ગણાવે,
કરી મદદોને માનદ મનાવે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.
ઉપકારોની આરતી ઘુમાવે,
આપ મોહરાંની મુરત બેસાડે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.
હું હુલામણાને હરખે પોંખાવે,
ને ફરી ફરી ફાલકે ચડાવે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.

તેની કરુણા, ને હું એક સાધન,
સર્વ સેવામાં સહજતાનું સૌજ્જન,
તો શુન્ય પણ અમુલ્ય બની જાય.
ઘણાં જન્મ, વંશ, અંશના સુપાત્ર,
ભાગ્યયોગે દેવત્વ નીમીત્તમાત્ર,
શુભ કાર્ય તે અતુલ્ય કરી જાય.

**.6.**

## કલ્પના અને હકીકત

આવે મદમાતી મારા સપનાની રાણી,
માને કહેલું, મારી લાગણીઓ જાણી;
હાથ જ્યારે માંગુ, ઉમંગે આપતી,
સાથ જ્યારે ચાહું, સંગાથે ચાલતી...
દીવાના તેજ સમી ઓરડો ઉજાળતી,
હૈયું મીલાવી મારી આરતી ઉતારતી;
ફુલોનો હીંચકો ને પાપણ પલકારતી,
તીરછી નજરથી એ મુજને ઝુલાવતી...
ચોતરફ તારલા ને ઝરમરતી ચાંદની,
મંજુલ મધુર વાત રુમઝુમતી રાતની;
મેઘધનુષ રંગોના મનરથનો સારથી.
હોંશે બીરાજે મારી મોહીની માનથી...
મનમોજે રાચું રુડી કલ્પનની ક્યારી,
રકઝક ના કોઈ, મારું ધાર્યું કરનારી;

મનગમતી વાર્તામાં, મનહરતી નારી,
હકીકતની છોરીથી સાવ જ એ ન્યારી.

.7.

સ્વપ્નાંનો સાયબો

મારી કલમ અને કલ્પનાની સ્યાહી,
મારી મરજી પેઠે ચાલે કહાણી.
વાંસળી વગાડી મને પ્રીયતમ બોલાવે,
જો હું ના માનું, મને અવનવ  મનાવે.
લલીત લતા ઝુલે હળવે હીંચોળે,
માધુરી માળા મારા કેશમાં પરોવે...
મારી કલાને એ હરદમ વખાણે,
થોડું કરું તોયે બહુ કર્યું માને;
મુજને શું ગમશે તે વણબોલે જાણે,
આપે અચંભો મને રુચતું લઈ આણે...
મારા એક આંસુની કીંમત પીછાણે,
મીઠું હસીને વળી માફી એ માગે;
સપનાનો સાયબો મીતભાષી પ્યારો,
હકીકતના છોરાથી સાવ જ એ ન્યારો...

.8.

સદા વહેતી

ઉજમ નીરને નીહાળું એક ધ્યાન,
વચ્ચે છલછલ નીર્જરતી છલકાર;

સદા વહેતી નદીની આ વાત...
જીવન માયામાં ભ્રામક વીશ્વાસ,
વળી અકળાવે અસ્થીર આ શ્વાસ;
સદા વહેતા સંબંધોની વાત...
મારા સુખનાં સોણાંનો આ લોક,
ભુલભુલૈયામાં ભમતો આલોક;
સદા વહેતા સમયની આ વાત...
દીલ ધડકન ને નવનવ એ હેત,
છબી ફરતી જ્યમ સરતી રે રેત,
સદા વહેતા સ્પંદનની આ વાત...
છુપી અંતરમાં દીવ્યતા અપાર,
તેજપુંજ ઝીણી રેખાને પાર,
સદા વહેતી ઉર્જાની આ વાત...

.9.

## કુંપળ

કરમાતી વાસંતી વેલ, હાય! મારી ધીરજ ખુટી.
જીવન ને મૃત્યુના ઝોલામાં, હાશ! આજ કુંપળ ફુટી.
ઓચીંતા એક દીન દીઠી, ને મરડીને યાદ મીઠી ઉઠી,
વાવેલી બાપુએ જતનથી, ને વીરાએ નીરથી સીંચેલી.

કોમળ કલાઈથી ઝુલાવી, ફુલો હું વીણતી ગુલાબી,
અદકા આનંદથી ગુંથેલી, તરસુ પળ પામવા વીતેલી.

કાળજી કરીને એને કાપી,
એક ભાવેણી ભગીનીએ આપી.
વાવી, વીલસી, પણ શીશીરે સતાવી,
મુંજાતી શરમાતી જાય એ સુકાતી.
પણ આજ,
પ્રીતમના મોંઘેરા વેણ સમી,
હાશ! નવી કુંપળ ફુટી.

.10.

મધુમાલતી ને હું

મધુમાલતી મહોરી મારા આંગણામાં આજ,
એના મસ્તાના રંગ ભરે મૈયરની યાદ.
કંઈ વર્ષો પહેલાની સવાર એ હતી,
ત્યાં એકલી અટુલી ગુલતાન હું હતી.

લીલી ચાદરમાં બેઠી ચુપચાપ એ કળી,
એને જલ્દી ખીલવાની ના ઝંખના હતી.
સમીર લ્હેરખી કહીંથી એને સ્પર્શી ગઈ,
એના બહેકાવે હળુ હળુ ખીલતી ગઈ.

સહજ શૃંગારે ફુલગુલાબી શોભતી રહી,
કળી શ્વેત ને ગુલાબી મીઠું મલકી રહી.
લાલ ચુંદડી ઓઢીને રમણ રમતી રહી.
ઘેરા લાલ ચટક રંગમાં એ હસતી રહી.

એવી મધુમાલતી મગન ઝુલી ફરી,
પ્રથમ શ્વેત ને ગુલાબી પછી લાલી ભરી.
હવે ધીમે ધીમે લાલ રંગ તજતી હતી,
સૌમ્ય સંધ્યાના રંગોમાં ભળતી હતી.

## .11.

## અનુતાપ

સપ્તપદીની વેદી ઝળહળ તું ત્યાં ફેરા ફરતો,
નવજીવનની વચન ઉક્તીઓ કોની સાથે કરતો.
સાક્ષી થઈને, અહીંયાં બેસી, આપું મુંગાં વચનો,
શબ્દહીન પડઘા હૈયાના, કેમ નથી સાંભળતો?
હજીય ગુંજે દ્વાર ટકોરા, પ્રીત તણા ભણકારા,
સાથ હાથમાં દીલ લાવેલો, સ્વપ્નાંના અણસારા.
અરમાનોના અમી છાંટણાં, ક્ષુબ્ધ બની મેં ઠેલ્યાં,
જતો જોઈ ના રોક્યો પ્રેમે, અધરો મેં ના ખોલ્યા.
સાત સાત પગલાંઓ સાથે દુર દુર તું જાયે,
ભરી સભામાં આજે મારી રુહમાં ગહન સમાયે.
અછડતી તુજ નજર ફરીને ક્ષણભર તો રોકાયે,
પસ્તાવાના ખંજન પર અંગત ગંઠન બંધાયે.
મંગલમય આ મહેરામણમાં એકલવાયું લાગે,
હીબકાં ભરતું મનડું મારું, તારી સંગત માંગે.

## .12.

## રંગીલી કમાન

વાદળ પાછળ ચાંદ છુપાયો, પત્તા પાછળ ડાળ,
રીસ ભરેલા ચહેરા પાછળ નયણાં બે પ્રેમાળ.
અનેક ભાવ ભરેલું અંતર, અણજાણ્યા ઘુઘવાટ,
દરીયા કરતાં વીશાળ એમાં ઉમટે વમળ વીરાટ.
ઘડી ગોઠવી મગજ બનાવ્યું, અપાર વાંક–વળાંક,
કવીતાની સરવાણી સાથે ગણતું દુષ્કર આંક.
હાથ લંબાવી જાઉં પકડવા, રુપ છુપાયું પાર,
એક બાજુ જે કાચ બતાવે બીજી તરફ આભાસ.
રમતું અમથું એક ટીપું ને સુર્ય કીરણની શાન,
અચરજ! તેમાં મેઘધનુની રંગીલી કમાન.
સહજ સુકેલા બીજ જોઈને ફેંકે સમજી વ્યર્થ,
દૃશ્ય દેખીને તથ્ય તારવે, સત્ય ન હો એ અર્થ.

સરયુ પરીખ

સરયુ પરીખનાં પ્રકાશીત પુસ્તકો:

1. ‘નીતરતી સાંજ Essence of eve’

2. ‘આંસુમાં સ્મીત Smile in Tears’

(ગુજરાતી અને અંગ્રેજીમાં કાવ્યો, સત્યકથાઓ અને દીલીપ પરીખનાં ચીત્રો.)

3. ‘Moist Petals’

4. 'Flutter of Wings' Poetic novels in English

5. 'મંત્ર' કાવ્યસંગ્રહ (થોડા જ સમયમાં પ્રકાશીત થશે.)

સર્જકસમ્પર્ક :

Mrs. Saryu Parikh,

13221 Mesa Verde Dr., Austin, Texas-78737-USA

eMail : saryuparikh@yahoo.com

Blog : https://saryu.wordpress.com

Phone - 512-712-5170

Amazon.com : Saryu Parikh : Books

@@@@@

119-403 : 24-06-2018

# ગઝલ

– મેહુલ એ. ભટ્ટ

અનુક્રમણીકા

.1.

ન આદીલ થવાયું, ન ઘાયલ થવાયું,
ફક્ત એક ટોળામાં સામીલ થવાયું.

છે દાનતની બાબતમાં હાલત લટકતી,
ન વલ્કલ થવાયું, ન મલમલ થવાયું!

સદા કશ્મકશમાં રહે માંહ્યલો, દોસ્ત,
ન કાશી થવાયું, ન ચંબલ થવાયું!

ડહાપણનું ટીલું કપાળે કર્યું'તું,
કોઈનીય પાછળ ન પાગલ થવાયું!

સદા એક અફસોસ રહેશે જીવનમાં,
ન 'હા' પાડવામાં મુસલસલ થવાયું!

ભર્યું ત્યાં સુધી તો અધુરા રહ્યા; પણ
કરી મનને ખાલી છલોછલ થવાયું!

આ છાતી વચોવચ છે રજવાડું રણનું,
મળ્યું નામ, ક્યાં તોય 'મેહુલ' થવાયું?

.2.

થોડુંકેય ક્યાં અંતર છે 'હું ને તું'ની વચ્ચે,
બસ મનના રચેલા સ્તર છે, 'હું ને તું'ની વચ્ચે.

ના એકલો 'હું' કૈં છે, ના એકલો 'તું' કૈં છે,
હો 'આપણે' તો બ્હેતર છે, 'હું ને તું'ની વચ્ચે.

તું ગામ તરફ ખેંચે, હું સીમ તરફ ખેંચું;
સુનસાન પડેલું ઘર છે, 'હું ને તું'ની વચ્ચે.

જળ-થળ-હવા-અગ્ની ને આકાશ મળ્યાં સરખાં,
કઈ બાબતની ટક્કર છે, 'હું ને તું'ની વચ્ચે?

થોડુંક તું ઓળંગે, થોડું હુંય ઓળંગું;
કૈલાસનું ક્યાં શીખર છે, 'હું ને તું'ની વચ્ચે!

.3.

મનખે-મનખે નોખી રામાયણ અહીં,
રામના વેશે મળે રાવણ અહીં!

જાણ પણ થાતી નથી કે શાહુકાર,
કઈ પળે થઈ જાય છે માગણ અહીં!

બે'ક ડગલાં ચાલતાં શીખે અને
રક્ત ભુલી જાય છે ધાવણ અહીં!

એની ઓફરમાં તમે શું ખાટશો?
જળની સાથે ફ્રી મળે છે રણ અહીં!

પી ગયો છે એ કવીતા ઘુંટડો'ક,
ત્યારથી મળતો નથી એ જણ અહીં!

**.4.**

રાત–દી' - વરસોવરસ - આઠે પ્રહર,
કરગરું છું, યાદ તું આવ્યા ન કર.

મારો સુરજ - મારું ઘર - મારી સફર
છે છતાં મારાં નથી તારા વગર!

વાવ, આજે પણ સજળ છે, છે ભલે;
છાતીમાં રણ ને ઉપર તડકો પ્રખર!

રસ્તા, ચ્હેરા, ઘર ને તું છે આંખમાં
દીવી, છેટું તો'ય કાં તારું નગર!

દુર લગ રણ, રણ અને રણ છે છતાં;
આર્દ્ર આંખો, આર્દ્ર હૈયું, આર્દ્ર સ્વર!

**.5.**

ટીલાં ભુંસ્યાં, કાઢી માળા,
તોડીને ખોલીશું તાળાં.

ગરજી-ગરજી ગજવે છે, પણ
કૈં બોલે નૈ કરવાવાળા.

આજે મારો, કાલે તારો,
વારાફરતી આવે ગાળા.

સાવ સરળ ઓળખ દ્વેષીની,
દીલ, શબ્દો ને પગલાં કાળાં.

માથું ધોળું, ગાલે ખાડા;
તો પણ ક્યાં ભુલે છે ચાળા!

**.6.**

સંવાદનો વળી આ તલસાટ કેમ છે?
રસ્તા રહ્યા નથી, તો હવે વાટ કેમ છે?

વાદળ વગરનું આભ, ન ઠેકાણું વીજનું,
આજે પવનમાં આટલો ઉકળાટ કેમ છે?

મન કલ્પના જ ના કરે, એ ઘાટ તો ઘડ્યા;
તો પાંખ કાપવામાં આ ખચકાટ કેમ છે?

ફાડ્યો છે છેડો ડાળથી માળાએ આજ શું?
પંખીની ચાંચ-પાંખમાં ફફડાટ કેમ છે?

છે ભીંત આસપાસ, ને પાટો છે આંખ પર;
તો આરપાર જોવાનો રઘવાટ કેમ છે?

.7.

ચાલવા માટે અહીં ક્યાં માર્ગ છે?
દોડ–સ્પર્ધાનાં બધે મેદાન છે!

પાટીયાં પણ આવે છે રસ્તા ઉપર,
'ક્યાં જવું છે'નું મગજને ભાન છે?

એ જ કરશે વાત મોટી કોક દી',
જીભ નહીં; પણ જેના મોટા કાન છે.

મારા સંદેશા મહેકે, કેમ કે
ટેરવે મારા મજાનો બાગ છે!

ભીંસ પડતાં શસ્ત્રને છોડી દીધું,
ઓહ! તારો ખુબ મોટો ત્યાગ છે!

.8.

દુનીયા, હું પોતે અને તારો અભાવ-
રોજ દીલ પર ત્રેવડી ચાલે કટાર!

ઓરડે, કાં આંગણે, કાં ગઝલોમાં,
લઈ સમય, તું ક્યાંક તો ક્યારેક આવ!

સ્નેહમાં પણ થાય છે શું ગોલમાલ?
ઉદભવે છે  ક્યાંક ને વીકસે છે ક્યાંક!

પાને-પાને ઝુરવાની વાત છે,
વારતામાં ક્યાંય ના આવ્યો વળાંક!

.9.

આ પેન ગોથાં ખાય છે, બેસો ઘડીક વાર;
'મેહુલ', બફાટ થાય છે, બેસો ઘડીક વાર.

ભીતરજી, માંડ માંડ તો આવ્યા છો લાગમાં,
થોડું તરત જવાય છે! બેસો ઘડીક વાર.

હે ઘટનાખોર નયનો, અધીરાં થશો નહીં;
ઘટના હજી બફાય છે, બેસો ઘડીક વાર.

તમનેય રાજી કરવા છે, ખોટાં વખાણથી;
પણ જીભ થોથવાય છે, બેસો ઘડીક વાર.

આમ જ અલપઝલપ તમે આવો ને જાવ તો;
બીજામાં ધ્યાન જાય છે, બેસો ઘડીક વાર.

## .10.

સ્વપ્ન પાછળ આયખું ખર્ચી શકું,
ધારું તો હું ઝાંઝવાં પણ પી શકું.

એ ભલે બદલ્યા કરે આબોહવા,
હું અચળ છું, રંગ ને બદલી શકું.

આ તો એની આંખ સઘળું બોલે છે,
ના લખ્યું હો' એય હું વાંચી શકું.

લાગણીને બાંધવી જો હોત તો
સાવ કાચા દોરથી બાંધી શકું.

દુશ્મનોને રોજ ક્યાં જઈ શોધવા?
દોસ્તની પણ આંખમાં ખટકી શકું.

## .11.

આંખોની સામે રક્તથી લથબથ કફન હતું,
માનવરુપી એ દૈત્યોનું ધનમાં જ મન હતું!

થઈ છે ખુવારી બેઉ પક્ષે વ્યર્થમાં જ તો,
કોના વીચારે એમનું હસતું વદન હતું?

રસ્તા ઘણા એના સુધી પ્હોંચી જવા હતા,
પણ એકબીજા સાથે, ક્યાં કૈં સંકલન હતું?

તપ-ધ્યાન-જપથી ડામતી વખતે જ જ્ઞાન થ્યું,
ઈચ્છાનું ઈચ્છામાં જ તો સાચું શમન હતું!

આવ્યા'તા મળવા તો એ આંખોમાં દમામ લઈ,
તો પાંપણે દડતું'તું એ કોનું નમન હતું?

.12.

જીભ લાંબી ને શ્રવણનાં ટુંકાં લોલ,
વાત કોડીની ને શબ્દો બુઠ્ઠા લોલ!

પર્વતોનાં ચીત્રો દોરી કાગળે
પામતા સંતોષ મનનાં લુલા લોલ!

સાવ સુકુંભઠ કવીત છે તળ લગી,
રંગથી કીધાં છે લીલાં ઠુંઠાં લોલ!

પેન પર સ્થાપીત કરેલા ભાવભ્રમ,
એક ટપલી સત્યથી થ્યા ભુકા લોલ!

રેશમી ઝભ્ભા ને ગંજી ફાટલી,
ભપકા ભારે ને છે ખાલી ગુંજાં લોલ!

મેહુલ એ. ભટ્ટ,

(શ્રવણમંદ બાળકોના શીક્ષક)

12/A, ક્રીશ્નકૃપા સોસાયટી, પીપળી સામે, મુન્દ્રા રોડ,

અંતરજાળ, આદીપુર(કચ્છ)

Mobile : 94279 76732 / 79840 23870

eMail : bhattma123@gmail.com

FaceBook : https://www.facebook.com/mehul.bhatt.5

@@@@@

120-406 : 05-08-2018

# ગઝલ

– નીલેશ પટેલ

અનુક્રમણીકા

.1.

કોઈના પડછાયામાં ફરતો નથી,
હું ખુમારી વેડફી શકતો નથી.

જાતમાં ઝળહળ બધું જોઈ લીધું,
બહાર ખાંખાંખોળા કંઈ કરતો નથી.

ઝાડની વચ્ચે જ બેઠાં પંખીઓ,
ટોચ પર કંઈ છાંયડો મળતો નથી.

નમ્રતા નમવાની જેને આવડે,
એમનો પડછાયો પણ ખરતો નથી.

બહુ સુખી છું, એનું કારણ એ જ છે;
માથા પર મોટાઈ લઈ ફરતો નથી.

એવું અંદર કંઈ ઉમેરાઈ ગયું,
એ પછીથી એકલો પડતો નથી.

.2.

આફતોએ બહુ પછાડ્યો છે મને,
પણ દીલાસાએ જીવાડ્યો છે મને.

સહેજ અજવાળું પ્રવેશ્યું જાતમાં,
દ્વારની માફક ઉઘાડ્યો છે મને.

જાત કાગળની હતી તો થાય શું?
જેમ ફાવે એમ ફાડ્યો છે મને.

તારા પ્રોત્સાહનની આ તાકાત છે,
હું પડ્યો જ્યારે, ઉપાડ્યો છે મને.

કંઈ વધારાની અપેક્ષાઓમાં રોજ,
એમ લાગે કે ખુટાડ્યો છે મને.

.3.

બહાર ભટકી એટલું સમજાયું છે,
આપણી ભીતર ઘણું સચવાયું છે.

શ્રેષ્ઠ માણસ માને છે એને બધા,
પણ મને મૃગજળ સમું દેખાયું છે.

એ બધા ચળકાટ પાછળ દોડે છે,
સાચું અજવાળું જ ક્યાં દેખાયું છે?

જ્યારથી ખટપટ બધી મુકી દીધી,
જીવવા જેવું પછી જીવાયું છે.

રોજ ઘરનું દ્વાર ખોલો છો તમે,
દ્વાર માફક શું હૃદય ખોલાયું છે?

કેટલી તોફાની છે એની નજર,
છેક અંદરથી બધું છલકાયું છે.

.4.

તને મળવું લાગે તીરસ્કાર જેવું,
ત્યજી નાખ મનથી અહંકાર જેવું.

અભરખા હટાવો ને સુખને સજાવો,
જીવન લાગશે ત્યારે દમદાર જેવું.

નીજાનંદની જ્યારે મસ્તી માણી,
હવે બહાર લાગે છે બેકાર જેવું.

નીયમ બહુ સરળ રાખવાના બને તો,
કે બીજાને લાગે નહીં ભાર જેવું.

મળ્યા ના મળ્યા ને ત્યાં છુટાં પડ્યાં,
નહીં ફાવે આપણને આ પ્યાર જેવું.

સતત લખતાં રહેવામાં આ ફાયદો છે,
હૃદયમાં ન પથરાય સુનકાર જેવું.

.5.

એમ લાગે કે અટકવા જેવું છે,
મન કહે એ રસ્તે વળવા જેવું છે.

રોજના લોહી ઉકાળા ના ગમે,
કંઈ નીવારણ આનું કરવા જેવું છે.

આગવા અંદાજથી આપે સલાહ,
સાલું આ માણસથી બચવા જેવું છે.

એ બધું આફતમાં નક્કી થાય છે,
હટવા જેવું છે કે ટકવા જેવું છે.

.6.

સમસ્યા અહીં રોજ સર્જાય છે, દોસ્ત,
તો પણ સાવ બીન્દાસ જીવાય છે, દોસ્ત.

સહજ સમજે તો વાત લંબાવું આગળ,
નહીંતર એ મારામાં સચવાય છે, દોસ્ત.

મને દીલ સુધી આવવા નહોતો દીધો,
એ લોકોને મારી ફીકર થાય છે, દોસ્ત.

થયો થાકનો બહુ ભયંકર અનુભવ,
તણખલાનો પણ ભાર વર્તાય છે, દોસ્ત.

અરીસો ને તારી ગઝલ એક સરખા,
ઘણું બેઉમાં સ્પષ્ટ દેખાય છે, દોસ્ત.

.7.

નબળાઈ ટુંકી રીતથી ઢંકાઈ જાય છે,
બીજાના જોરથી ઘણા ઉંચકાઈ જાય છે.

સ્પર્ધા કરીને શ્રદ્ધા ગુમાવી દીધી છે તેં,
તારામાં તેથી ચીંતા ઉમેરાઈ જાય છે.

ફોરમ ફુલોની દુર સુધી વીસ્તરી ઉઠે,
માણસની ખ્યાતી એ રીતે ફેલાઈ જાય છે.

વરસાદમાં તું છત્રી લઈ નીકળી પડ્યો,
પણ આંસુઓથી રોજ તું ભીંજાઈ જાય છે.

પીડા ને શ્વાસની રહે ઉરમાં અવર–જવર,
કાયમ હૃદયમાં પીડા જ રોકાઈ જાય છે.

.8.

કોઈના પગમાં તું પથરાઈ ન જા,
છે મને ડર, ક્યાંક અટવાઈ ન જા.

www.gujaratilexicon.com

જીભ પણ આરામ ઈચ્છે છે હવે,
એટલું બોલીને ખર્ચાઈ ન જા.

એક સરખો જોવા ઝંખું છું તને,
જ્યારે આવે ત્યારે બદલાઈ ન જા.

આપણું સરનામું પણ દુ:ખ પાસે છે,
સુખ મળ્યું છે હમણાં હરખાઈ ન જા.

કાંકરા સરખુંય થોડું સ્થાન રાખ,
ધુળ માફક સાવ ઉંચકાઈ ન જા.

બારી પર તડકો કહે અંધારને,
ચાર ભીંતો વચ્ચે સંતાઈ ન જા.

.9.

બધાને નમસ્કાર કરવા પડે છે,
સમય પર ઈરાદા બદલવા પડે છે.

અહીં સારા માણસની છે છાપ જેની,
વધારે તો એને સમજવા પડે છે.

હતા છત્રી સરખા જ ઉપકાર બે ત્રણ,
ગગન સરખા બદલા ચુકવવા પડે છે.

નીયમમાં ન જીવાય કાયમ અહીંયાં,
ઘણીવાર મુલ્યો બદલવાં પડે છે.

ઘણાને સરળતાથી અઢળક મળી જાય,
ઘણાને ખુણા ખુંદી વળવા પડે છે.

.10.

દર્દનો જ્યારે વધારો થઈ જશે,
તારું આશ્વાસન સહારો થઈ જશે.

એક દીવા સરખી નાની યાદ પણ,
લાગે છે, દીલમાં સીતારો થઈ જશે.

કોઈની આંખે ચડ્યા તો શું થયું?
સહેજ હીમ્મતમાં વધારો થઈ જશે.

આમ તું સંકટમાં શરણાગતી ન લે,
ભીતરે કાયમ ઉતારો થઈ જશે.

આફતો અડફેટમાં લઈ લો મને,
એ બહાને કંઈ સુધારો થઈ જશે.

નીલેશ પટેલ

કવીનું પ્રકાશીત સર્જન: ‘આગ પર અક્ષર લખીએ’ (ગઝલસંગ્રહ), પ્રકાશન વર્ષ : ૨૦૧૨, મુલ્ય : ૬૦ રુપીયા. પ્રકાશક: પોતે, પ્રાપ્તી સ્થાન : નીચેને સરનામે :-

કવીસમ્પર્ક:

શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ–ઓલપાડ રોડ, મુકામ : પરીઆ, પોસ્ટ : સાયણ, તાલુકો : ઓલપાડ, જીલ્લો : સુરત–394130, મોબાઈલ : 99096 32291

eMail: patelnilesh9996@gmail.com

@@@@@

## કાવ્ય–ગઝલપ્રેમી સૌ વાચકોને અમારા ‘ગઝલપુર્વક’ નમસ્કાર



**1st April, 2019**